श्री गिरिनारायण ज्ञातिनी उत्पति तथा इति

શ્રી કચ્છી ગિ. ત્રિ. મં. તરફથી ભેટ

श्रीराधादामोदरौ विजयेतान्तमाम् ॥

श्रीगिरिनारायण ज्ञातिनी उत्पत्ति.

લેખક,

વે. શા. સં. શુક્લ જીવરામ દુર્લભજી

તથા

श्रीगिरिनारायण ज्ञातिनी उन्नति.

લેખક,

રા. માધવજી મોતીરામ વ્યાસ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી કચ્છી ગિરિનારાયણ હિતવર્ધક મંડળ

તરફથી

ખટાઊ વલ્લભજી જોષી.

મુંબઈ.

અમદાવાદ

ધી ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે

છાપ્યું. પાંચકુવા ચાર રસ્તા.

પ્રત ૧૦૦૦. સં. ૧૯૭૩. અમૂલ્ય.

कर्तव्य मीमांसा.

ये भूमौ नरजन्म दुर्लभतरं सम्प्राप्य वै मानवाः
स्वज्ञात्युद्भवबन्धुवर्गहितमाकाङ्क्षन्ति भक्त्या न चेत् ।
औदास्यं भजतां धनैश्च मनसा कायेन वाचोन्नतौ
तेषां जन्म वृथास्ति मातुरुदरे ते भारभूताः क्षितौ ॥ १ ॥

અર્થ:—જે લોકો પૃથ્વી ઉપર દુર્લભ એવા મનુષ્યજન્મને પ્રાપ્ત કરીને પોતાની જ્ઞાતિમાં ઉત્પન્ન થયલા બન્ધુવર્ગના હિતની ભક્તિથી-સ્નેહથી ઇચ્છા કરતા નથી, અને ધન, મન, કાયા અને વાણીવડે જ્ઞાતિની ઉન્નતિ, (કરવા સદા ઉદ્યુક્ત રહેવું જોઈએ તેમ નહિ કરતાં), તે તરફ ઉદાસીન રહે છે, તેમનો જન્મ વૃથા છે, અને તેઓ જન્મ પૂર્વે માતાના ઉદરમાં અને જન્મ્યા બાદ પણ પૃથ્વી ઉપર ભારરૂપ છે.

भुवि नृजन्म लभेन्मनुजश्च यो
यदि न वाञ्छति जातिसमुन्नतिम् ॥
अपयशो लभते निजबन्धुषु
स नरजन्म करोति निरर्थकम् ॥ २ ॥

અર્થ:—નરજન્મ પામીને જે મનુષ્ય પોતાની જાતિ-જ્ઞાતિની ઉન્નતિની વાંછના કરતો નથી, તે પોતાના ભાઇઓમાં અપયશને પાત્ર થાય છે, અને પ્રાપ્ત કરેલો નરજન્મ વૃથા ગુમાવી દે છે.

શાસ્ત્રી વલ્લભજી નિર્ભયરામ.

મુંદ્રા—કચ્છ.

॥ श्रीराधादामोदरौ विजयेतान्तमाम् ॥

आशीर्वचनः ।

भ्रातॄणां निजजातिलब्धजनुषां धर्मार्थकामप्रदम्
ज्ञातिस्वर्भकवृन्ददेशसमयप्रोद्भूतबोधात्मकम् ॥
विप्रैः कच्छभवैः स्विका गिरियुता नारायणाख्यास्ति या
ज्ञातिस्तद्धितवृद्धिमण्डलमिदं यन्मोहमय्यां कृतम् ॥१॥

श्रीराधादामोदरपदकमले स्याद् दृढा च तद्भक्तिः ॥
तन्मण्डलं च जयतु प्रतिदिनमधिकं प्रसादतस्तस्य ॥२॥

शास्त्री वल्लभजी निर्भयराम.

" પોતાની જ્ઞાતિમાં જન્મેલા ભાઈઓને ધર્મ-અર્થ-કામ (સુખ) એ ત્રિવર્ગને આપનારું, તથા જ્ઞાતિના બાલકવૃન્દને દેશ-કાલ અનુસાર ઉપદેશ આપનારું આ '**શ્રીકચ્છી ગિરિનારાયણ હિતવર્ધક મંડળ**' કચ્છી ગિરિનારાયણ બ્રાહ્મણોએ પોતાની જ્ઞાતિનાં હિતની વૃદ્ધિને માટે **શ્રીમોહમયી**માં સ્થાપન કર્યું છે."

" **શ્રીદામોદરજી**ના ચરણકમલમાં આ મંડળની દૃઢ ભક્તિ થાઓ અને ઇષ્ટદેવના પ્રતાપથી આ મંડળનો પ્રતિદિન અધિક ને અધિક જય થાઓ."

सामार स्वीकार.

આ પુસ્તકનાં મુદ્રણમાં હેઠળ જણાવેલા જ્ઞાતિબંધુએ તથા અન્ય સદ્‌ગૃહસ્થો તરફથી જે કિંમતી સહાય અમને મળી છે તે માન તથા ઉપકારની લાગણી સહિત સ્વીકારી તેની અત્રે નોંધ લેતાં અમને પરમ આનંદ થાય છેઃ—

શુકલ જીવરામ દુર્લભજી પ્રત ૨૫૦ ની છપાઇ આશરે	રૂ. ૧૦૦)
વ્યાસ ગોવિંદજી પ્રભુજી પ્રત ૧૦૦ ની છપાઈ ,,	રૂ. ૪૦)
જાની જટાશંકર જેઠા	રૂ. ૪૦)
ભાઇ સુંદરલાલ દયારામ હસ્તકઃ—	રૂ. ૧૨૬)

રૂ. ૩૧) શેઠ ટોકરસી મૂલજીની કું.
રૂ. ૨૦) શેઠ ગાંગજી પ્રેમજીની કું.
રૂ. ૨૦) શેઠ ધનજી દેવસીની કું.
રૂ. ૨૦) શેઠ માનસીંગ કચરા.
રૂ. ૧૦) શેઠ હીરજી દેવરાજની કું.
રૂ. ૧૦) શેઠ દેવસી પદમસીની કું.
રૂ. ૫) શેઠ પુંજાભાઈ ઠાકરસીની કું.
રૂ. ૫) શેઠ હીરજી ઉમરસીની કું.
રૂ. ૫) શેઠ હંસરાજ મૂલજીની કું.

૧૨૬

ભાઈ ભગવાનજી જટાશંકર હસ્તક એક ગૃહસ્થ.	રૂ. ૧૦)
ભાઈ ઓધવજી લક્ષ્મીદાસ જાની	રૂ. ૧૦)

प्रस्तावना.

આ બે નિબંધો કેવા સંયોગો વચ્ચે લખાવવામાં આવ્યા હતા તથા છપાવી પ્રસિદ્ધ કરવામાં આવે છે, તત્સંબંધે બે બોલ અત્રે કહેવા આવશ્યક સમજીએ છીએ.

શ્રી કચ્છી ગિરિનારાયણ હિતવર્ધક મંડળીની સ્થાપના થયા બાદ તે મંડળીના વ્યવસ્થાપકોએ જોયું કે જ્ઞાતિનો સમષ્ટિ રૂપે વિચાર કરતાં, તે હાલ જે પરિસ્થિતિમાં છે, તે કોઇ પણ રીતે ઉન્નત તો કહી શકાયજ નહિ. કોઇ પણ વ્યક્તિ, કુટુમ્બ, જ્ઞાતિ, સમાજ અથવા દેશની ઉન્નતિનો મુખ્ય આધાર તેની કેળવણી ઉપર છે. ઐહિક તેમજ પારલૌકિક કોઇ બાજુ દૃષ્ટિબિંદુથી અવલોકતાં ઉન્નતિનું સત્ય સાધન વિદ્યા છે. અને અવનતિનું કારણ અવિદ્યા છે. આ વાત લક્ષમાં લેતાં, મંડળીના કાર્યવાહકોને ઘણીજ દિલગીરી સાથે જણાયું કે આપણી જ્ઞાતિમાં કેળવણી તરફ શોકજનક દુર્લક્ષ આપવામાં આવે છે. નથી આપણી પ્રાચીન વિદ્યાઓનું સંસ્કૃત ભાષાદ્વારા યથાયોગ્ય અધ્યયન થતું કે નથી રાજભાષા દ્વારા અપાતી કેળવણી લેવાતી. તેથી મંડળે પોતાનું પ્રથમ કર્તવ્ય જ્ઞાતિબાળકોમાં કેળવણીની વૃદ્ધિ થાય એવા પ્રયાસો કરવાનું વિચાર્યું; અને તત્સંબંધે કેટલીક યોજનાઓ ઘડી કહાડી, કે જે પાછળથી મંડળના પ્રથમ વાર્ષિક રિપોર્ટમાં સવિસ્તર પ્રકટ કરવામાં આવી છે. અલબત, આ યોજનાઓને વ્યવહારૂ બનાવવા માટે સમસ્ત જ્ઞાતિની સહાનુભૂતિ અને સહકાર અપેક્ષિત છે જ. આ પ્રમાણે ભવિષ્યની પ્રજા કેળવણીનાં શુભ ફળો મેળવી ઉન્નતિ સાધવા ભાગ્યશાળી થાય એવી યોજના કર્યા બાદ, જ્ઞાતિની જે ચાલુ પરિસ્થિતિ છે તેમાં કેવા કેવા સુધારા થવા આવશ્યક છે, જે વ્યાવહારિક રિતરિવાજો પ્રચલિત છે, તે કેટલે દરજ્જે ઉન્નતિ અથવા અવનતિ તરફ દોરી જનારા છે, તેમાં કેવા ફેરફારો કરવા જરૂરના છે, તે બાબત ઉપર મંડળે ચર્ચા કરવા માંડી. તેને પરિણામે મંડળને જણાયું કે ઉન્નતિનો માર્ગ અને ક્રમ નક્કી થવા અગાઉ, આપણી મૂળસ્થિતિ જાણવી જોઇએ, કે જેથી ખબર પડે કે આપણી અસલ સ્થિતિમાંથી કેટલા ચ્યુત થયા છીએ. અને તે જાણ્યા બાદ, દેશ-કાળને અનુલક્ષીને કેવા સુધારા વધારા કરવાથી સ્થિતિ સુધારી શકાય તે નક્કી કરી શકાય. સારાંશ, જ્ઞાતિની પૂર્વસ્થિતિ—ઉત્પત્તિનો ઇતિહાસ

જાણવો જોઇએ. તથા તેની સાથે સાથે ચાલુ પરિસ્થિતિમાં કયા કયા રીતિ રિવાજો તથા રૂઢીરસમો ઉન્નતિના અવરોધક છે, તથા કઇ કઇ બાબતોની ન્યૂનતા છે, તે પણ જાણવાની તેટલી જ આવશ્યકતા છે. આમ નકકી થતાં, "આપણી જ્ઞાતિની ઉત્પત્તિ" તથા આપણી "જ્ઞાતિની ઉન્નતિ શી રીતે થાય" એ બે વિષયો ઉપર જ્ઞાતિજનો પાસેથી નિબંધો માગવાના ઠરાવ ઉપર મંડળ આવ્યું. અને એ બાબતની જાહેર ખબર છાપાઓમાં મોકલવાની તજવીજ ચાલતી હતી. તે દરમ્યાન મંડળના એક ઘણા જ ઉત્સાહી સભાસદ ભાઇ **નર્મદાશંકર ભવાનીશંકર** જાનીએ ઉપર્યુક્ત નિબંધો માટે અનુક્રમે રૂ. ૧૫) તથા ૧૦) નાં ઇનામો પોતાની તરફથી આપવાની ઇચ્છા પ્રદર્શિત કરી અને આમ કરીને આ યોજનાને જાણે કે ગતિ આપી. એ ભાઇનો તેમની જ્ઞાતિ પ્રત્યેની આવી અનુકરણીય લાગણી માટે મંડળના પ્રથમ વાર્ષિક રિપોર્ટમાં યોગ્ય ઉપકાર માનવામાં આવ્યો છે. અને આ સ્થળે પુનઃ તેમનો આભાર માનવાની તક અમો જવા દઇ શકતા નથી.

ઉપર જણાવ્યા પ્રમાણે જાહેર છાપાઓ દ્વારા નિબંધો માગવામાં આવ્યા હતા અને તેની મુદત પ્રથમ તા. ૧૫ મી જુલાઈ સને ૧૯૧૩ સુધીની રાખવામાં આવી હતી. પરંતુ તે મુદત દરમ્યાન એક પણ નિબંધ નહિ મળવાથી, મુદત વધારીને તા. ૧૫ મી આગસ્ટ ૧૯૧૩ સુધીની રાખવામાં આવી હતી. અને તે દરમ્યાન ઉત્પત્તિ વિષે માત્ર એક જ* નિબંધ શુક્લ જીવરામ દુર્લભજી કચ્છ માંડવીવાળા તરફથી મળ્યો હતો. તથા ઉન્નતિ સંબંધમાં છ નિબંધો મળ્યા હતા, જે લખનાર ભાઇઓનાં નામો× મંડળના પ્રથમ વાર્ષિક રિપોર્ટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. એ બધા ભાઇઓનો પણ આભાર માનવાની આ સ્થળે અમે તક લઇએ છીએ. એ છ નિબંધોમાંના ઘણાખરા જો કે વિચારપૂર્વક લખાયલા છે, પરંતુ

---

* ઉપલી મુદત બાદ ઉત્પત્તિ સંબંધી બીજો એક નિબંધ નાશીકવાળા ભાઇ વિઠ્ઠલજી મૂળચંદ ભટ્ટ તરફથી અમને મળ્યો હતો. તે માટે એ ભાઇનો આ તકે આભાર માનીએ છીએ. બનશે તો એ નિબંધ આપણા શ્રી **ગિરિનારાયણ** ત્રિમાસિકમાં પ્રકટ કરવાની કોશેષ કરીશું.

× ૧. રા. **નિર્ભયશંકર અમરજી યાજ્ઞિક** (હાલ એમ. એ.); ૨. રા. **વિઠ્ઠલજી મૂળચંદ ભટ્ટ**; ૩. રા. **કેશવલાલ વૃંદાવન ભટ**; બી. એ. ૪. રા. **નાનુરામ પ્રેમજી** આટઠાકર; ૫. રા. **મણીશંકર કુંવરજી શુક્લ**; ૬. રા. **માધવજી મોતીરામ વ્યાસ.**

તેમાંથી એકને જ ઇનામને લાયકનો ગણવાનો હોવાથી, ભાઈ માધવજી મોતીરામનો નિબંધ પસંદ કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત ભાઇ નાનુરામ પ્રેમજી જેમની ઉમર તે વખતે માત્ર પંદર વર્ષની હતી, તેમણે વયના પ્રમાણમાં ઠીક નિબંધ લખેલો હોવાથી, તેમને ઉત્તેજન આપવા અર્થે રૂપીઆ અઢીનું એક ખાસ ઇનામ શ્રી કચ્છી ગિરિનારાયણ હિતવર્ધક મંડળના પ્રમથ વાર્ષિક મહોત્સવ પ્રસંગે આપવામાં આવ્યું હતું.

ઉપર્યુક્ત બન્ને નિબંધોમાં ઘણી જાણવાજોગ અને અગત્યની બાબતોનો સમાવેશ થયલો હોઇ, તે નિબંધો એક પુસ્તકાકારમાં છપાઇને દરેક જ્ઞાતિ બંધુઓના હાથમાં મૂકવામાં આવે તો ખરેખરો લાભ થાય એવી સૂચના અમને કેટલેક સ્થળેથી થવાથી તથા મંડળનો પણ પ્રથમથી એ જ વિચાર હોવાથી, આ નિબંધોનું મુદ્રણ કરાવવાનું શરૂ કર્યું. અને તેનું જે ખર્ચ થાય તેટલા પૂરતી જ કિમત રાખવાનો પ્રથમ વિચાર હતો. પરંતુ સત્કાર્યમાં અનાયાસે પ્રભુ મદદ મોકલી આપે છે, તે પ્રમાણે આ મંડળના ઉત્પાદક ભાઇ સુંદરલાલ દયારામે રંગુન ખાતે પ્રયાસ કરી રૂપીઆ ૧૨૬ ની રકમ આ પુસ્તક છપાવવાના ખર્ચમાં મદદ તરીકે મેળવી આપી. તેમજ મંડળના બીજા ઉત્સાહી બંધુ ભાઇ હરજીવન ગોકુલજીના પ્રયાસથી શુકલ જીવરામ દુર્લભજીએ આ પુસ્તકની ૨૫૦ પ્રતોની છપામણીનું ખર્ચ તથા વ્યાસ ગોવિંદજી પ્રભુજીએ ૧૦૦ પ્રતની છપામણીનું ખર્ચ આપવાનું કબૂલ કર્યું છે. અને બાકી ખૂટતું ખર્ચ લગભગ રૂપીઆ ચાલીસ આ મંડળના વડિલ સભાસદ ભાઈ જટાશંકર જેઠા જાનીએ આપવાનું કબૂલ કરવાથી આ પુસ્તક સમસ્ત ગિરિનારાયણ જ્ઞાતિમાં વિના મૂલ્યે વાંટવાનો ઠરાવ કર્યો છે. તે અનુસાર આ પુસ્તક જ્ઞાતિજનોના કરકમળમાં સમર્પવા અમો ભાગ્યશાળી થયા છીએ. અને તેમ કરતાં અમો એટલી જ ઇચ્છા અને આશા રાખીએ છીએ કે, જે ભાવનાથી આ નિબંધો લખાવવામાં, લખવામાં તથા છપાવવામાં આવ્યા છે, તે ભાવનાઓ તરફ દૃષ્ટિ રખાઈ તેમાંથી કંઈ પણ સાર ગ્રહણ કરવામાં આવશે તો મંડળ પોતાનો પ્રયાસ સફળ થયલો માનશે.

આ પ્રસ્તાવના પૂર્ણ કરવા પહેલાં એક અગત્યની બાબતની નોંધ લેવાની અત્રે અમારી ફરજ સમજીએ છીએ. અને તે એ છે કે આ નિબંધોનું, ખાસ કરીને ઉત્પત્તિ સંબંધી સંસ્કૃત લખાણનું યથાશક્ય સં-

શોધન કરી, લખાઈ આવેલો નિબંધ, છપાવવા માટે જોઈએ તેવી રીતે નહિ લખાયલો હોઈ, તે પોતાની જાતી દેખરેખ નીચે શુદ્ધ લખાવી, તે બન્ને નિબંધોનાં મુદ્રણ પર આદિથી અંત સુધી દેખરેખ રાખી અને પ્રુફો તપાસી ભાઇ **વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી,** કે જેઓ આ મંડળના વાર્ષિક મેમ્બર પણ છે, તેમણે જે અમૂલ્ય મદદ આપી છે, તે ઘણી જ પ્રશંસાપાત્ર છે. અને તેમની એ જ્ઞાતિસેવા માટે જેટલો ઉપકાર માનીએ તેટલો થોડો છે.

મુંબઇ,
શ્રીકૃષ્ણ જયંતી.
સંવત ૧૯૭૨.

ખટાઉ વલ્લભજી જોષી.
પ્રમુખ.
શ્રી કચ્છી ગિરિનારાયણ હિતવર્ધક મંડળ.

उपोद्घात.

काहं कोऽहं कुलं किंमे सम्बन्धः कीदृशो मम ॥
स्वस्वधर्मो न लुप्येत ह्येवं सञ्चिन्तयेद् बुधः ॥ १५ ॥

હું ક્યાં છું ? હું કોણ છું ? મારૂં કુલ કયું ? મારો સંબંધ કેવો ? એ પ્રશ્નોનો વિચાર પોતપોતાના ધર્મનો લોપ ન થવા માટે વિચારશાલી પુરૂષે કરવો જોઇએ.

બ્રાહ્મણોત્પત્તિમાર્તંડ.

સર્વ વિષયોમાં પહેલાં સ્વરૂપજ્ઞાનની આવશ્યકતા છે. જ્યાં સુધી સ્વરૂપનું યથાસ્થિત જ્ઞાન થયું નથી, ત્યાં સુધી સ્વધર્મનું અને સ્વકર્તવ્યનું ભાન પણ થતું નથી, માટે પોતાનાં સ્વરૂપને યથાર્થ રીતે જાણવાની પ્રત્યેક મનુષ્યની ફરજ છે. એ જ ફરજને અદા કરવાની અભિલાષાએ આ એક સ્વલ્પ કાર્ય જ્ઞાતિબંધુઓ સમક્ષ રજુ કર્યું છે.

उत्पत्ति एटले शुं ?

ઉત્પત્તિ શબ્દ અત્ર જ્ઞાતિનો પૂર્વ **ઇતિહાસ** એ અર્થે સમજવાનો છે. કોઇ પણ જ્ઞાતિના ઇતિહાસની અંદર આટલી બાબતોનો સમાવેશ થવો જોઇએ. (૧) વર્ણાશ્રમ અનુસાર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચાર વર્ગ પૈકી કોઇ એક વર્ગમાં હોવા ઉપરાંત, તે વર્ગના પેટા વિભાગ તરીકે જે વિશેષ નામ દરેક જ્ઞાતિની સાથે જોડાયલું હોય છે—દાખલા તરીકે આપણું **ગિરિનારાયણ** બ્રાહ્મણ—તો તે **વિશેષ** નામ ક્યારે અને કેવા સંયોગો વચ્ચે ધારણ કરવામાં આવ્યું, અને તે પૂર્વે તેવું કોઇ વિશેષ નામ જોડાયલું હતું કે નહિ અને હોય તો કયું (૨) ક્યા ક્યા ઇલાકાઓ અને શહેરોમાં ક્યારે ક્યારે વસવાટ હતો, અને જુનાં સ્થળો છોડવામાં અને નવાં વસાવવામાં કેવા સંયોગો કારણભૂત હતા. (૩) જુદે જુદે સમયે જ્ઞાતિનો સમાજમાં દરજ્જો અથવા સ્થાન અને તેમાં થયેલાં પરિવર્તનો અને સ્થિત્યંતરોનો સકારણ ક્રમવાર ઇતિહાસ (૪) જુદે જુદે સમયે જ્ઞાતિનું નૈતિક અને ધાર્મિક જીવન અને તેમાં ફેરફાર થવાનાં કારણો તથા તેની સામાજીક સ્થિતિપર થયલી અસર (૫) જ્ઞાનાર્જન તથા વિદ્યાવિષયક પ્રવૃત્તિઓનો ઇતિહાસ (૬) જ્ઞાતિની જુદા જુદા

સમયની આર્થિક સ્થિતિનો ચડતી પડતીનો મુકાબલો અને તેનાં કારણો (૭) જ્ઞાતિની શારીરિક સંપત્તિ. જુદે જુદે તબકકે જન્મ મરણનું તથા આયુષ્યનું પ્રમાણ અને તેનાં કારણોની તપાસ. (૮) જ્ઞાતિના વ્યાવહારિક રિવાજો તથા તેમાં થયલાં પરિવર્તનો, તેમ થવાનાં કારણો તથા તેનાં સારાં માઠાં પરિણામોની તુલના (૯) જ્ઞાતિમાં થઇ ગયલા પ્રસિદ્ધ પુરૂષો, જેમણે જ્ઞાતિના ઈતિહાસમાં કંઈ યાદગાર કામો કર્યાં હોય તેનાં સંક્ષિપ્ત જીવન વૃત્તાંતો. (૧૦) અન્ય સમાન જ્ઞાતિઓની ચડતી પડતી સાથે પ્રસ્તુત જ્ઞાતિની ચડતી પડતીનો મુકાબલો અને તેમાંથી લેવા યોગ્ય બોધનું તારણ (૧૧) જ્ઞાતિની અંદર તડાંઓ અથવા પેટા વિભાગો થયા હોય તો તે થવાના પ્રસંગોનાં ટુંક વર્ણનો અને તેના ગુણદોષનું નિષ્પક્ષપાત નિરીક્ષણ (૧૨) જ્ઞાતિમાં ઇતિહાસરૂપ ગણાય એવા યાદગાર પ્રસંગો અથવા બનાવોની ટુંકી નોંધો અને તેવા બનાવોથી થતા લાભાલાભનું વિવેચન (૧૩) અને છેવટે એ સમગ્ર ઇતિહાસનાં અવલોકનના નિષ્કર્ષ તરીકે તે પૂર્વ સ્થિતિની ચાલુ પરિસ્થિતિ સાથે સરખામણી તથા તે ઉપરથી ચાલુ સ્થિતિ ઉન્નતિસૂચક છે કે અવનતિસૂચક તેનું તારતમ્ય તથા જો અવનતિસૂચક હોય તો દેશ, કાલ, સંયોગાનુકૂલ શાશા ઇલાજો લેવા જોઇએ તેનું દિગ્દર્શન.

આટલા મુખ્ય વિષયોના સમાવેશ સાથે લખાયલાં વૃત્તાંતને ઇતિહાસનું નામ આપી શકાય.

હવે, આવા જ્ઞાતીય ઇતિહાસ લખવા માટે જોઇતી માહીતીઓની ઉપલબ્ધિનાં સાધનોનો વિચાર કરતાં જણાવવું આવશ્યક છે કે, આપણા દેશમાં એવા ઇતિહાસો લખવાની અને જુની બાબતોની નોંધો રાખવાની પ્રથા લગભગ નહિજ હોવાથી, આધારભૂત અને પ્રમાણબદ્ધ સાધનોનો સર્વથા અભાવ જ હોય છે. તેથી શૃંખલાબદ્ધ ઇતિહાસ તૈયાર થવો અશક્ય છે. તો પણ કેટલાંક છુટાં છવાયાં સાધનોપરથી સ્ફુટ હકિકતો મેળવી તેનો સંગ્રહ કર્યો હોય તો કેટલીક જાણવાજોગ વિગતો મેળવી શકાય ખરી. એ વિગતો મેળવવામાં આટલાં સાધનો હોઇ શકે; (૧) રાજ્યનો ઇતિહાસ. (૨) ડીરેકટરી અથવા ગેઝેટીઅર જેવાં પુસ્તકો. (૩) જુના શિલા લેખો, તામ્ર પત્રો અને બક્ષીસ પત્રો. (૪) જ્ઞાતિમાં થયલા યજ્ઞો, સમારંભો, દેશતેડાંઓ પરિષદો વગેરેનાં લિખિત વૃત્તાંતો હોય તો તે. (૫) જ્ઞાતિમાં થઇ ગયલા વિદ્વાનોનાં હસ્તલિખિત અથવા છપાયલાં

પુસ્તકોમાં પોતાના વંશવિસ્તાર અથવા પોતાની જ્ઞાત સંબંધી કરેલા ઉલ્લેખો. (૬) વહીવંચાઓ તથા યાત્રાનાં સ્થળોએ ગોરો જે ચોપડાઓ રાખે છે તે. (૭) ભાટ ચારણોની વાતો. (૮) વૃદ્ધો તરફથી વંશપરંપરાગત ઉતરી આવેલી દંતકથાઓ અને (૯) અન્ય જ્ઞાતિઓના ઇતિહાસોમાં પ્રસ્તુત જ્ઞાતિ વિષે કંઇ ઉલ્લેખ કરવામાં આવ્યા હોય તો તે. પરંતુ આવાં સાધનોનો મોટે ભાગે અભાવ અને ક્વચિત હોય તો તે મેળવવાના કાર્યમાં મહાન્ પ્રતિબંધક પર્વતો અંતરાયરૂપ થતા હોવાથી, એક નવી જ દિશામાં, યથાશક્તિ ઉપલબ્ધ થયલાં સાધનોના આધારે પ્રયાસ કરવામાં આવ્યો છે. આશા છે કે એ વિષયનું જ્ઞાતિબંધુઓ સાવકાશે મનન કરીને જ્ઞાતિના ઉદયમાં હેતુરૂપ થશે.

वर्णव्यवस्था.

અપૌરુષેય અને આર્ષ ગ્રંથોમાં અવગાહન કરતાં વર્ણાશ્રમવ્યવસ્થા સંબંધે આવી રીતે નિર્ણય ઉપર આવી શકાય. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણો પ્રાચીન સમયથી છે. વેદ કાલમાં તે તે વર્ણોની સંજ્ઞા જાતિ અને ગુણ કર્મથી છે. **ब्राह्मणोऽस्य मुखमासीत्, यस्मादेते मुख्यास्तस्मान्मुखतो ह्यसृज्यंत, लोकानां तु विवृद्ध्यर्थं मुखबाहूरुपादतः । ब्राह्मणं क्षत्रियं वैश्यं शूद्रं च निरवर्तयत्** વગેરે શ્રુતિ અને સ્મૃતિઓનાં વાકયો જાતિથી જ વર્ણવ્યવસ્થા વર્ણવે છે. **न विशेषोऽस्ति वर्णानां सर्वं ब्राह्ममिदं जगत् । ब्रह्मणा पूर्वसृष्टं हि कर्मभिर्वर्णतां गतं,** વગેરે આર્ષ વાકયો ગુણકર્મથી વર્ણવ્યવસ્થા થયલી હોવાનું જણાવે છે. સર્વ પ્રમાણ ગ્રંથોની એકવાકયતા કરતાં એટલો નિશ્ચય થાય છે કે તે તે જાતિમાં ઉત્પન્ન થઇને, તે તે જાતિના ગુણકર્મો સંપૂર્ણ અંશે જેમાં જણાય તે જ બ્રાહ્મણાદિસંજ્ઞાને શોભાસ્પદ કરી શકે. ભક્તિમાર્ગના અંતિમ આચાર્ય શ્રીમદ્વલ્લભાચાર્યજીએ એ સંબંધમાં કાંઇક નવો જ પ્રકાશ પાડયો છે. તેઓશ્રીનું મંતવ્ય એમ છે કે, બ્રાહ્મણાદિ ચાર વર્ણોની ચાર અધિષ્ઠાત્રી દેવતા છે, વેદોકત્યનુસાર બ્રાહ્મણાદિમાં જન્મધારણ કર્યા પછી, સ્વવર્ણાનુસાર ગુણકર્મતત્પર થતાં તે તે વર્ણોની અધિષ્ઠાત્રી દેવતાનો તે શરીરમાં આવિર્ભાવ થાય છે, અને તે તે વર્ણસંજ્ઞાને તે અલંકૃત કરે છે. અર્થાત્ બ્રાહ્મણજાતિમાં ઉત્પન્ન થઇને, શમદમાદિ ગુણો સંપાદન કરીને, યજનયાજનાદિક કર્મમાં તત્પર થતાં બ્રાહ્મણવર્ણની

અધિષ્ઠાત્રી દેવતા તેના શરીરમાં પ્રવેશે છે, અને બ્રાહ્મણસંજ્ઞાને સંપૂર્ણ અંશે તે યોગ્ય થાય છે. એમાં કાંઇ પણ ન્યૂનતા હોય તો તે બ્રાહ્મણાભાસ કહેવાય. એ જ વ્યવસ્થા ઇતર વર્ણમાં પણ સમજવી. વેદ અને સ્મૃતિ ગ્રંથોનો વિચાર કરતાં વર્ણવ્યવસ્થાના સંબંધમાં સંક્ષેપતઃ ઉપર પ્રમાણે નિર્ધાર થાય છે.

ब्राह्मणोनुं प्राधान्य.

ब्राह्मणो जायमानो हि पृथिव्यामधि जायते । ईश्वरः सर्व भूतानां धर्मकोशस्य गुप्तये । એ વાક્યથી મહર્ષિ **મનુભગવાન્** બ્રાહ્મણોનું અનુપમ મહત્ત્વ સ્થાપે છે. તેમ જ અન્ય પ્રાચીન ગ્રંથોમાં બ્રાહ્મણોનાં ગૌરવનો ખ્યાલ આપવામાં આવ્યો છે. બ્રાહ્મણોને માથે પ્રભુતાની સાથે મહાન્ દુઃસાધ્ય ધર્મોનું પાલન કરવાની મોટી મોટી જોખમદારીઓ પણ નાંખવામાં આવેલી છે. ગૌરવ માત્રનો ખ્યાલ રાખીને જોખમદારી તરફ દુર્લક્ષ રાખવામાં આધુનિક અવદશા સર્વ વર્ણોની પ્રધાન જાતિ અનુભવે છે. પહેલાં **ब्राह्मणः पतनीयेषु वर्तमानो विकर्मसु । दांभिको दुष्कृतः प्रज्ञः शूद्रेण सदृशो भवेत् । योऽनधीत्य द्विजो वेदमन्यत्र कुरुते श्रमम् ॥ स जीवन्नेव शूद्रत्वमाशु गच्छति सान्वयः ॥** એવાં ગંભીર જોખમદારીવાળાં આર્ષ વાક્યોનું અવલોકન કર્યા પછી જ સ્વગૌરવનું પ્રતિપાદન કરનારાં વાક્યો ધ્યાનમાં લેવાશે તો ઉન્નતિપથની ઝાંખી થયા વિના રહેશે નહિ.

प्राचीन सदाचार.

ભારતવર્ષના ઇતિહાસ ગ્રંથોમાં—રામાયણ—મહાભારતાદિમાં ઇતર સર્વ વર્ણ કરતાં બ્રાહ્મણોની માનાર્હના વિશેષ જોવામાં આવે છે. તેમ જ તે સમયમાં બ્રાહ્મણોના આચારો પણ આધુનિક સમય કરતાં વિલક્ષણ જ જણાય છે. તે સમયે ક્ષત્રિય અને વૈશ્યોને પણ યજ્ઞોપવીત સંસ્કાર કરવામાં આવતો અને તેથી બ્રાહ્મણવત્ તેઓ પણ દ્વિજસંજ્ઞાને સાર્થક કરતા હતા. દ્વિજોમાં પરસ્પર ભોજનવ્યવહાર તથા અનુલોમ રીતે કન્યાવ્યવહારની પ્રથા પણ હતી. બ્રાહ્મણો સ્વવર્ણની કન્યા ઉપરાંત ક્ષત્રિય અને વૈશ્યની કન્યાનું પાણિગ્રહણ કરતા. હાલમાં તો શતશઃ વિભક્ત થયલાઓમાં પણ પરસ્પર તેવો પ્રચાર નથી. પ્રાચીન અને અર્વાચીન સમયનો થોડો

પણ મુકાબલો થઇ શકે તેમ નથી. માટે જ પ્રાચીન સમયનું ગૌરવ પુનઃ પ્રાપ્ત કરવું એ હાલના સમયમાં અશક્ય જેવું ભાસે છે.

ઉદયાસ્તની ઘટમાળથી સંકળાયલી સૃષ્ટિમાં ઉદયદશા પછી અસ્તદશાનો અનુભવ કરવાનો સમય પ્રધાનજાતિને શિરે અથવા તો આર્યાવર્તને શિરે આવી પડતાં પ્રાચીન સમયની ઉન્નતદશા માત્ર ગ્રંથાવશેષ થઇ રહી. ઐક્યશૃંખલાનાં પવિત્ર બંધનો અને ધર્મનાં પુનીત ફરમાનો ક્રમશઃ શિથિલ થવા લાગ્યાં, અને એક વખતે ઉન્નતિની સીમાએ પહોંચેલું આર્યાવર્ત હાલમાં સમગ્ર દુનિયામાં નિંદાનું કેંદ્રસ્થાન થઇ પડયું છે. ઐક્યશૃંખલા વિશીર્ણ કેમ થઈ તેનાં ચોક્કસ કારણો નિશ્ચય કરવાનું યોગ્ય સાધન પણ દુર્ભાગ્યે ઉપલબ્ધ નથી. માત્ર અનુમાનના અશ્વોને જ આધીન થવું પડે છે. તથાપિ અનુમાન પ્રત્યક્ષોપજીવ્ય હોવાથી યત્કિંચિત સાધનની આવશ્યકતા છે, અને તે મેળવવાની કોશેષમાં કાંઇક સફળતા જ થયલી છે. જે જે સાધનોથી જે જે અનુમાનો થયાં તેનો અત્ર ઉલ્લેખ કરવામાં આવે છે.

ભેદનું કારણ.

દેશનું રક્ષણ અને નિયમન કરવાનું કાર્ય ક્ષત્રિયોનું છે. એ કાર્યમાં જ્યારે વિઘ્નો ઉપસ્થિત થાય ત્યારે દેશમાં સર્વત્ર અશાંતિ તથા અવ્યવસ્થાનો પગપેસારો થાય; ધાર્મિક બંધનો, ઐક્યશૃંખલાઓ તુટી જાય, એ એક નૈસર્ગિક નિયમ છે. એ નિયમનો અનુભવ આર્યાવર્તના ઇતિહાસથી થાય છે. અત્યારે ભેદના પ્રભાવનો મહાન્ ફેલાવો જે ચોતરફ જણાય છે, તે દેશની લાંબી રાજકીય અવ્યવસ્થાને આભારી છે. અર્થાત્ ભેદનું મુખ્ય કારણ, આટલી મોટી સંખ્યામાં વર્ણવિભાગ થવાનું મુખ્ય કારણ રાજકીય અવ્યવસ્થા છે. આ સિવાય બીજા અનેક હેતુઓ હશે, પણ પ્રધાન હેતુ તો આ જ હોવો જોઇએ.

બ્રાહ્મણ—વિભાગ.

દેશભેદથી બ્રાહ્મણોના બે મહાન્ વિભાગો થયા, અને તે બે વિભાગો પાંચપાંચ વિભાગોમાં વહેચાઇ જતાં, ક્રમેક્રમે શતાધિક વિભાગો થયા. તેનું દિગ્દર્શન અત્ર કરાવવામાં આવે છે.

ब्राह्मण.[1]

द्राविड (५) — गौड. (५)

१कर्णाटक २तैलंग ३ द्राविड ४महाराष्ट्र ५गुर्जर, १सारस्वत २कान्यकुब्ज ३गौड ४उत्कल ५मैथिल,

८४ संख्या. चोराशी भेदो.

च्यांतत्रयं चाष्टदशैव रांता
डांताष्टकं सप्तदशैव लांताः ॥
यांताश्च लांताश्च नवैव ढांत
कांतद्वयं गांतयुगं च वांतौ ॥१॥
णांतत्रय तांतयुगं रुमाशा
बुवा चगंताश्चतुराशि विप्राः ॥

અર્થઃ—च्य જેને અંતે હોય તેવા ૩ બ્રાહ્મણો છે. रा જેને અંતે ૧૮ છે. डा જેને અંતે છે તેવા ૮ છે. ल જેને છેડે છે તેવા ૧૭ છે. या જેને અંતે છે તેવા ૯ છે. ला જેને અંતે છે તેવા ૯ છે. ढ જેને અંતે છે તેવા ૨ છે. क જેને અંતે છે તેવા ૨ છે ग જેને અંતે છે તેવા પણ ૨ છે, व જેને અંતે છે તેવા પણ ૨ છે. ण જેને અંતે છે તેવા ૩ છે. त જેને અંતે છે તેવા ૨ છે. रु, पा, शा, बु, वा, चटा એ જેને અંતે છે તેવા એકેક છે.

च्यांत—३

૧. ઔદિચ્ય (સિદ્ધપુરીઆ), ૨. ઔદિચ્ય, (સિહોરા), ૩. ઔદિચ્ય (ટોળકીઆ).

---

१. कर्णाटकाश्च तैलङ्गा द्राविडा महाराष्ट्रकाः । गुर्जराश्चेति पञ्चैव द्राविडा विंध्यदाक्षिणे ॥ सारस्वताः कान्यकुब्जा गौडा उत्कलमैथिलाः । पंचगौडा इति ख्याता विंध्यस्योत्तर वासिनः ॥

रांत—१८.

१. वडनगरा, २. विसलनगरा, ३. साठोदरा, ४. प्रस्नोरा, ५. कृष्णोरा ६. साचोरा, ७. उदंबरा, ८. नरसापरा. ९. वलादरा, १०. पंगोरा, ११. नांदोदरा, १२. गिरिनारा, १३. सोमपरा, १४, हरसोरा, १५. जेसधरा, १६. गंगापुत्रा, १७. मोढमैत्रा, १८. गोमित्रा.

डांत—८.

१ चित्रोडा.
२ श्रीगोडा.
३ गुर्जरगोडा.
४ करेडा.
५ वायडा.
६ भट मेवाडा.
७ तरवाडी मेवाडा.
८ द्राविडा.

लांत—१७.

१ देशावाल.
२ रायकवाल.
३ रोढवाल.
४ खेडावाल.
५ सिंदुवाल.
६ पल्लीवाल.
७ गोमतीवाल.
८ इंटावाल.
९ मेडतावाल.
१० गयावाल.
११ अगस्त्यवाल.
१२ चेतवाल.
१३ याज्ञिकवाल.
१४ घोडवाल.
१५ युदवाल.
१६ उनेवाल.
१७ रजवाल.

यांत—९.

३ कनोजीया.
२ सरवरीया.
३ कंडोलीया.
४ करखेलीया.
५ परवालीया.
६ सोरठीया.
७ तंग मोडीया.
८ सणोढीया.
९ वंशवद्या.

ला-अंत—९.

१ मोताला.
२ झारोला.
३ रायपुला.
४ कपिला.
५ अक्षयमंगला.
६ गुगळा (गुगळी)
७ नायला.
८ अनावला.
९ श्रीमाली (श्रीमाळी)

ढांत—२.

१ त्रिवेदी मोढ.
२ चतुर्वेदी मोढ.

कांत—२.

१ वाल्मीक.
२ नारदीक.

गांत—२.

१ कलिंगा.
२ तैलंगा.

वांत—२.

१ भार्गव.
२ मालव.

णांत—३.

१ नंदुआणा.
२ भरथाणा.
३ पुष्करणा.

तांत—२.

१ सारस्वत.
२ खडायत.

ર-અંત—૧.	**યાંત—૧.**	**શાંત—૧.**	**ખુ-અંત—૧.**
૧ મારુ.	૧ દાહિયા.	૧ ચોવિશા.	૧ જાંબુ.
ઠાંત—૧.	**ચાંત—૧.**	**ટાંત—૧.**	
૧ મરેઠા.	૧ દધીચા.	૧ લલાટ	

કેટલેક સ્થળે ૮૪ સંખ્યા જુદી રીતે ગણાવી છે, પણ તે વિસ્તાર-ભયથી અત્ર આપી નથી.

આ ૮૪ સંખ્યા ઉપરાંત બીજી પણ કેટલીક સંજ્ઞા જેવી કે, **રાજગર**, **ભરડાઇ** વગેરે જણાય છે. આ ઉપરથી એટલું તો નિશ્ચિત જ છે કે **ગિરિનારા** અથવા **ગિરિનારાયણ** બ્રાહ્મણો ૮૪ સંખ્યામાં છે, એ પ્રમાણસિદ્ધ છે.

ઇતિહાસ દૃષ્ટિ.

વેદધર્મના મધ્યાહ્નકાલ પછી, બૌદ્ધ, જૈન, ચાર્વાક, શાક્ત વગેરે અનેક મતોનો પ્રસાર ભારતવર્ષમાં થયો. રાજનિયંત્રણના અભાવે એવા અવૈદિક મતોનો પ્રસાર બહુ જ વધતો ગયો અને ઐક્યના બંધનથી સુબદ્ધ પ્રજામાં પરસ્પર કલહ, ઈર્ષ્યા વગેરે અવનતિનું રોપણ પણ કરતો ગયો. શંકર ભગવાન્, કુમારિલ ભટ્ટ આદિ સમર્થ ધર્મનેતાઓએ ઉપર્યુક્ત કલ્પિત મતોનું ચૂર્ણશઃ ખંડન કરીને, તે મતોના પ્રસારને વધતો એકદમ અટકાવ્યો છતાં પણ તેણે રોપેલાં બીજોનો સમૂળ ઉચ્છેદ થયો નહિ. તે મહાન્ નેતાઓ પછી રાજવ્યવસ્થાના અભાવે તે બીજોને પોષણ મળ્યું અને તેમાંથી અનેક વિષવૃક્ષોએ જન્મ લીધો, જે વૃક્ષોનાં દુઃખદ ફલોનો અનુભવ અદ્યુના થઇ રહ્યો છે. બૌદ્ધમત પછીથી જે ભિન્નતા વૃદ્ધિગંત થવા લાગેલી, તે હમણાં સુધી થતી જ રહી છે. મધ્યકાલમાં એકમેકથી વિખુટા પડવાને લીધે સગાબંધુઓ પણ જુદા થઇ ગયા અને એકમેકને શંકાની નજરે જોવા લાગ્યા. પરસ્પર શ્રેષ્ઠતા સિદ્ધ કરવા માટે પુરાણોને નામે પોતાના એક સમૂહની ઉચ્ચતા તેમજ પ્રાચીનતા બતાવનારા ગ્રંથો લખાયા. અત્યારે જે અસંખ્ય વિભાગો જ્ઞાતિને નામે ઓળખાય છે, તે સર્વ વિભાગો કેવી રીતે થયા, તેનું કારણ શું ઇત્યાદિનો વિચાર ઇતિહાસ દૃષ્ટિએ કરતાં, ઉપર નિર્દેશેલી અનુમાનરેખા જ દૃષ્ટિ આગળ તરી આવે છે. દેશ, ગ્રામ, ધર્મ ઇત્યાદિ ભિન્ન ભિન્ન સંજ્ઞાના હેતુ છે એ સત્ય અનેક કલ્પનાના થરમાં છુપાયલું છતાં પ્રકાસ્યા વિના રહેતું નથી. જો કે અર્વાચીન ભેદોને પ્રાચીન નહિ પરંતુ અતિપ્રાચીન સિદ્ધ કરવાના અનેક પ્રયાસો મધ્યકાલમાં પુરાણોને

નામે થયા છે, અને અત્યાર સુધી તે પ્રયાસો શ્રદ્ધેય ગણવામાં પણ આવ્યા છે, પરંતુ ચાલુ સમયમાં સર્વ દેશીય સાહિત્યનો પ્રકાશ થતો હોવાથી, આર્ષ ગ્રંથોનો અને વૈદિક ગ્રંથોનો યોગ સુલભ થવાથી તેવા પ્રયાસોનું કલ્પિતપણું સ્પષ્ટ જણાઇ આવે છે. શ્રીમદ્‌ભાગવત, મહાભારત આદિ મહાન ગ્રંથોમાં ભગવાનના જ્ઞાનાવતાર શ્રીવ્યાસજીની જે મહાન્ અલૌકિક વાણી વિલસી રહેલી છે અને પ્રત્યેક વિષયના જીજ્ઞાસુને કામદુઘારૂપ થઇને અમંદ આનંદમાં મગ્ન કરે છે, તેવી વાણી પાદ્મ અને સ્કાંદ વગેરે પુરાણોને નામે લખાયલી જ્ઞાતિઓની ઉત્પત્તિઓમાં જોવામાં આવતી નથી, એટલું જ નહિ, પરંતુ હાલ એ પુરાણોનું જે સ્થૂલ સ્વરૂપ મુદ્રિતાકારમાં દૃષ્ટિગોચર થાય છે, તેમાં પણ જ્ઞાતિઓની ઉત્પત્તિઓના જે ગ્રંથો હાલ મળી આવે છે, તેવાં વર્ણનોની ક્વચિત્ જ ઝાંખી થાય છે. પોતાની જ્ઞાતિ-પ્રાચીન છે એમ સિદ્ધ કરવા માટે મધ્યકાલમાં કેટલાક જ્ઞાતિ તરફ પક્ષપાત ધરાવનારાઓએ પાંડિત્ય નહિ છતાં શ્રીવ્યાસજીનાં પુરાણોને નામે અનેક શ્લોકો લખી દેવાનું ગંભીર અને અન્યાય્ય સાહસ કરીને પોતાની જ્ઞાતિ-પ્રિયતા બનાવી છે. આ છુપાયલું સત્ય આ સમયમાં નિરખવું મુશ્કેલ નથી. માત્ર એ ત્રણ ગ્રંથોનાં સહજ અવલોકનનીજ જરૂર છે, પ્રાચીન આર્ષ ગ્રંથો મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કયસ્મૃતિ, મહાભારત આદિનું અવલોકન કર્યા પછી, બ્રાહ્મણો અને ઇતર વર્ણની પ્રાચીન વ્યવસ્થા સહજ ધ્યાનમાં આવશે. તે લક્ષ્યમાં લીધા પછી બ્રાહ્મણોમાં પડેલા સેંકડો વિભાગોની પ્રાચીનતા સિદ્ધ કરવા માટે જે શ્રમો મધ્યકાલમાં થયા છે, તે અવલોકવા માટે શ્રીવેંકટે-શ્વર પ્રેસ તરફથી પ્રસિદ્ધ થયલા 'બ્રાહ્મણોત્પત્તિમાર્તંડ' ગ્રંથમાં અવગાહન કરવું. આર્ષ ગ્રંથોના વિચારો અને તેની ભાષાની સાથે સ્થળે સ્થળે વ્યાસકૃત પુરાણોનો હવાલો આપનારા આ ગ્રંથનો મુકાબલો કરવો. માત્ર આટલા સહજ પ્રયત્નથી જ ઉપરનું સત્ય તરી આવશે અને અમારા અનુમાનોની રૂપરેખાની વાસ્તવિકતા વિષે કશો સંદેહ રહેશે નહિ. આ જણાવવાનું કારણ એ છે કે, પ્રસ્તુત નિબંધાત્મક ગ્રંથનું મુદ્રણ કરતાં, તે ઉપર મનન કરતાં, જે વિચારોની હૃદયમાં સ્ફૂર્તિ થઇ છે, અને જે માર્ગનું અવલંબન કરીને ઉપરનાં અનુમાનો આલેખ્યાં છે, તે સર્વ જનસમાજ સમક્ષ સ્પષ્ટ હૃદયે રજુ કરવાથી ભવિષ્યમાં એના સંબંધમાં કાંઇ વિશેષ આંદોલન થાય અને તેથી આ વિષય અનેક ચર્ચાઓથી છણાઇને નિર્મલ બને. આવા શુભ હેતુથી જ આ સંબંધે કાંઇક સવિસ્તૃત લખાયું છે અને લખાશે.

શ્રીગિરિનારાયણ જ્ઞાતિની ઉત્પત્તિ.

આજ કાલ સર્વ જ્ઞાતિઓ પોતપોતાની પ્રાચીન સ્થિતિ સંબંધે શોધ ખોળ કરે છે અને તેને માટે લખાયલું સાહિત્ય પ્રકટ કરીને તેની સાથે અતિપ્રાચીન અર્વાચીન સ્થિતિનો મુકાબલો કરીને ઉન્નતિના માર્ગો નો આશ્રય કરવા કટિબદ્ધ થાય છે. આ સન્માર્ગનું અવલંબન શ્રીકચ્છી ગિરિનારાયણ હિત વર્ધક મંડળે કરીને જ્ઞાતિની ઉત્પત્તિ અને ઉન્નતિના સંબંધમાં શોધખોળ કરવાનું કાર્ય હાથ ધર્યું, અને તેને માટે ઉત્સાહક માર્ગ પણ લીધો, જેને પરિણામે આ કાર્ય જ્ઞાતિ સમક્ષ રજુ કરવા ભાગ્યશાળી થવાય છે. જ્ઞાતિની ઉત્પત્તિના સંબંધમાં કચ્છના એક વૃદ્ધ જ્ઞાતિબંધુ રા. રા. જીવરામ દુર્લભજી શુકલે પ્રયાસ કરીને એક સંગ્રહ લખી મોકલ્યો, જેના મુખ્ય આધાર પછી બીજાં સાધનો મેળવવા મંડળ ભાગ્યશાળી થયું છે. ઉત્પત્તિના સંબંધમાં નીચે લખેલા સાધનો પ્રાપ્ત થયાં છે.

૧. સદ્દહું રા. શુકલજીએ લખી મોકલેલો અને આ પુસ્તકમાં મુદ્રિત થયલો સંગ્રહ.

૨. સ્કંદ પુરાણના પ્રભાસ ખંડમાંનું વસ્ત્રાપથ ક્ષેત્ર માહાત્મ્ય, વેંકટેશ્વર પ્રેસ તરફથી છપાયલું અને વૈષ્ણવપરિષત્પુસ્તકાલય તરફથી મળેલું.

૩. શ્રીગિરિનાર માહાત્મ્યનું ગુજરાતી ભાષાંતર, સંવત ૧૯૪૪ માં રા. વકીલ ઇશ્વરજી કચ્છીએ પ્રકટ કરેલું. રા. વસંતરામ શાસ્ત્રી પાસેથી મળેલું.

૪. એક હસ્તલિખિત સંગ્રહ શ્રીનાથદ્વારાના ગોલોકવાસી મુખીઆજી ભીમજીભાઈના સત્પુત્રો રા. વ્રજલાલજી અને રા. યુગલકિશોરજી પાસેથી રા. ચતુર્ભુજ કલ્યાણજીદ્વારા મળેલો.

૫. જામનગરના જોષી રા. રા. ગોવિંદજી દુર્લભરામ પાસેથી પટ્ટની એક નકલ, રા. ગોવર્ધનદાસ કુંવરજી શુકલદ્વારા.

૬. વેંકટેશ્વર પ્રેસ તરફથી છપાયલો 'બ્રાહ્મણોત્પત્તિ માર્તંડ' ગ્રંથ. અને તેમાં 'શ્રીગિરિનારાયણ' જ્ઞાતિ સંબંધે લખાયલા ભાગને એક રંગીન પત્રાકારમાં છાપીને જ્ઞાતિમાં લહાણી કરનાર ઉત્સાહી જ્ઞાતિબંધુ રા. પોપટલાલ મૂળજી જોષીજીના તરફથી નિકળેલાં બે પત્રો.

આ ઉપરાંત સમસ્ત બ્રાહ્મણોના સંબંધમાં લખાયલા કેટલાક ગ્રંથોનો આધાર લઇને આ ઉપોદ્ઘાતની રચના કરવામાં આવી છે.

સાહિત્ય સ્થિતિ.

ઉપર જણાવ્યા પ્રમાણે મધ્યકાલીન જ્ઞાતીય સાહિત્યનું સ્વરૂપ ખ્યાલમાં આવતાં, તેનાં સ્વરૂપને વિશેષ સ્પષ્ટ કરવાને ઉપરનાં સાહિત્યોને આધારે આ પ્રમાણે વિચારશ્રેણી બંધાય છે.

વેંકટેશ્વર પ્રેસવાળા સ્કંદ પુરાણમાં ગિરિનારનું વર્ણન કરવામાં આવેલું છે, અને ત્યાં બ્રાહ્મણો હતા એટલું જ આલેખાયું છે. ઉપર જણાવેલાં નં. ૩ વાળા પુસ્તકમાં સદર્હુ પુરાણ કરતાં કાંઇક જુદી જ રીતે ઘણા મોટા પ્રમાણમાં 'ગિરિનાર' નું માહાત્મ્ય વર્ણવ્યું છે, અને તેમાં ૧૩૧–૧૮૧ પાનાઓ ઉપર ગિરિનારાયણ બ્રાહ્મણોની શ્રેષ્ઠતા સંબંધે ઉલ્લેખ છે. તેથી પણ વધારે ભાગ રા. શુકલે સંગ્રહેલા ગ્રંથમાં છે. તે ઉપરથી જણાય છે કે મૂલ પુરાણમાંના જ ભાગને ઉત્તરોત્તર વધારે અને વિસ્તારથી લખવાના પ્રયત્નો જ્ઞાતિ ઉપર સહજ શ્રદ્ધા રાખનારાઓ તરફથી થયલા હોવા જોઇએ. રા. શુકલના સંગ્રહમાં સ્કંદ પુરાણમાંના એક શ્લોકની પાછળ પાંચ છ શ્લોક નવા લખાયલા જણાય છે, અને પુરાણમાંની કથાને વધારીને વિશેષ માહાત્મ્યવાળી બનાવવાને માટે જ તે શ્રમ કોઇએ લીધેલો લાગે છે. પરંતુ પુરાણમાંના શુદ્ધ શ્લોકો નવા રચાયલા (વ્યાકરણની દૃષ્ટિએ) અશુદ્ધ શ્લોકોમાં લખાયલા છતાં ખોટા મણિસમૂહમાં ખરા મણિ માફક દીપી નિકળે છે, તેનો એક જ દાખલો બસ થશે.

સ્કંદ પુરાણમાંના વસ્ત્રાપથક્ષેત્રમાહાત્મ્યના ૧૭ મા અધ્યાયમાં બલિરાજાના પ્રશ્નમાં માત્ર નીચેનો એક જ શ્લોક મુકયો છેઃ—

कोऽयं रैवतको नाम व्रतं किं विष्णुवल्लभम् ?
शिवा वृक्षास्तु के प्रोक्तास्तत्कथं कथयस्व मे ॥

ઉપરના એકશ્લોકાત્મક પ્રશ્નને બદલે રા. શુકલજીએ મોકલેલા નિબંધમાં ૬ા શ્લોકોથી પ્રશ્નનિરૂપણ છે. નારદના પ્રત્યુત્તરના શ્લોકોમાં પાઠફેર તથા અશુદ્ધિ તથા કવચિત્ વૃદ્ધિ પણ જણાય છે. ત્યાર પછી તો સ્કંદ પુરાણનો ભાગ અને આ પુસ્તકનો ભાગ જુદી જ દિશામાં વહે છે. કવચિત્ એકત્ર થાય છે, ને કવચિત્ ભિન્ન રહે છે. વિસ્તાર ભયથી એનું વિશેષ વિવેચન ન કરતાં જીજ્ઞાસુઓને તે સમાલોચના કરવાનું સોંપી પ્રસ્તુત વિષયનું અવલંબન કરવામાં આવે છે.

ઉપર જણાવેલા વિચારોથી એટલું નિશ્ચિત થાય છે કે એ સમય જ

એવો હતો કે, જ્ઞાતિમાં અગ્રણી ગણાતા લોકો જ્ઞાતિની પ્રાચીનતામાં જ જ્ઞાતિનું ગૌરવ માનીને જનસમૂહના મનમાં જ્ઞાત્યભિમાનનાં અને કુલાભિમાનનાં અંકુરો ઉત્પન્ન કરતા. શ્રદ્ધાવાળો, વિશ્વાસવાળો સાધારણ વર્ગ એ અગ્રણી ગણાતાઓના વચનને વેદ-વચન જેવાં ગણીને શક્તિના અભાવે તેનો કાંઇ પણ વિચાર કર્યા વિના આવા ગ્રંથોને જ સ્વતઃ પ્રમાણ માનતો. પણ હવે સમય પલટાયો છે.

ચાલુ સમયમાં લોકો અંધ શ્રદ્ધા કરતાં તર્ક અને બુદ્ધિ ગમ્ય વાતોને પ્રાધાન્ય આપે છે એ એક સર્વમાન્ય વાત છે. તો તેવા જમાનામાં સ્કંદ પુરાણવાળો ભાગ કેટલા આદર તથા વિશ્વાસને પાત્ર થશે એ સહજ સમજી શકાય તેમ છે. છતાં પણ ભાષાની આલંકારિકતા, વર્ણનોમાંની અતિશયોક્તિઓ તથા કેટલાંક રૂપકો, કે જેનું રહસ્ય આપણે હાલમાં સમજી શકતા નથી એ બધાંને બાજુએ મૂકીએ તો પણ એટલું તો સ્પષ્ટ જણાઇ આવે છે કે આપણા સૈકાઓ પૂર્વેના પૂર્વજો અતિ વિદ્વાન, પ્રતાપવાન, બ્રહ્મજ્ઞ અને સાધુ જીવન ગાળનારા હોવા જોઇએ, અને તેથી સમાજમાં અતિ ઉચ્ચ સ્થાન ધરાવનારા, પૂજ્ય અને પ્રતિષ્ઠિત હોવા જોઇએ.

श्रीगिरिनारायण संज्ञानी प्राचीनतानो सबल पुरावो.

'ગિરિનારાયણ' એ નામની પુરાતનતાના સંબંધમાં પ્રકાશ પાડનારૂં એક લખાણ અમારા વાંચવામાં આવ્યું છે તે અત્ર ઉતારી લેવું ઉચિત ધારીએ છીએ. મુંબઇના સુવિખ્યાત સોલીસીટર રા. રા. ભાઇશંકર નાનાભાઇના આશ્રયથી જામનગરવાળા આપણા સદ્‌ગત શાસ્ત્રીજી કાલીદાસ ગોવિંદજીએ "રેવાબાઇ ધર્મ શિક્ષણ માળા" નામનાં આર્ય ધર્મ સંબંધી ઘણી સરળતાથી પણ સચોટ જ્ઞાન આપતાં પાંચ પુસ્તકો લખ્યા છે. તેમાનાં ૪ થાં પુસ્તકમાં "તીર્થ યાત્રાનો ક્રમ" એ પ્રકરણમાં એક સ્થળે લખ્યું છે કેઃ—

"જેઠવા રજપૂતોની રાજ્યધાની ધુમલી જ્યારે આબાદ હતી ત્યારે તેમાં લખાયલું વ્રતની કથાનું એક પુસ્તક જામનગરના શાસ્ત્રી કાલીદાસ ગોવિંદજીના ઘરમાં છે. એ કથાનાં છેલ્લા પાનામાં તથા તેની પાછળ લખેલું છે કેઃ—'સંવત ૧૧૫૧ વર્ષે શ્રાવણ શુદિ ૨ ભૃગુદિને લખિતંગ મોહનજી સુત વલ્લભે ગિરિનારાયણ જ્ઞાતિએ.

લખતંગ ઠાકર મોહનજી સુત વલ્લભજીયે નાગર શામજીને ઘરે બેસ લખું છે. શ્રી ધુમલી મધ્યે શ્રી ગણેશ ફલીઆમાં લખું

છે ॥ ૧ ॥ લખીતંગ ગરનારાયણ જ્ઞાતિય જોસ હિવેચા માધવજી કાનજીનો જી વાચે તેને પ્રણામ છે. રહે છે હાથી ચકલામાં સંવત ૧૧૫૨ ના શ્રી ગણેશાય નમઃ'

આ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે ગિરિનારાયણ એ નામ આઠસો વર્ષ જેટલું તો પુરાતન છેજ.

શુક્લ જીવરામભાઇના લેખનો બીજો ભાગ શિવદત્ત ભટ્ટે વિક્રમ સંવત ૧૬૮૨ માં ત્રોળી મુકામે કરેલ કોટિ હોમાત્મક મહાયજ્ઞ પ્રસંગે લખાયલો સંસ્કૃત પદ્ય બંધ નિબંધ છે. જે આપણી જ્ઞાતિમાં સામાન્ય રીતે પટલનાં નામથી ઓળખાય છે. અને જેની તામ્ર પત્રપર લખેલી પ્રતો કચ્છ, જામનગર, જુનાગઢ અને માધવપુરના ભાઇઓને ત્યાં હજુ મોજુદ છે. એ લેખ ઐતિહાસિક દૃષ્ટિથી પ્રમાણભૂત માની શકાય તેવો છે. એ લેખ આઠ ભાગમાં વિભક્ત છે. પહેલો ભાગ પ્રસ્તાવનારૂપ છે. બીજા, ત્રીજા અને સાતમાં પાટલાનો ક્રમ, કે જે આઠ જણની કમીટીએ નક્કી કર્યો છે તે આપવામાં આવ્યો છે. આ ક્રમ કયા ધોરણ ઉપર રચાયો હશે તે જાણી શકાતું નથી. પરંતુ એ ક્રમ તે અવટંકીઓની સંખ્યાના વધતા ઓછાપણાને સૂચવનાર હોય એ બનાવ જોગ છે. ચોથા અને પાંચમાં વિષયમાં ગોત્ર, વેદ, શાખા પ્રવર અને સૂત્ર જણાવવામાં આવ્યાં છે. આ વિષય બ્રાહ્મણોને માટે અતિ ઉપયોગી છે. દરેક ધાર્મિક ક્રિયાઓના સંકલ્પ કરતી વખતે એ બધાં બોલી તે તે કાર્ય શરૂ કરાય છે, અને તેમ કરતાં પોતે કયા કયા ઋષિઓના વંશજો છે તેનું સાભિમાન સ્મરણ રહેવા સાથે, પોતે તે તે ઋષિઓના તનુજો હોઇ પોતાના આચાર વિચાર અને વર્તનમાં શુદ્ધતા અને પવિત્રતા રાખવાનું સૂચન થાય છે. આઠમો વિષય ઉપસંહારરૂપે છે.

હવે એ નિબંધના સામટા સારરૂપે વિચાર કરતાં જો કે જ્ઞાતિની તે વખતની પરિસ્થિતિ સંબંધી બહુ પ્રકાશ પડતો નથી. તો પણ એટલું તો જણાઇ આવે છે કે જ્ઞાતિની એક વ્યક્તિ—શિવદત્ત[1] ભટ્ટ સારી આર્થિક

---

૧. નાથદ્વારાથી મળેલા લિખિત સંગ્રહમાં શિવદત્ત ભટ્ટનો ઇતિહાસ આપવામાં આવ્યો છે. પણ તે ત્રુટિત હોવાથી અત્ર ઉલ્લેખાયો નથી. એમાં માત્ર શિવદત્ત ભટ્ટના પિતા ગોવિંદભટ્ટ, જે મહાન્ વિદ્વાન હતા, અને પોતાના પાંડિત્યથી સર્વ સ્થલે પંડિતોનો વિજય કરતા એમ જણાવવામાં આવે છે, તેમનો વૃત્તાંત તથા તેમનો અને શ્રીવલ્લભાચાર્યજીના વંશના શ્રીદીક્ષિતજી મહારાજનો સંબંધ વર્ણવ્યો છે. જણાવવામાં આવ્યું છે કે ત્યારથી જ તેમણે પુષ્ટિમાર્ગીય દીક્ષા લીધી, અને તે સમસ્ત જ્ઞાતિમાં ચાલુ થઇ.

સંપત્તિવાન તથા ધર્મપરાયણ હોવા જોઇએ. અને બીજા જ્ઞાતિજનો પણ સાધારણ પણે સુખી હોવા જોઇએ એવું અનુમાન કરવામાં પણ કંઇ બાધ નથી. વળી મહેતા પદ્માકરે યજ્ઞ પ્રસંગના ટુંક સમયમાં જ સંસ્કૃત શ્લોકબદ્ધ નિબંધ તૈયાર કરી આપ્યો એ ખુલ્લું બતાવી આપે છે કે જ્ઞાતિની અંદર વિદ્યાનો પ્રચાર પણ સારો હોવો જોઇએ. વળી તે વખતે ૧૧૦૦ ઘરનો જે સંવાદ કહેવાય છે તે સંપૂર્ણ ઐક્ય ધરાવતો હતો એટલુ જ નહિ, પણ સર્વાનુમતે આઠ જણની કમિટી નીમી જે પાટલાનો ક્રમ તેમણે નક્કી કર્યો તે કંઇ પણ હઠાગ્રહ, વિતંડાવાદ કે તકરાર વગર માન્ય રાખ્યો, એ પણ એમ પુરવાર કરે છે કે તેઓ સલાહ શાંતિ અને નિયમ સુબદ્ધપણે કાર્ય કરી શકતા હતા.

જ્ઞાતિની ૧૧૦૦ ઘરની સંખ્યા કયારથી થઇ એ સંબંધે પરસ્પર વિરૂદ્ધ લખાણ જોવામાં આવે છે. નિબંધાષ્ટકની શરૂઆતમાં જણાવ્યું છે કે. "ગિરિનારાયણ જ્ઞાતિય ભટ્ટ ગોવિંદના પુત્ર શિવદત્ત **અગ્યારસો** સંખ્યાવાળા જ્ઞાતિભાઇઓને" વગેરે; જ્યારે "બરડાઇ ગિરનારાઓ જુદા પડવાનું કારણ" એ મથાળાં હેઠળ જણાવ્યું છે કે "શિવદત્ત ભટ્ટના યજ્ઞમાં એકંદર ગિરનારા **ત્રણહજાર**ની સંખ્યા મળી હતી" વગેરે. અત્રે શંકા ઉપસ્થિત થાય છે કે ૧૧૦૦ ની સંખ્યા શિવદત્ત ભટ્ટના યજ્ઞ સમયે છુટી પડી કે તે પહેલાં પડેલી હતી. અને પહેલાં હોય તો કયારે ? વળી એ પ્રશ્નનાં નિરાકરણ ઉપર આપણે વૈષ્ણવ ધર્મ કયારે સ્વીકાર્યો તેના નિર્ણયનો પણ આધાર રહેલો છે, કારણ કે બરડાઇઓનાં છુટા પડવાનાં કારણમાં સંપ્રદાય બદલવાના પ્રસંગને જવાબદાર ગણવામાં આવ્યો છે.

લેખનો છેવટનો ભાગ જુદા જુદા વિભાગો છુટા પડવાનાં કારણો સંબંધી છે.

બરડાઇઓનાં છુટા પડવાનાં કારણ તળે જણાવવામાં આવ્યું છે કે, ધોળકા ધંધુકામાં ગિરનારાના ભાટ રહે છે. તો તે ભાટોના જુના ચોપડાઓ મેળવી જેટલો જુનો ઇતિહાસ મેળવી શકાય તેટલો મેળવવાની જરૂર છે.

આ સમગ્ર ગિરિનારાયણ જ્ઞાતિને લગતો પ્રશ્ન છે. તો હાલે સમસ્ત ગિરિનારાયણ જ્ઞાતિની ઉન્નતિ અર્થે સ્થાપિત થએલ અને પ્રશંસાપાત્ર પ્રયત્ન કરી રહેલ શ્રીગિરિનારાયણ મહામંડળના નેતાઓને અમે આ સ્થળે ઉપર્યુક્ત બાબતમાં તપાસ કરવા વિનંતિ કરીએ છીએ.

આજકીઆ જુદા પડવાનાં કારણુવાળાં લખાણુના છેવટના ભાગમાં લખ્યું છે કે સં. ૧૯૪૩ ના વરસમાં જોશી જયશંકરના મહારૂદ્રમાં ૧૧૦૦ આજકીઆઓનો ખુલાસો કરી પંક્તિમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ લખાણુ ભૂલ ભરેલું છે. પ્રથમ તો આજકીઆની સંખ્યા ૧૧૦૦ જેટલી હોવી સંભવીત નથી. વળી તપાસ કરતાં જણાયું છે કે ઉપર્યુક્ત યજ્ઞ પ્રસંગે માત્ર એ આજકીઆ જે લાંબા સમયથી જુનાગઢમાં રહેતા હતા અને જુનાગઢીઆની સાથે યજ્ઞમાં ગયા હતા, તેમને માટેજ કેટલીક છુટછાટ મૂકવામાં આવી હતી. બીજા આજકીઆનો નિકાલ ૧૧૦૦ ના સમસ્ત સંવાહે સર્વાનુમતે કર્યો હોય એમ જણાતું નથી. આ બાબત હાલ શ્રી ગિરિનારાયણુ ત્રિમાસિકમાં ચર્ચાય છે, અને આશા છે કે તેનો કંઇ સંતોષકારક ખુલાશો થઇ જશે.

હવે, એ બધાં છુટા પડવાનાં કારણોનો સાર બારીકીથી લક્ષમાં લેતાં, એટલું તો પ્રથમ દૃષ્ટિએજ જણાઇ આવે છે કે છુટા પડવાનાં કારણો એવાં નથી કે પુનઃ સંયુક્ત થવામાં કોઇ પણ પ્રકારનો ધર્મ કે શાસ્ત્ર મર્યાદાનો બાધ આવે. જોકે જે સંયોગો વચ્ચે જુદા પડવાનું જણાવવામાં આવ્યું છે, તે પ્રસંગો એવા છે કે તે વખતે જુદાઇ થઇ જાય તેમાં નવાઇ જેવું નથી. પરંતુ માણુસ માત્ર ભૂલ કરે છે. તેથી કોઇ જુસ્સા કે ગુસ્સાના આવેશમાં એક કામ થઈ ગયું હોય અને તેનું ગેરવાજવીપણું પાછળથી મગજની શાંતિ અને સ્થિરતાના સમયે જણાયા છતાં, મમત અને હઠાગ્રહને પકડી રાખી સ્થિતિમાં સુધારો ન કરવો એ કોઇ પણ રીતે ડહાપણુ ભરેલું તો નહિજ કહી શકાય. આવાંજ કારણોથી બધી જ્ઞાતિઓ છિન્ન ભિન્ન થતી ચાલી છે. અને તેને લીધે કેટલીએક નાતો તો એટલી ટુંકી થઈ ગયલી કહેવાય છે કે તેમાં ઘણાજ અયોગ્ય લગ્ન સંબંધો જેવા કે મામા માસીનાં છોકરાંઓ વચ્ચે-થવા લાગ્યા છે. કેટલીક નાતોમાં કન્યાની અછતને લીધે કન્યાવિક્રય અને કેટલીકમાં વરની અછતને લીધે વરવિક્રય થવા લાગ્યા છે, તે પણુ નજીવી બાબતોમાં મમત પકડી નાતોને સંકુચિત કરી નાંખવાને લીધે છે. કેટલીએ નાતો આવાં કારણોથી ઘસાઇ ભુંસાઇ ગઇ છે, અને એવા દાખલાજ જ્ઞાતિ સંસ્થા વિરોધીઓના હાથમાં હથીઆરરૂપ થઈ પડે છે. માટે વિચારવંત પુરૂષોને ઉચ્ચીત છે કે જુના ઝગડાઓને તિલાંજલી આપી સમાન આચાર વિચારવાળા જુદા પડી ગયેલા પોતાના ભાઇઓ સાથે ઐક્ય સાંધી

પોતાની જ્ઞાતિને લગભગ સુકાઇ ગએલા નામાવશેષ માત્ર રહેલ ઝરણાં જેવી નહિ થઇ જવા દેતાં, જ્ઞાતિને ગંગાનું નામ આપવામાં આવે છે, તે પ્રમાણે, સમૂહનાં ઐક્યરૂપ નિર્મળ જળથી પોતાની જ્ઞાતિ ગંગાને વેગવતી અને બળવતી બનાવી ગંગા નામનું સાર્થક કરવું જોઇએ.

અસ્તુ !

अवटङ्क अने गोत्र.

અવટંક અને ગોત્રના નિર્ણયની આવશ્યક્તા આર્ષ ગ્રંથોમાં જોવામાં આવે છે તેનું કારણ એ છે કે, સમાન ગોત્રમાં લગ્ન–પાણિગ્રહણ થઇ શકે નહિ. જો ગોત્રનો નિર્ણય સ્મૃતિમાં ન હોય તો ધર્મશાસ્ત્ર વિરુદ્ધ લગ્ન થઇ જવાનો ભય રહે છે. કેટલાક વર્ષ અગાઉ તે ગોત્રમાં સંદેહાત્મક લગ્ન થયલાં અને તેને લીધે જ્ઞાતિમાં મોટો પ્રશ્ન ઉઠેલો, અને પટલોની શોધખોળ થયલી હતી. અમે ૪ જાતના પટલો મેળવ્યાં છે, અને તે ઉપરથી નીચે પ્રમાણે અવટંક અને ગોત્રની સમજણ આપવામાં આવે છે. આ વ્યવસ્થા કરવાનું માન શિવદત્ત ભટ્ટને ઘટે છે.

શ્રી દામોદર વિભાગ.

સંખ્યા.	અવટંક	ગોત્ર
૧	જાની જેતપુરા	ભારદ્વાજ
૨	મેતા પસ્વાલીઆ	કાશ્યપ
૩	ભટ્ટ સીંધાળીયા	ભારદ્વાજ
૪	પુરોહિત લીંઓડીઆ	કૌચ્છસ
૫	વ્યાસ દાત્રાયણીઆ	કૌરવસ
૬	ઠાકર બામણાસીઆ	મૌનવસ
૭	ઠાકર મોરડીઆ	સૌદામસ
૮	ઠાકર ચાટ	કૌશસ
૯	પાઠક ચોરવાડા	કૃષ્ણાત્રિ
૧૦	ઠાકર ચોપડા	શાંડિલ્ય
૧૧	ઠાકર કંકાસીઆ	વચ્છસ
૧૨	પંડયા ગીદડીઆ	ભારદ્વાજ
૧૩	જોષી પાણીછંડા	
૧૪	જોષી ડાકણમાર	ભાગીનસ

૧૫	[1]ઉપાધ્યાય બાલાગામીઆ	કૌરવસ
૧૬	[2]ત્રવાડી	કૌચ્છસ
૧૭	ઠાકર વાથેરા	કૌચ્છસ
૧૮	પંડયા મકતુપુરા	કૌરવસ
૧૯	જોષી ખેરીઆ ઓઝા	કૌરવસ
૨૦	પુરોહિત માધવપુરા	કૃષ્ણાત્રિ
૨૧	ભટ્ટ કંસારીઆ	કાસ્યપ
૨૨	જોષી સ્વસ્થાનીઆ	કાસ્યપ
૨૩	જોષી સાંકળીઆ	વસિષ્ઠ

શ્રી માધવપુર[3] વિભાગ.

સંખ્યા.	અવટંક.	ગોત્ર.
૧	પુરોહિત માધવપુરા	કૃષ્ણાત્રિ
૨	ઠાકર નગરોત્તરા	કૃષ્ણાત્રિ
૩	પંડયા માવદીઆ	કૃષ્ણાત્રિ
૪	પંડયા પાદોળીઆ	કૃષ્ણાત્રિ
૫	ઠાકર પઢીયાર	કૃષ્ણાત્રિ
૬	ઠાકર ટીલાકર	શાંડિલ્ય
૭	ભટ્ટ કોટડીઆ	વચ્છસ
૮	જાની વાનાવડા	ભારદ્વાજ
૯	ઠાકર ભાડેરા	સૌદામસ
૧૦	ઠાકર ખેરીઆ	સૌદામસ
૧૧	ઠાકર સેરીઆ	ગાર્ગ્ય
૧૨	જોષી દ્વિવિચ્યા	ભારદ્વાજ
૧૩	જોષી પાદોળીયા	કૃષ્ણાત્રિ
૧૪	જોષી પીખોડીયા	કૃષ્ણાત્રિ
૧૫	જોષી સોમપુરા	ભારદ્વાજ

૧. ઉપાધ્યાય બાલાગામીઆનું ગોત્ર આ નિબંધમાં તેમ જ બ્રાહ્મણોત્પત્તિ માર્તણ્ડમાં શાંડિલ્ય છે, જ્યારે શ્રીનાથદ્વારાથી, શ્રીજામનગરથી, જુનાગઢથી, કચ્છથી, મળેલાં લિખિત પટલોમાં કૌરવસ છે, તેનો છેવટનો નિર્ણય ‘ કૌરવસ ગોત્ર છે ’ એમ જ્ઞાતિબંધુઓના મોટા ભાગે કરેલો જણાયો છે.

૨. આ ‘ ત્રવાડી ’ ‘ ભદ્રેશ્વરા ’ કહેવાય છે.

૩. માધવપુર વિભાગમાં દક્ષિણાનુક્રમમાં ઉપરની પંદર અવટંકો ઉપરાંત બીજી બે અવટંકો નજરે પડે છે. ૧ ઉપાધ્યાય માધવપુરા, ૨. જોષી ભલીઆ.

उन्नति संबंधी बे बोल.

ઉન્નતિનો વિષય એવો સર્વદેશી છે કે કોઇ પણ એક વિશિષ્ટ જ્ઞાતિની ઉન્નતિનો વિચાર કરવા લાગતાં સમગ્ર દેશની ચડતી પડતીનો વિચાર કરવો અપેક્ષિત છે, કેમકે ઉન્નતિ સાધવામાં દેશની દરેક જ્ઞાતિ અને જાતિનો પરસ્પર સમ્બન્ધ છે. કોઇપણ વ્યક્તિ, જ્ઞાતિ કે દેશની ચડતી પડતીનો મુખ્ય આધાર તેનાં સ્વધર્માચરણ ઉપર અવલંબેલો છે, તે ઉપરાંત રાજ્યવ્યવસ્થા તથા સમાજનું બંધારણ પણ તેમાં અગત્યનો હિસ્સો આપે છે.

આપણા શાસ્ત્રોમાં મનુષ્ય માત્રને માટે સાધારણ ધર્મનું નિરૂપણ કરતાં જણાવવામાં આવ્યું છે કે, "સત્ય, દયા, ઉપવાસ આદિ વ્રત, સ્વચ્છતા, સહનશક્તિ, યોગ્યનું તથા અયોગ્યનું વિવેચન, ઇન્દ્રિયોનો નિગ્રહ મનનો નિગ્રહ, અહિંસા, બ્રહ્મચર્ય, સુપાત્રમાં દાન, યોગ્ય ગ્રંથોનો અભ્યાસ, સરલતા, સંતોષ, મહાત્માઓનું સેવન, ધીરે ધીરે વિષયોની લાલસામાંથી મુક્ત થવું, વ્યવહારિક કામોમાં આવી પડતા અનર્થોનો વિચાર, વૃથા ભાષણનો ત્યાગ, પોતાનો (આત્માનો) વિચાર, યોગ્ય રીતે બીજા પ્રાણીઓને અન્નાદિકમાંથી ભાગ આપ્યા પછી અન્નાદિકનો ઉપયોગ કરવાની ટેવ, પ્રાણીઓને આત્મારૂપ તથા ઇશ્વરરૂપ સમજવા ઉપરાંત મનુષ્યોને તો વિશેષ કરી પોતાના આત્મારૂપ તથા ઇશ્વરરૂપ સમજી તેમનું પ્રિય તથા હિત કરવાનો ઉદ્યમ, ઇશ્વરનું શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવન, પુજન, ઇશ્વરને પ્રણામ, ઇશ્વરની આગળ દાસપણું, ઇશ્વરની સાથે મૈત્રી, અને ઇશ્વરને જ પોતાના આત્માનું અર્પણ, એ ત્રીસ લક્ષણવાળો ઉત્તમ ધર્મ સર્વ માણસોને માટે સાધારણ છે, કે જે અમુક વર્ણને માટે જ, અમુક આશ્રમને માટે જ, અમુક પંથને માટે જ, સ્ત્રીઓને માટે જ કે પુરૂષોને માટે જ નથી, પણ સઘળાં માણસોને માટે સમાન છે." જ્યાં સુધી હિંદુસ્થાનના સર્વ આર્યજનો પોતપોતાના વિશેષ ધર્મ પાળવા ઉપરાંત એક સરખી રીતે આ સાધારણ ધર્મ પાળતાં હતાં, ત્યાંસુધી હિંદુસ્થાનની અખંડ ચઢતી કળા જ રહી હતી. યથાશકિત સર્વ લોકોનું, પ્રિય તથા હિત થાય એવા ઉદ્યમો કરી તથા તેવા ઉદ્યમો કરવાનું ઉછરતી પ્રજાઓને શીખવી, છેવટ સઘળી લાલસાઓને છોડી દઇ નિવૃત્તિ પરાયણ થવું એ આપણા ધર્મનું મૂળ રહસ્ય છે. ધર્મનું મુખ્ય ફળ નિવૃત્તિપરાયણ થવું એ છે, અને

ક્ષન અને શારીરસંપત્તિ વગેરે સુખો અવાંતર (પેટાનાં) ફળ છે. ધર્મ પાળવાથી જ્યારે આ પેટાનાં સર્વ સુખો પ્રાપ્ત થયાં ત્યારે હિંદુસ્થાનના લોકો સુખોમાં જ આસક્ત રહી ક્રમે ક્રમે ધર્મને વીસરી જવા લાગ્યા. સમય જતાં ધર્મ વીસરી જવાયાથી તથા પોતાનાં સુખોને આબાદ રાખવાનો દુરાગ્રહ વધી પડવાથી લોકોમાં લાલચ, વૈર, કુસંપ તથા એકલપેટાપણા વગેરે અધર્મના અંશોએ દિવસે દિવસે પગપેસારો વધારવા માંડયો. આમ થયા છતાં પણ અમુક કાળ સુધી પહેલું ગયેલું સુખ ટકી રહ્યું હતું. પણ તે વિખેરાઇ જવાની સ્થિતિમાં આવ્યા કરતું હતું. આવી રીતનો કેટલોક સમય વ્યતીત થયા બાદ કેટલીક રાજ્યક્રાંતિઓ થવાથી હિંદુ રાજાઓનું ચક્રવર્તીપણું ટળી જઇ મુસલમાન બાદશાહોનું ચક્રવર્તીપણું થયું હતું તેઓમાંના કેટલાકો ઘણા ધર્માંધ તથા દુરાગ્રહી હોવાને લીધે આર્યજનોમાં અવશેષ રહેલો ધર્મ પણ તૂટવા લાગ્યો હતો. આમ છતાં પણ કેટલાંક બ્રાહ્મણો વગેરે આર્યજનો મુસલમાનોના બળાત્કારો વગેરેનું કષ્ટ સહન કરીને પણ સ્વધર્મ પાળવા ઉપર તથા બીજા આર્યજનોને સ્વધર્મ પળાવવા ઉપર ચુસ્ત રહેતા હતા.

તેટલામાં મુસલમાનોનું ચક્રવર્તીપણું ટળી જઈ સલાહ, શાંતિ, સમતા અને સ્વાતંત્ર્યના ઉપાસકો અંગ્રેજોને ચક્રવર્તીપણું પ્રાપ્ત થયું છે. તેઓ ધર્મની બાબતમાં સહિષ્ણુતા ધરાવે છે. પરંતુ રાજ્યને લગતું કામકાજ ચલાવવા હિંદુસ્તાનીઓને અંગ્રેજી રૂઢીની કેળવણી આપવાની જરૂરી અંગ્રેજોને જણાઇ. આથી અંગ્રેજી કેળવણીનો પ્રચાર થયો. સ્થળે સ્થળે સ્કૂલો સ્થપાઈ: સરકારી નોકરી મેળવવાના પ્રબળ લોભમાં પડી માબાપો પોતાનાં બાળકોને બચપણથી જ અંગ્રેજી ભણાવવાનું શરૂ કરી, તે વખતમાં ભાંગેલી તૂટેલી પણ કંઇક અંશે બચેલી આપણી જૂની ધર્મશિક્ષણ પદ્ધતિનો ભોગ અપાતો હોવાની પણ કશી દરકાર ન કરવા લાગ્યાં. અંગ્રેજી નોકરી મેળવવામાં આર્ય ધર્મનાં જ્ઞાનની કશી જરૂર ન હોવાનો મત ચોમેર ફેલાવા લાગ્યો. અંગ્રેજી ભણીને આપણા દેશના પ્રમાણમાં સારા જેવા પગાર મેળવવા લાગ્યા. તેથી પરંપરાથી કેટલોક સંકોચ વેઠી વેઠીને પણ આર્ય ધર્મ પાળવામાં તથા પળાવવામાં ચુસ્ત રહેતા હતા તેવાઓની પણ વૃત્તિઓ ક્રમે કરી લોભાંધપણામાં દોરાઈ જવા લાગી અને જેમાં પ્રવૃત્તિની જ પ્રધાનતા છે એવાં અંગ્રેજી શિક્ષણમાં આપણા ઉંચામાં ઉંચા નિવૃત્તિ પ્રધાન ધર્મનું કશું પણ શિક્ષણ ન મળવા લાગ્યું. આથી

એમ બન્યું કે, પ્રથમમાં થોડું ઘણું કામ ચલાઉ અંગ્રેજી શીખેલાઓને નોકરીઓ મળવા લાગી. દેખાદેખીથી મજુર તથા કારીગર લોકો પણ પોતાનાં બાળબચ્ચાંઓને પોતાના ધંધાનું શિક્ષણ નહિ આપતાં અંગ્રેજી ભણાવવા લાગ્યા, અંગ્રેજી ભણેલાઓને અંગ્રેજી રસમ અને રીત-રિવાજો તરફ મોહ વધવા લાગ્યો. દેખાદેખીથી અભણ સ્ત્રી પુરૂષોનાં વલણ પણ તેવાં જ થવા લાગ્યાં, દેશી પોશાક વગેરેના સાદાપણા તથા ટકાઉપણાના ગુણો વિસરાઇ જવા લાગ્યા, તેથી સારા સારા દેશી હુન્નરોનાં મૂળ કપાઇ જવા લાગ્યાં અને નોકરી જેવી કનિષ્ટ ચીજ ઇષ્ટ મનાવા લાગી-વિદ્યા સ્વાતંત્ર્યને આપનારી ગણાય તેને બદલે આજે નોકરી–પરતંત્રતા તે ભણતરનું સાર્થકય મનાવા લાગ્યું. અને "છોકરો ઠીક નોકરીસર છે." એમ બોલાઇ સંતોષ મનાવા લાગ્યો. ટુંકામાં વર્ણા-શ્રમની પ્રથા તુટી જઇ એક નોકરીઆત વર્ગ નામે નવો જ વર્ગ ઉભો થયો, સ્વધર્મનું કંઇપણ શિક્ષણ નહિ મળેલું હોવાથી ધાર્મિક ક્રિયાઓ અને સંસ્કારોનાં ઉંડાં રહસ્યો ન સમજી શકાયાથી તે બધાં ગપાટા તરીકે ગણાવા લાગ્યાં. ખરૂં કહ્યું છે કે "જે દેશની પ્રજાને સ્વધર્મ ઉપરથી શ્રદ્ધા ઉઠી જાય તે દેશનો ક્રમે ક્રમે વિનાશ જ નજદીક આવતો જાય છે."

આવી રીતે એક તરફથી દેશની પડતીનો અફસોસ કરવા લાગીએ ત્યાં બીજી તરફથી મનમાં એમ પણ આવે છે કે હિંદુસ્તાનને પોતાની ભૂલનું જે ફળ મળવું જોઇએ તે જ ફળ મળ્યું છે.

હવે આપણા ધર્મની અને દેશની ચડતી કેમ થાય તેનો વિચાર કરીએ.

ધર્મના સંબંધમાં તથા જાતમહેનતથી ઉદ્યોગ હુન્નરના સંબંધમાં આપ-ણને પરતંત્રતા નથી. હાલની સ્થિતિ જોતાં મુસલમાનના રાજ્ય અમલના વખતની પેઠે જુલમથી પરધર્મ સ્વીકારવાનો પ્રસંગ નથી ત્યારે હિંદુસ્તા-નની પ્રજાએ વિચાર કરીને સ્વધર્મમાં તથા જાત ઉદ્યોગમાં દઢતા રાખીને પ્રવર્તવું યોગ્ય છે. આપણા વેદશાસ્ત્રનાં તત્ત્વોને જાણનારા અને હાલ કહેવાતા નામના સુધારાઓની મોહજાળને લાગ નહિ આપનારા પ્રતિષ્ઠિત વિદ્વાન બ્રાહ્મણોની વારંવાર સલાહ લઇ, વિચારશીલ લેખકોના હાથથી ખરા આર્ય ધર્મનાં પુસ્તકો રચાવી તેઓનું શિક્ષણ શાળાઓમાં ચાલતું થાય, એવી યોજનાઓ થવી જોઇએ. શિક્ષણના કોઇ

પણ પુસ્તકમાં અધર્મની, વિધર્મ, પર ધર્મ, આભાસ, ઉપમા તથા છલ એ પાંચ શાખાઓમાંની કોઇ પણ શાખા જરા પણ પ્રવેશ કરવા ન ન પામે, એવી સાવચેતી રાખવી જોઇએ. કેટલાએક સમજુ અંગ્રેજો પણ હિંદુસ્તાનની પ્રજાને મળતી કેળવણી ધર્મનું શિક્ષણ નહિ મળતું જોઇ દિલગીરી જણાવે છે. ઇશ્વરની મોહોટાઈ, આપણાપર મમતા તથા તેણે આપણા સુખ માટે કરેલી સોઇ વગેરે બાબતો જેઓનાં મનમાં આવશે, તેઓ કદી પણ નાસ્તિક નહિ થાય. પ્રથમ તો આ વિષયના આરંભમાં જણાવેલા મનુષ્ય માત્રના સાધારણ ધર્મનો અને પછી તે તે વર્ણોના તથા તે તે આશ્રમોના વિશેષ ધર્મોનો પણ ઉદય થવો જોઇએ.

બચ્ચાંઓને નાહાનપણથી જ સ્વધર્મનું શિક્ષણ આપવાની રુઢી પ્રાચીન સમયની પેઠે હાલ પણ ચાલુ થાય તો મોટપણે પણ કદી એઓનાં મનમાં પાપાચરણનો પ્રવેશ થાય નહિ. દરેક હિલચાલ પાર ઉતારવાને માટે સંગીન ઐક્યની વિશેષ જરૂર છે અને તેવું ઐક્ય હિંદુસ્તાનની સઘળી પ્રજાના મનમાં પંથોની ગડબડ વગરનો પ્રાચીન ધર્મ ઠસ્યા વગર પ્રાપ્ત થવાનુ નથી.

જેઓએ વર્ણાશ્રમ ધર્મમાં ભંગાણ પાડી લોકોને બીજી રીતમાં દોરી જવાનો પ્રયત્ન કર્યો છે તથા જેઓ કરે છે, તેઓને ઐક્યના શત્રુ તથા સાધારણ ધર્મના શત્રુજ સમજવા જોઇએ. હાલની સરકારી ચાતુરીથી સ્થાપયેલાં ટપાલ, આગ ગાડી, તાર, મુદ્રણ કળા ચોપાનીઆં તથા વર્તમાન પત્રો વગેરે વ્યવહારનાં સાધનો સઘળી આર્ય પ્રજામાં કુટુંબભાવ વધારવાની તથા દૂર દેશનાં વિદ્યા, હુન્નર વગેરેનું ગ્રહણ કરવાની આપણને ઘણી સગવડ કરી આપે એમ છે. આર્યપણાનું તેજ તથા આર્ય દેશનું તેજ આર્ય ધર્મ પાળવામાંજ સમાયલું છે. દેશમાં લોકોનું ઐક્ય થવું, લોકોનું સંપત્તિમાન થવું તથા ધનધાન્યની વૃદ્ધિ થવી ઇત્યાદિ ઇશ્વરની કૃપાનાં લક્ષણ છે અને તે ઇશ્વર કૃપા સત્ય વગેરે સાધારણ ધર્મની સાથે વર્ણાશ્રમના વિશેષ ધર્મ પાળ્યા વગર પ્રાપ્ત થતી નથી, એમ સર્વના મનમાં ઠસવું જોઇએ. આર્ય લોકોએ ઇશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરી ઘણે ભાગે સ્વધર્મને છોડી દઇ, કેટલાંએક પાપાચરણનું ગ્રહણ કર્યું છે. તેથી ઇશ્વરની અકૃપા થતાં આપણા દેશની આવી નબળી સ્થિતિ થઇ છે, એ વાત સહુના મનમાં ઉતરવી જોઇએ: ‘ અમો હીંદુ (આર્ય છીએ ’ એમ કહેનારા હજારો નીકળે છે. પરંતુ ‘ હિંદુ ધર્મ એટલે આર્યધર્મ એ શું

છે ' એવી તેઓમાંના ઘણા લોકોને ખબર હોતી નથી, માટે આપણા વેદશાસ્ત્રમાં કહેલા અને સહુથી પુરાતનપણું ધરાવનારા આર્યધર્મની સઘળા આર્યજનોને માહિતી મળવી જોઇએ અને તે પ્રમાણે પોતપોતાનાં આચરણો સુધારવાની કાળજી થવી જોઇએ. વડિલોએ વ્યવહારની તથા ધર્મની ચાલતી ગરબડથી અગવડ વેઠતાં છતાં પણ બનતાં સુધી તેમાં સુધારો કરવા ઉપરાંત મુખ્યત્વે કરી બાળકોને નહાનપણથી જ ઇશ્વરની ભક્તિ, નીતિ, સ્વધર્મ, નિર્મળ વ્યવહાર, તથા વિદ્યાહુન્નરના વધારામાં અભિરૂચિ જેથી થાય, એવી કેળવણી આપવી જોઇએ, ખરી ખોટી ચાલ ઉપર બરાબર લક્ષ આપવું જોઇએ અને તેને ખરાબ સોબત ન લાગે એવી વ્યવસ્થા કરવી જોઇએ, કે જેથી મોટપણે તે બાળકો નીતિમાન્, સ્વધર્મરત અને પાપભીરુ બને. બાળકોને સુધારવા ઉપરાંત હમણાંથી જ ઉદ્યોગની વૃદ્ધિ તરફ દોડ કરવી જોઇએ. કેમકે ઇશ્વરે આપણા દેશને તીક્ષ્ણ બુદ્ધિ, તેજસ્વી સૂર્ય, ફળદ્રૂપ જમીન, કિંમતી પત્થરો, ધાતુઓની ખાણો અને મોહોટી નદીઓ વગેરે સાધનો જેવાં જોઇએ તેવાં આપેલાં છે. આ સાધનોથી જ આપણા બાપદાદા આખી દુનિયામાં પ્રસિદ્ધ હતા, તવંગર હતા, ન્યાયી હતા, આખી દુનિયામાં વેપાર કરતા હતા અને આપણા રાજાઓ પ્રજારક્ષણમાં પ્રવીણ તથા મહાયોધા હતા, કે જેથી હિંદુસ્થાન પૂર્વે બહુ આબાદ હતું. હિંદુસ્તાનમાં જ લોઢું હીરા, ઉન, સોનું તથા પત્થર વગેરે છે અને પૂરતું કપાસ પાકે છે; પરંતુ પ્રાચીન જ્ઞાનના અને સર્વનું હિત થાય એવા સાહસી ઉદ્યમના અભાવને લીધે નબળી સ્થિતિ વેઠવી પડે છે.

શાસ્ત્રને લગતાં કળા કૌશલ્યના તથા બ્રિટિશ ખેડુતો કરતાં હિંદી ખેડુતો વધારે મહેનતુ છતાં, તેમજ હિંદુસ્તાનનાં હવાપાણી ખેતીને બહુ અનુકૂળ છતાં પણ, જ્ઞાન વગેરેના અભાવને લીધે સારી પેદાશ નથી આવતી માટે આપણે ખેતીવાડીમાં ખાતર વગેરેથી સુધારો કરવાનાં જ્ઞાનને ખીલવવું જોઇએ. આપણા કેળવાયલા આગેવાનો જેમ કહે તેમ કરવું જોઇએ. બનતાં સુધી અમુક મુદતમાં રાજ્યની મદદ લેવી ન પડે. તેટલા ખોરાકનો સંગ્રહ રાખવો જોઇએ, કાપડ વગેરે બનાવવા માટે કંપનીઓ તથા કારખાનાં જથ્થાબંધ ઉભાં કરવાં જોઇએ. દેશની સ્થિતિ કારખાનાઓને માટે મોટી ચાપણુ ઉભી કરે એવી ન દેખાય ત્યાં સુધી આપણા સુશ્રુત મુનિએ સર્વ યંત્રોમાં મુખ્ય ગણેલા હાથરૂપ યંત્રોથી જ કાપડની શાળો ચલાવવાની યોજના વધારવી જોઇએ, પ્રત્યેક ગામમાં સરકાર તરફની

મદદની થોડી આશા રાખવી પડે એમ કરવું જોઇએ. લોકોએ લગ્ન તથા મરણ સંબંધી શાસ્ત્રોમાં કહ્યા ઉપરાંતના ખર્ચોમાં નહિ ડૂબી જતાં એકાંત જીંદગીમાં રહેવાનું છોડી દઇ પરસ્પરની સાથે મળીહળી ઉદ્યોગના સાહસમાં પડવું જોઇએ, સ્થળે સ્થળે ઉદ્યોગ હુન્નરોને ખીલવવાનું સંગીન જ્ઞાન આપવાની શાળાઓ સ્થાપવી જોઇએ, જેથી હિંદુસ્તાનની લક્ષ્મીનો ભાગ પરદેશ ઘસડાતો કેટલેક અંશે બંધ પડી હિંદુસ્તાનમાં જ રહે.

ઉપર પ્રમાણે સમગ્રદેશની ચડતી પડતીનાં કારણો તથા ફરી ઉન્નતિ સાધવાના ઉપાયોનું સંક્ષિપ્ત દિગદર્શન કર્યા પછી હવે રા. માધવજીભાઇ તરફથી લખાઇ આવેલા ઉન્નતિ સંબંધી લેખનું અવલોકન કરીએ. ઉપર જણાવવામાં આવ્યું છે તેમ આ વિષય સર્વદેશી છે, તેથી પ્રસ્તુત નિબંધમાં રા. માધવજીભાઇએ અવનતિ થવાનાં જે કારણો દર્શાવ્યાં છે તથા ઉન્નતિનાં જે સાધનો બતાવ્યાં છે તેમાં પણ કેટલાંક સામાન્ય એટલે બધી જ્ઞાતિઓને અથવા કહો કે સમગ્ર દેશને લાગુ પડે તેવાં અને કેટલાંક ખાસ એટલે આપણી પોતાની જ્ઞાતિનેજ લાગુ પડી શકે તેવાં છે. અવનતિ થવામાં નીચે લખી ૧૩ બાબતોને તેઓ કારણભૂત જણાવે છેઃ—

(૧) ગુરૂકુલોની પ્રથાનો નાશ. (૨) તેથી થતી બ્રહ્મચર્યની ક્ષતિ. (૩) બાળસગાઈ. (૪) બાળલગ્ન. (૫) કન્યાવિક્રય. (૬) સામસામાં વેશવાળ. (૭) જ્ઞાતિઓમાં તડાંઓ અને પેટા વિભાગો પડી જવાથી વર કન્યાની પસંદગીનાં ક્ષેત્રનું મર્યાદિત થઇ જવું અને તેને લીધે ગોગ્ય લગ્ન સંબંધો ન બંધાતાં લાકડે માંકડાં જેવાં ગોઠવાતાં કજોડાંઓ. (૮) સ્ત્રી કેળવણીની ખામી. (૯) શુભાશુભ પ્રસંગોએ કરવા પડતા ફરજીયાત વરા અને તેથી કેટલાકોને જીંદગી પર્યંત ભોગવવા પડતા કરજના બોજા. (૧૦) દર દાગીના તથા કપડાં લત્તામાં નિરંકુશપણે વધતો જતો વહેવાર. (૧૧) જ્ઞાતિના પટેલોનો પક્ષપાત અને ચશ્મપોશી અને તેને લીધે ધાર્મિક અને નૈતિક નિયમોના ભંગને માટે જ્ઞાતિનાં શાસનના ભયનું મોળાપણું અને તેથી વધતી જતી સ્વચ્છંદતા. (૧૨) સંપ, સહાનુભૂતિ અને ખરા પ્રેમની ખામી અને (૧૩) પરસ્પર ઈર્ષ્યા.

આ અવનતિનાં કારણો તરીકે સ્વતઃ સિદ્ધ છે માટે તે ઉપર વિવેચન કરવાની કંઇ જરૂર જણાતી નથી. માટે અવનતિ અટકાવવા માટે પ્રથમ તો ઉપર જણાવેલી એ તેર બાબતોમાંની જે સદંતર બંધ કરવા જેવી હોય તે બંધ કરવી અને જેમાં સુધારા અથવા ફેરફાર કરવા ઘટે

તેમાં તેમ કરવું જોઇએ. એ ઉપરાંત રા. માધવજીભાઈ બીજી આઠ બાબતો ઉન્નતિની સહાયક તરીકે સૂચવે છે. તે પણ વ્યાજબી જ છે. (૧) " સંસ્કૃત તેમજ અંગ્રેજી ભાષાનો ઉંચો અભ્યાસ. " સંસ્કૃત ભાષાનાં સારાં જ્ઞાનથી આપણા ધાર્મિક તત્ત્વોનાં રહસ્યો સારી રીતે જાણી શકાશે, પ્રાચીન વિદ્યાઓ વિદ્યમાન રહી શકશે અને પારલૌકિક હિત સાધી શકાશે. અને અંગ્રેજી ભાષાના સારા અભ્યાસથી વ્યાવહારિક બાબતોમાં ઘણી સુગમતા થઇ પડશે. (૨) " પુરૂષ તથા સ્ત્રીમંડળોની સ્થાપનાઓ. " વેદાજ્ઞા છે કેઃ **संगच्छध्वं, संवदध्वं** એટલે કે સાથે ભેળા થાઓ, સાથે સંવાદો કરો. એ મંડળોની આવશ્યકતા બતાવે છે. મંડળોમાં સાથે મળી બધાંનાં સમાન હિત સંબંધી ચર્ચાઓ કરવી અને બહુ મતે કામ કરવું એ કેટલું લાભકારક છે તે હાલના મંડલોના જ જમાનામાં સમજાવવું પડે તેમ નથી. (૩) તથા (૪) " જ્ઞાતીય સ્થાવર તથા જંગમ મિલકતોનો ચોખ્ખો હિસાબ તથા તેનો અમુક અમુક મુદતને માટે મેનેજીંગ કમીટીઓ નીમી વહીવટ ચલાવવો તથા અમુક મુદતે તેના રિપોર્ટ બહાર પાડવા. " આ બાબતમાં ઘણી જ અગત્યની છે. આજકાલ જ્ઞાતિની મીલકતોની જે રીતે વ્યવસ્થા થાય છે તેમાં કેટલા બધા સુધારા અને ફેરફાર થવાની અગત્ય છે તે જ્ઞાતિ જનોને સુવિદિત હોવાથી તેનું પિષ્ટ પેષણ કરવું નકામું છે. (૫) " વસ્તીપત્રકો અને ડીરેકટરીઓ. " યુરોપ અમેરિકાદિ સુધરેલા દેશોમાં નાનામાં નાની બાબતથી મોટામાં મોટી બાબતોની નોંધો અને આંકડાઓનો સંગ્રહ રાખવાનો એટલો બધો પ્રચાર છે કે તેની જો વિગતો રજુ કરી હોય તો સાનંદાશ્ચર્ય થયા વગર રહે નહિ. એવી વિગતોનાં છપાયલાં પુસ્તકોને આધારે તેઓ પોતાના ઘરને ખુણે બેઠા બેઠા આખી દુનિયાની ગણત્રીઓ કરી શકે છે. તો જ્ઞાતિની ડીરેકટરીઓ તથા વસ્તી પત્રકોથી પણ ઘણા લાભ મેળવી શકાય તેમાં શક નથી. (૬) " જ્ઞાતિનું માસિક અથવા ત્રિમાસિક તેમજ અમુક અમુક મુદતે સંમેલનો (કોન્ફરન્સો)." પરમાત્માની કૃપાથી જ્ઞાતિનું ત્રિમાસિક તો ચાલુ થઇ ગયું છે અને તેથી શું શું લાભ થઇ શકે તથા થયા છે તે તેમાંજ સારી રીતે ચર્ચાઇ ગયા છે, અને જ્યારે ઇષ્ટદેવની ઇચ્છા થશે ત્યારે કોન્ફરન્સ પણ મળશે જ. આપણે કેટલી બધી જ્ઞાતિઓની કોન્ફરંસો સંબંધે વર્તમાનપત્રોમાં વાંચીએ છીએ અને તે ઉપરથી જણાય છે કે માસિકોથી જે કામ વર્ષો પર્યંત નથી થતું

તે આવાં સંમેલનોમાં બે ત્રણ દિવસમાં થઇ શકે છે માટે કોન્ફરંસની આવશ્યકતા ઓછી નથી (૭) "બોર્ડિંગ." વિસ્તાર ભયથી વધારે વિવેચન ન કરતાં એટલું જ કહીશું કે આજકાલના સંયોગો તરફ દૃષ્ટિ કરતાં બોર્ડિંગો અથવા વિદ્યાર્થિભવનો જ્ઞાતિનાં બાળકોને ઉંચી કેળવણીનો લાભ આપવો હોય તો, જેના વગર ઘડી પણ ન ચલાવી શકાય એવી સંસ્થા છે. (૮) સહુથી છેલ્લી પણ સહુથી વધારે મહત્ત્વની સૂચના કેળવણી કર સંબંધી છે જેમાં ઘણા વ્યાવહારિક દાખલાઓથી પૂરવાર કરવામાં આવ્યું છે કે એક પાઇ જેવી નાની રકમનો કર જો જ્ઞાતિજનો સ્વીકારે તો હજારોની રકમ એકઠી થઇ શકે અને જ્ઞાતિનાં બાળકોને તે ફંડમાંથી ઉંચી કેળવણી આપી શકાય.

છેવટે ઉપસંહારમાં એટલુંજ કહીશું કે બન્ને લેખકોએ પોતપોતાના વિષયને પ્રાપ્ત સાધનો અને સમયની અંદર ઘણો જ સ્તુતિપાત્ર ઇન્સાફ આપેલો છે. કહેવા યોગ્ય તેટલું બધું કહેવાયું છે. કંઇપણ અવશેષ હોય તો હવે આપણ બધાઓએ કંઇ અંશે પણ કરી બતાવવાનું છે. પરમાત્મા અમોને અમારૂં કર્તવ્ય બજાવવાની સન્મતિ આપો એવી અભ્યર્થનાસહ વિરમીએ છીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

મુંબઇ. જ્યેષ્ઠ પૂર્ણિમા. ૧૯૭૩	ખટાઉ વલ્લભજી જોષી. વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી.

સુધારો.

"સાભાર સ્વીકાર"માં તથા અન્યત્ર જ્યાં "વ્યાસ ગોવિંદજી પ્રભુજી" છપાયું છે ત્યાં વ્યાસ ગોવિંદજી ભાણજી વાંચવું. તથા "ઉપોદ્ઘાત"માં ૧૮ મે પાને ૪ થા નંબરમાં "ગોલોકવાસી મુખીઆજી ભીમજીભાઇના સત્પુત્રો......પાસેથી" એમ લખ્યું છે ત્યાં ભાઇ કલ્યાણજી રામજી વ્યાસ પાસેથી, એમ વાંચવું.

પ્રકાશક.

શ્રીગિરિનારાયણ

ત્રૈમાસિક

જ્ઞાતિનાં પ્રત્યેક ઘરમાં અવશ્ય વંચાવું જોઇએ.

કારણકે તે ખાસ ગિરિનારાયણ જ્ઞાતિના લાભાર્થે ચાલુ કરવામાં આવ્યું છે.

કારણકે જ્ઞાતિના જુદા જુદા વિભાગો વચ્ચે **સંપૂર્ણ ઐક્ય** કરાવવા તથા જ્ઞાતિની **ધાર્મિક, સાંસારિક, આર્થિક, શારીરિક** અને **નૈતિક** ઉન્નતિ સાધવાના શુભ ઉદ્દેશોથી તે પ્રકટ થાય છે.

કારણકે તેમાં આપણાજ ભાઇઓને હાથે લખાયલા ઘણા બોધક રસિક અને આપણા પોતાનાજ અંગત પ્રશ્નોને ચર્ચતા લેખો ઉપરાંત જ્ઞાન સાથે ગમ્મત આપે એવા સંવાદો, વાર્તાઓ તથા કાવ્યો હમેશાં પ્રકટ થાય છે.

કારણકે આપણા દેશદેશાંતરમાં વસતા જ્ઞાતિ ભાઇઓના ખબર અંતર મેળવવાનું તથા તેમની સાથે આપણા વિચારોની આપલે કરવાનું તે એક ઉત્તમ સાધન છે.

કારણકે આટલું બધું છતાં તેનું વાર્ષિક લવાજમ માત્ર રૂપીઓ **સવાજ** રાખવામાં આવ્યું છે.

જેઓને જ્ઞાતિને માટે સ્હેજ પણ માન અને મમતા છે, તેઓ અવશ્ય આ ત્રિમાસિકને વધાવી લઇ પોતાના કુટુમ્બમાં વંચાતું કરશે એવી આશા છે.

નં. ૪૩, કાન્હેલ
કાલકાદેવી, મુંબઈ.

તંત્રીઓ.
" શ્રી ગિરિનારાયણ "

શ્રીગિરિનારાયણ જ્ઞાતિની ઉન્નતિ.

લેખકની પ્રસ્તાવના.

સર્વ સજ્જનો તથા સમસ્ત સ્વજ્ઞાતિ બંધુઓને જાણુવામાં છે કે યુગાદૌ જગત્ કર્ત્તા પરમાત્માએ સૃષ્ટિરચના કરવાના આરંભમાં પ્રથમ બ્રહ્માને ઉત્પન્ન કર્યા અને તે બ્રહ્માએ બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા. જેની સંખ્યા અઠયાસી હજારની શાસ્ત્રમાં ગણી છે તે બ્રાહ્મણો સ્વપિતા બ્રહ્માની આજ્ઞાથી ઉત્તર દિશામાં હિમાલય સમીપે દીર્ઘકાળ પર્યંત તપ કરી ઇશ્વર કૃપા મેળવી ઇશ્વરાજ્ઞાનુસાર નાના દેશોમાં પૃથક્ પૃથક્ જથાબંધ મંડળો બાંધી રહ્યા, તે જે જે દેશોમાં રહ્યા તે તે દેશ પરત્વ નામથી સંજ્ઞા પામી તે નામના બ્રાહ્મણો કહેવાયા, જેમ કે સરસ્વતી તીરે રહ્યા તે સારસ્વતો અને પુષ્કરને તીરે રહ્યા તે પુષ્કરણા તેમ શ્રીમાળમાં રહ્યા તે શ્રીમાળી વગેરે ચોરાશી જથા એટલે ચોરાશી જ્ઞાતિઓ થઇ. તેમાંના આપણે **ગિરિનારા** આ નામથી ઓળખાઇએ છીએ. એ ગિરિનારા સંજ્ઞા શા માટે થઇ, અને ગિરિનારના સમીપમાં વસવાનું કારણ શું બન્યું હતું, આ વાત આપણા જ્ઞાતિબંધુઓને જાણુવામાંતો હશે જ પરંતુ કેટલાક બંધુઓને જાણુવામાં નહી પણ હોય માટે સમસ્ત જ્ઞાતિબંધુઓને યથાર્થ જાણવામાં આવે, માત્ર એટલું જ નહીં પણ ગોત્ર, વેદ, શાખા, પ્રવર અને અવટંકાનુક્રમ વગેરે સઘળું પણ સાથે જાણી શકાય આવો હેતુ ધરાવી **શ્રી કચ્છી ગિરિનારાયણ હિતવર્દ્ધક મંડળ** તરફથી મને ફરમાન કરવામાં આવ્યું કે આપ **ગિરિનારા** જ્ઞાતિભાઇઓની ઉત્પત્તિ તેમ ગોત્ર, વેદ, શાખા, પ્રવર અને અવટંકાનુક્રમ વગેરે સઘળી બાબત પૌરાણિક ઇતિહાસો શોધી શાસ્ત્રાનુસાર યથાર્થ લખી મોકલવું એટલે મંડળ તરફથી છપાઇને જે જે દિશામાં આપણા જ્ઞાતિબંધુઓ જે જે ગામોમાં નિવસિત છે તે સર્વને જાણ કરવા માટે જથાબંધ નકલો છપાવી જ્ઞાતિબંધુઓને ભેટ અર્પણ કરવામાં આવશે. આ આજ્ઞાનુસાર હું મંડળનો આભારી થઇને મેં પુરાણોમાં શોધ કરતાં **श्रीस्कंद पुराण आदित्य खंड वस्त्रापथक्षेत्र प्रसंगे प्रभास महात्म्य**ના વર્ણનમાં દામોદર મહાત્મ્ય મલી આવ્યું કે જેમાં ઉત્પત્તિ વગેરે સઘળી કથા જોઇ મુદિત

થઇને તે ઉપરથી સંસ્કૃત શ્લોકબદ્ધ લખી લેવામાં આવ્યું પરંતુ તે સંસ્કૃત હોવાથી કેટલાક બંધુઓ સંસ્કૃતના અજ્ઞાત હોવાના કારણથી તેઓ સમજી શકે નહીં તેઓને પણ સમજવામાં આવે એટલા માટે ગુજરાતી ભાષાંતર કરી સાથે લખવામાં આવ્યું છે, અને ગોત્ર, વેદ, શાખા, પ્રવર અને અવટંકાનુક્રમ તે સંવત્ ૧૬૮૨ ના વર્ષમાં વૈશાક સુદ ૫ ને ગુરૂવારને દિવસે પ્રોળ ગામમાં મહાશય શિવદત્તભટે મહારૂદ્ર યજ્ઞ કરેલ તે પ્રસંગે સમસ્ત સ્વજ્ઞાતિબંધુઓને એકત્ર કરી અવટંકાનુક્રમ તથા પટ્ટાનુક્રમનો નિબંધ કરવામાં આવ્યો છે જેમાં ગોત્ર વગેરે સઘળી બાબત વર્ણવવામાં આવી છે તે પણ સંસ્કૃત શ્લોકબદ્ધ તથા તેનું ભાષાંતર પણ આ નકલની સાથે લખવામાં આવ્યું છે. જે વાંચી સમસ્ત સ્વજ્ઞાતિબંધુઓ પોતાની મૂળ સંસ્થા જાણી હર્ષિત થશે આવી આશાથી મેં પ્રયાસ કરી આ પુસ્તક તૈયાર કીધું છે તે **શ્રી કચ્છી ગિરિનારાયણ હિતવર્દ્ધક** મંડળને અર્પણ કરૂં છું અને આશા રાખું છું કે મંડળ તરફથી તથા સમસ્ત સ્વજ્ઞાતિ બંધુઓ તરફથી હું કૃપાપાત્ર થઇશ. **तथास्तु**

લખીતંગ—સમસ્ત સ્વજ્ઞાતિબંધુ ચરણરજોભિલાષિ દાત્રાણીયા.

વ્યાસ જીવરામ દુર્લભજી શુક્લ.

" માંડવી બંદર "

(કચ્છ.)

॥ स्वज्ञातिभ्नां मुदे भूयात् ॥

'श्रीगिरिनारायण ज्ञातिनी उत्पत्ति' नामक निबंधना लेखक.



वे० शा० सं० शुक्ल जीवराम दुर्लभजी.

जन्म सं० १९१८. कच्छमांडवी

॥ श्रीराधादामोदरौ विजयेतान्तराम् ॥

श्रीगिरिनारायण ज्ञातिनी उत्पत्ति.

स्कन्दपुराणमां तेनुं सविस्तर वर्णन.

શ્રીગિરિનારાયણ બ્રાહ્મણ જ્ઞાતિની ઉત્પત્તિનો સવિસ્તર ઇતિહાસ શ્રી સ્કંદપુરાણમાં "શ્રીદામોદરમાહાત્મ્યનિરૂપણ" ના પ્રસંગમાં વર્ણવ્યો છે. બલિરાજા અને નારદ વચ્ચે તે સંવાદ ચાલેલો હતો; અને તે સ્કંદપુરાણના ૩૨ થી ૩૫ અધ્યાયોમાં ઉપલબ્ધ થાય છે. ગિરિનારાયણ જ્ઞાતિની ઉત્પત્તિ સંબંધે તે સારો પ્રકાશ પાડતો હોવાથી અહિ તેનું ભાષાંતર આપીશું.

અધ્યાય ૩૨ મો.

બલિરાજા નારદજીને પુછે છે કે, હે મહર્ષે, તમોએ પૂર્વાધ્યાયમાં એટલે કે એકત્રિશમા અધ્યાયમાં, કહ્યું કે હું રૈવતાચલ પર્વત પ્રત્યે જઇશ, જ્યાં વિષ્ણુ ભગવાન્ બિરાજે છે, અને ત્રણ લોકને પાવન કરનારી સુવર્ણરેતા નદી વહે છે. ૧. સમસ્ત ભૂતગણથી વિંટાયેલા પાર્વતીસહિત મહાદેવ પણ જ્યાં વિરાજમાન છે, વલી જ્યાં નાના પ્રકારનાં પુષ્પ અને ફળવાળાં વૃક્ષો છે. ૨. મહાદેવ સ્વરૂપે ઉર્જયંત નામનો, અને ભગવાન વિષ્ણુરૂપે રૈવતાચલ નામે કહેવાય છે. ૩. બ્રહ્મસ્વરૂપે કુમુદ પર્વત કહેવાય છે, એમ ત્રણે દેવતાઓ ત્રણ પર્વતરૂપ થયા છે. એ બ્રહ્મા વિષ્ણુ શિવ ત્રણે દેવતા પર્વતરૂપી શા માટે થયા? ૪. પર્વતપર શામાટે આવ્યા અને કલ્યાણ કરનારાં વૃક્ષો તે પર્વતોમાં ક્યાં ક્યાં છે તેમ ગિરિનારાયણ બ્રાહ્મણો કોણ છે? ૫. તેઓ કયા સ્થલમાં વસનારા હતા અને રૈવતાચલમાં શામાટે આવ્યા અને એ તીર્થના ગોર શા કારણથી થયા, તેમ જ પૂજન યોગ્યતાની પ્રાપ્તિ થવાનું કારણ શું થયું? ૬. આ બધું મારા મનથી કૌતૂહલ[1] જેવું જણાય છે માટે સર્વે મને વિસ્તારપૂર્વક કહી સંભળાવો. ૭. નારદ કહે છે હે દૈત્યેન્દ્ર,[2] પૂર્વકાલે યુગના આદિમાં બ્રહ્માએ પર્વતો સપક્ષ[3] કર્યા હતા, જેથી તેઓ ચળ હતા અને પછી વિચાર કરી તેઓને સ્થિર કર્યા. ૮. વચનવડે સ્થિર કરેલા મેરુમંદર અને કૈલાસ આદિ મહા કાયાવાળા તોપણ ઉડતા હતા અને ઇચ્છા પ્રમાણે પડતા હતા. ૯. જેથી વારણ કરતાં પણ જ્યારે તેઓએ માન્યું નહિ ત્યારે તે પાંખો છેદી સ્થિર કર્યા. મેરુના દક્ષિણ ભાગમાં કુમુદ નામનો પર્વત

---

૧. આશ્ચર્ય. ૨. દૈત્યના ઇન્દ્ર, બલિ રાજા. ૩. સપક્ષ એટલે પાંખોવાળા.

હતો. ૧૦. તે દિવ્ય અને સપક્ષ સુવર્ણમય હતો, દિવ્ય વૃક્ષોથી ઘેરાયલો હતો, તે પર વિષ્ણુએ દિવ્ય વૈષ્ણવી નામની પુરી કરી હતી. ૧૧. તે પુરીના મધ્યમાં સુંદર ગૃહ બનાવેલું હતું. જેમાં લક્ષ્મી નિરંતર વસતાં હતાં, મેરૂના શિખરપર રમ્યપુરી અને તેમાં સુંદર ગૃહ હતું. ૧૨. જેમાં પાર્વતીયુક્ત શ્રી શંકર રહેતા હતા. ત્યાં સુવર્ણની રત્નજડિત માહેશ્વરી નામની સભા હતી. ૧૩. જેમાં બ્રહ્માદિ દેવતાઓ સહિત ભગવાન મહાદેવ બિરાજમાન હતા, ત્યાં મહાદેવનાં દર્શન માટે વિષ્ણુ સદાકાળ આવતા હતા. ૧૪. સુવર્ણના કમળથી ચારે તરફ શોભાયમાન જોઇને, ત્યાં આવેલા સર્વે દેવતાઓએ તે પર્વતનું કુમુદ નામ ધરાવેલું હતું. ૧૫. એક દિવસે ભગવાન રૂદ્ર તેના શિખર ઉપર વિષ્ણુને મલવા અને તે પુરી જોવા માટે પધાર્યા. ૧૬. ઘેર પધારેલા મહાદેવને જોઇ વિષ્ણુ ભગવાને આનંદથી તેમની પૂજા કરી સારા આસનપર બેસાડયા. તેમ લક્ષ્મીજીએ પણ આનંદથી ગૌરી પાર્વતીજીની પૂજા કરી તેમને આનંદથી બેસાડ્યાં. ૧૭. એક આસનપર બિરાજેલા હરિહર વાતો કરતાં, વિષ્ણુએં કાંઇ કારણ જાણી મહાદેવને તે કારણ સઘળું કહી જણાવ્યું. ૧૮. આ કારણ મહાદેવનાજ જાણવામાં આવ્યું. પરંતુ કુમુદના જાણવામાં આવ્યું નહિ. આવી રીતે હરિ અને હર બેઉ જણ પર્વતપર બેઠેલા હતા. ૧૯. કુમુદ પર્વત વિષ્ણુ અને રૂદ્ર ત્યાં પધારેલા જાણી પોતે આવ્યો અને હાથ જોડી નમસ્કાર કરી સ્તુતિ કરવા લાગ્યો. ૨૦. કુમુદ કહે છે હે દેવ, આજે આપના હરિહરના દર્શનથી હું ધન્ય થયો તેમ પુણ્યવાન થયો અને મારો જન્મ પણ સફલ થયો. ૨૧. આપનાં દર્શનથી આજ મારા સઘળા મનોરથ સિદ્ધ થયા. આમ કહી હાથ જોડી સમીપમાં ઉભો રહ્યો. ૨૨. ત્યારે વિષ્ણુ રુદ્ર પ્રસન્ન થઇને કહેવા લાગ્યા કે હે કુમુદ, અમો તને પ્રસન્ન થયા છીએ, માટે વાંછિત વર માગ. તે તને આપીશું. આમ કહેવાયલા પર્વતે તેમની આગળ વર માગ્યો. ૨૩. દેવમાયાથી મોહ પામેલો ભવિષ્યકાર્યના હેતુથી તે બોલ્યો કે હે પ્રભુ, જ્યાં હું રહું છું ત્યાં આપને નિરંતર વસવું અને રહેવું. એ વર માંગું છું. તથાસ્તુ. અમો:અહિયાં રહીશું. આ પ્રમાણે વર આપી હરિહર પોતાની પત્નિસહિત ત્યાંથી પધારી ગયા. ૨૪–૨૫. હવે પાર્વતીએ પુછવાથી જે ભવિષ્ય કારણ મહાદેવે પાર્વતીને કહ્યું તે સવિસ્તર તને કહું છું તે સાંભળ. ૨૬. શિવ કહે છે હે પાર્વતી, કુમુદ પર્વતનું વૃત્તાંત કહું તે સાંભળ. હે ભદ્રે, પાંચમો રૈવત નામનો મનુ પ્રખ્યાત હતો. ૨૭. તેની ઉત્પત્તિના વૃત્તાંતમાં કુમુદને વાંછિત થયું તે સાંભળ. પૂર્વકાલમાં ઋતવાક્ નામના મહાન ઋષિ પ્રખ્યાત

હતા. ૨૮. તે મહાત્માના પુત્રનો પુત્ર એટલે પૌત્ર તે રેવતીના અંતમાં જન્મ્યો હતો. ઋષિએ વિધિપૂર્વક તેની જાતકર્માદિક ક્રિયા કરી. ૨૯. તે મોટો થતાં તેની ઉપનયન આદિ સર્વ ક્રિયા કરી. ૩૦. હે પ્રિયે. તે પુત્ર દુષ્ટ શીલવાલો થયો, જ્યારથી તે જન્મ્યો ત્યારથી તેના માતપિતા દીર્ઘ રોગથી વ્યાપ્ત થયાં અને દુર્ભાગ્ય વાલાં થઈ છેવટે મરણ પામ્યાં. ૩૧. સપત્નીક પુત્રનું મરણ થવાથી ઋતવાક મુનિ દુઃખિત થઇ ચિંતા કરવા લાગ્યા કે મારા પુત્રનો પુત્ર મહાદારૂણ થયો. ૩૨. કે જેણે જન્મતાં જ માતા પિતાને રોગથી દુઃખાતુર કર્યા છેવટ મરણ પામીને તેઓ યમના મંદિરમાં ગયાં. ૩૩. મૂર્ખ અને મંદ બુદ્ધિવાન પુત્ર માતપિતાને દુઃખ દેનારો થાય તેમ વળી કુમાર્ગમાં જનારો એ મોટામાં મોટું દુઃખ છે. ૩૪. આવા પુત્રથી અપુત્રતા મનુષ્યને સુખકારી છે. આ પુત્ર સંબંધીઓને ઉપકારી ન થાય તેમ માતપિતાને પણ આ લોક તથા પરલોકમાં તૃપ્તિ કરનારો થતો નથી. ૩૫ કુપુત્ર માત પિતાનું હૃદય દિવસે દિવસે તોડે છે, આ પુત્ર મારા પૂર્વના દુષ્ટ કર્મને યોગે મને આવી મલ્યો હશે. ૩૬. તે મનુષ્યો ધન્ય કે જેના પુત્ર સારા શાંત ગુણવાળા અને સાધુઓને અનુવૃત્ત થઇ વર્તનારા હોય છે. ૩૭. આવો પુત્ર દુષ્ટ તે સ્વર્ગનો માર્ગ રોકી નરકનો માર્ગ ખોલે છે. જીવતાં હૃદયમાં દૈન્ય અને મન પણ દીન કરાવે છે. ૩૮. કુપુત્ર પિતાને વિના અવસરે જરાવસ્થા કરે છે અને જીવન પણ બગાડી આપે છે. ૩૯. મહાદેવ કહે છે હે પાર્વતી, આ પ્રમાણે પુત્રનાં દુષ્ટ ચરિત્રથી હૃદયમાં અપ્રસન્ન થતાં ઋતવાક મુનિએ વૃદ્ધ ગર્ગને પૂછ્યું. ૪૦. આ મારો પૌત્ર દુષ્ટ કર્મ પરાયણ પોતાના દોષથી અથવા માતાના દોષથી થયો છે કે કેમ ? ૪૧. આ પુત્રમાં દોષ ઘણા ઉત્પન્ન થયા તેનું કારણ શું હશે તે મને કહી સંભળાવો. વૃદ્ધ ગર્ગ બોલ્યા કે હે મુનિશ્રેષ્ઠ, આ તમારો પૌત્ર રેવતી નક્ષત્રના અંતમાં જન્મ્યો છે ને દુષ્ટ કાલમાં જન્મ્યો તેથી તે દુષ્ટ કર્મ કરનારો થયો છે. ૪૨ આમાં માતાનો બાલકનો અને કુલનો અપરાધ નથી, કેવળ રેવત્યંતનો જ દોષ છે કે જેથી તે દુષ્ટ શીલ સ્વભાવ વાલો થયો છે. ૪૩. અશ્વિની અને રેવતી નક્ષત્રની છેલી ચાર ઘડી તેમ અશ્લેષા મઘાની ચાર ઘડી મૂલ અને આર્દ્રાની ચાર ઘડી તે ગણ્ડાંત યોગ કહેવાય છે. ૪૪. ગણ્ડાંત યોગમાં જન્મેલા નરનારી અથવા [1]તુરંગ તે ઘણા વખત પર્યંત ઘેર રહેતા નથી અને જો રહે તો ભયંકર થઈ પડે છે. ૪૫. મહાદેવ પાર્વતીને કહે છે હે સતિ, વૃદ્ધ ગર્ગનાં વચન સાંભળી કોપાય-

૧. તુરંગ એટલે ઘોડા.

માન થયેલા ઋતવાક્ મુનિ રેવતિને ભયકારક વચન બોલ્યા. ૪૬. મારા એક જ પુત્રને ઘેર પુત્ર રેવતિના અંતમાં જન્મ્યો તે રેવતિ જાણુતી નથી જે મને ઋષિ શાપ આપશે. ૪૭. માટે શાપ આપું છું કે અગ્નિ વડે બળતી રેવતિ પૃથ્વીમાં પડો. ઈશ્વિર કહે છે હે સતિ, ઋષિનો શાપ થયો કે તરત રેવત્યંત પડયો. ૪૮. સર્વે લોકને વિસ્મય આપનારા ઋષિના શાપથી અને ઈશ્વિર ઇચ્છાથી રેવતિનો અંત્ય ભાગ પર્વતના શિખર પર આવી પડયો. ૪૯. રેવત્યંત કુમુદ પર્વત પર પડવાથી તે પર્વત અને તેની ગુફાઓ અને કંદરા અને ઝરા વગેરે બલવા લાગ્યા. ૫૦. બળવાનાં કારણુથી તે પર્વત આકાશ માર્ગે ઉંચો ઉડતાં સૌરાષ્ટ્ર દેશની પવિત્ર ભૂમિમાં પડયો. ૫૧. તે વખતે હિમાલયનો પુત્ર ગર્જયત નામનો પર્વત તેણે પ્રાચીન કાલમાં કુમુદ સાથે મૈત્રી કરેલી હતી, કે જ્યાં તું જઈશિ ત્યાં હું પણુ આવીશ. આ વાત સ્મરણુમાં લઇ તે પર્વત ગંગાજલ સાથે લૈ ત્યાં આવીને કુમુદ ઉપર વરસાવ્યું. ૫૨–૫૩. પછી તે પર્વત મૈત્રીના કારણુથી કુમુદની પાસે રહ્યો અને અગ્નિ શાંત થયો. ૫૪. કુમુદ પર્વત સોનાનો છતાં રેવતિના પડવાના કારણુથી બાહ્ય ભાગમાં કમલના સરખી કાંતિવાલો પૃથ્વીમાં દેખાયો અને રૈવતાચલ એવું નામ કહેવાયું. ૫૫. પછી તે પર્વતને એક રેવતી સમાન મુખાકૃતી વાળી એક રેવતી નામની પુત્રી થઈ. ૫૬. સંકલ્પથી જન્મેલી તે કન્યા ઘોર વનમાં ફરતી વનાંતરે નીકલી ગઇ કે તરત જ પ્રમુચ નામના રાજ ઋષિએ તે કન્યાને જોઇ. ૫૭. રાજર્ષિ પ્રમુચ તે કન્યાને પોતાના આશ્રમમાં લાવ્યા અને રેવતી નામ ઠરાવ્યું. પુત્રિની પેઠે પાલન કરવા લાગ્યા. ૫૮. જે સ્થલે રેવતિનો જન્મ થયો હતો તે સ્થલે રેવતિના પડવાથી [1]ગર્ત થયો હતો તે સ્થલમાં પવિત્ર સર્વ તેજોમય તીર્થની પ્રતિષ્ઠા કરી. ૫૯. તપોબલથી ગંગા યમુના અને સરસ્વતીના જલથી ગર્ત પૂર્ણ કરીને તે ગર્તનુ નામ રેવતીકુંડ ઠરાવ્યું, જેમાં સ્નાન કરવાથી તથા દર્શન કરવાથી અને સ્મરણ કરવાથી મહાપાપનો ક્ષય થાય છે. ૬૦–૬૧. પ્રમુચ મુનિ તે કન્યા રેવતીનું પાલન પોષણુ કરતા. તે રેવતાચલ પર્વતમાં જ કાલે કરી યૌવન અવસ્થાને પ્રાપ્ત થઈ. ૬૨. પછી યૌવનને પ્રાપ્ત થયેલી રેવતીને જોઇ પ્રમુચ રાજર્ષિએ એકાંતમાં ચિંતવન કર્યું કે આ કન્યાનો પતિ કોણુ હશે? ૬૩. આમ વિચારી પોતાના ગુરુરૂપ અગ્નિમાં હોમ કરી પ્રમુચ મુનિએ અગ્નિને પૂછ્યું કે હે ગુરો, આ કન્યાનો પતિ કોણુ થશે તે કૃપા કરી કહો. ૬૪. હું જોઉં છું તો આ કન્યાના યોગ

૧. ગર્ત એટલે મોટો ખાડો.

સરખો પતિ કોઈ જોવામાં આવતો નથી. હવ્યવાહન અગ્નિએ મૂર્ત્તિમાન્ સ્વરૂપે કુંડથી બાહેર આવીને કહ્યું કે હે પ્રમુચ મુનિ, આ કન્યાનો જે પતિ થશે તે કહુ છું તે સાંભલો. ૬૫-૬૬ પ્રિયવ્રતના વંશમાં કાલિંદીના ગર્ભ-થી જન્મેલો દુર્મદ નામનો રાજા આ કન્યાનો પતિ થશે, આમ કહી પ્રમુચે પૂજાયેલો અગ્નિ [1]સ્વાલયમાં ગયો. ૬૭. એ સમયમાં મૃગયાસક્ત થયેલો રાજા દુર્મદ રૈવતાચલમાં આવેલ હતો. ૬૮. જલની તૃષાથી આકુલ થયેલા રાજાએ પ્રમુચ મુનિના આશ્રમમાં આવી જલની યાચના કરી કે હે મુને, મારી તૃષા નિવૃત્ત કરવા મને જલ આપો. ૬૯. ઋષિ હોમશાળામાં હોમનાં કાર્યમાં રોકાયલા હતા જેથી તે રાજાની યાચના સાંભલવામાં આવી નહીં એટલે દ્વારમાં ઉભેલી રેવતીને તે રાજાએ પુછ્યું. ૭૦. હે પ્રિયે, તારો પિતા ક્યાં છે તે મને યથાર્થ કહે. આ વિસ્મય આપનારૂ વચન ઋષિને હોમશાળામાં કાને આવ્યું. ૭૧. ઋષિ મનમાં ચિંતવન કરવા લાગ્યા કે આ વાક્ય શું સાંભ-ળ્યું? મારે ઘેર આવી 'પ્રિયે' આ પ્રકારનું આમંત્રણ કોણ કરે છે? ૭૨. આ પ્રમાણે વિસ્મયાવિષ્ટ થઇ ગૃહદ્વારે પોતે આવ્યા તો સમીપમાં ઉભેલા રાજા દુર્મદને જોયો. ૭૩. રાજાને જોઈ હર્ષિત થયેલા મુનિયે પોતાના ગૌતમ નામના શિષ્યને કહ્યું કે પાદ્ય અર્ઘ લાવ. ૭૪. આ રાજામાં શ્રેષ્ઠ ઘણા વખતથી ઉભા અને તે આજે આપણા જમાઇ થયા છે માટે પૂજનને યોગ્ય છે. ૭૫. ગૌતમ ગુરૂની આજ્ઞાથી તરત પાદ્ય અર્ધ્ય લાવ્યો તેથી ઋષિ-એ તેનું પૂજન કરી સ્વાગત કરી પોતાના ગૃહાંતરે તેડી લાવ્યા. ૭૬. સારા આસનની કલ્પના કરી અમૃતસમાન વચન ઋષિ બોલ્યા. ૭૭. પ્રમુચ મુનિ પુછે છે હે રાજેન્દ્ર, આપના પ્રકૃતિવર્ગ તથા શરીર, સ્ત્રી, પુત્ર, ભૃત્ય બંધુવર્ગ વગેરે તેમ તમારી પુરી સર્વે કુશલ છે? ૭૮. અત્ર વસનારી તમારી સ્ત્રી કુશલ છે પરંતુ તમારે ઘેર વસનારી તમારી સ્ત્રીનું કુશળ કહો. ૭૯. રાજા દુર્મદ કહે છે આપના પ્રસાદથી મારા રાજ્યમાં સર્વ કુશળ છે પરંતુ એક વાક્ય મારૂં સાંભલો કે જેથી હું વિસ્મય થયો છું. ૮૦. આપે કહ્યું જે આજે તમે અમારા જામાતા થયા વલી કહ્યું કે અત્ર રહેનારી તમારી સ્ત્રી કુશલ છે તે મારી સ્ત્રી ક્યાં છે તે કહો. ૮૧. પ્રમુચ કહે છે હે રાજન્, રેવતી નામની તમારી સ્ત્રી અહીં છે તેને તમે કેમ જાણતા નથી, કે જે ત્રૈલોક્યમાં અતિસુંદર અને રમ્યા છે તેનું વિસ્મરણ કેમ કરો છો? ૮૨. રાજા દુર્મદ કહે છે હે મુનિવર્ય, મારે ઘેર સુભદ્રા, શાંતપાપા, કાવે-

૧. પોતાના ધામમાં.

રીની પુત્રી નંદિની આદિ સ્ત્રીઓ છે તેમાં રેવતી નામની કોઇ સ્ત્રી મારા જાણવામાં નથી માટે હે બ્રહ્મન્, રેવતી ક્યાંથી હોય? ૮૩-૮૪. પ્રમુચ કહે છે કે હે ક્ષત્રિયવર્ય, જે વખતે મારે ઘેર તમે આવ્યા તે વખતે દ્વારે ઉભેલી મારી પુત્રીને તમે કહ્યું કે હે પ્રિયે, તારા પિતા ક્યાં ગયા છે? ૮૫. આ વચનથી હે રાજસત્તમ, રેવતીના પતિ તમે થયા. તે અન્યથા થવાનું નથી. ૮૬. જેથી મેં તમને જામાતા કહ્યા છે આ નિશ્ચય જાણવું. ૮૭. દુર્મદ રાજા કહે છે કે હે મુનિવર્ય, એ વચન મુખમાંથી નીકળી ગયું પરંતુ ભાવકૃત દોષ મારો નથી માટે ક્ષમા કરશો. ૮૮. હે રાજન્ ભાવકૃત દોષ કિંચિત્ પણ નથી એ ભાવિ કારણ છે, કેમકે અગ્નિદેવતાએ કહ્યું છે કે આ પુત્રીનો પતિ દુર્મદ રાજા થશે. ૮૯. ઇશ્વિર પાર્વતીને કહે છે કે હે ગિરિજા, ઇત્યાદિ વચનોથી રાજાને સમજાવ્યા એટલે રાજાએ રેવતીને સ્ત્રી કરી માની. પછી પ્રમુચ મુનિ વિધિપૂર્વક વિવાહ કરવા તત્પર થયા. ૯૦. ત્યારે રેવતીએ પિતાને કહ્યું કે હે પિતા, જો હું આપને પ્રીતિવાન્ હોઉં તો મારો વિવાહ કૃપા કરી રેવતીમાં કરો. ૯૧. પ્રમુચ મુનિ કહે છે કે હે પુત્રી, રેવતી નક્ષત્ર ચંદ્રનો યોગ આકાશમાં છે નહી. ૯૨. માટે બીજાં વૈવાહિક નક્ષત્રો સારાં છે તેમાં કરીશું, રેવતીનું શું પ્રયોજન છે? ૯૩. રેવતી કહે છે હે તાત, તે નક્ષત્ર વિના મારો વિવાહ વિફલ જેવો છે, મારા સરખીનો વિવાહ વિફલ થવો જોઇએ નહીં. ૯૪. પ્રમુચ મુનિ કહે છે હે ભદ્રે, પૂર્વકાલમાં ઋતવાક મુનિએ શાપથી રેવતી નક્ષત્રને પૃથ્વીમાં પાડયું છે તે કેમ તું જાણતી નથી શું? ૯૫. મેં આ રાજાને આપવા પ્રતિજ્ઞા કરી અને કહ્યું કે આ તારી ભાર્યા થાય. તે તું જાણે છે માટે વિવાહમાં દુઃખ કરવું યોગ્ય નહિ. ૯૬. રેવતી કહે છે કે ઋતવાક એ મુનિ છે અને તપોબળ પણ તેનું જ છે શું. તમારા સમાન બીજો કોઇ તપસ્વી છે? હું બ્રહ્મબંધુની શું પુત્રી છું? ૯૭. પ્રમુચ કહે છે કે હે પુત્રિ, તું બ્રહ્મબંધુની સુતા નથી અને મારાથી અધિક બીજો તપસ્વી પણ કોઇ નથી. માટે તારૂં વાંછિત અન્યથા ન કરતાં વાંચ્છિત કરીશ. ૯૮. રેવતી કહે છે હે પિતા, જો તમો પૂર્ણ તપસ્વી છો અને સમર્થ છો તો રેવતીનક્ષત્રને આકાશમાં યથાસ્થિત કરીને મારો વિવાહ કરો. ૯૯. પ્રમુચ કહે છે હે સુતે, તારા કહેવા પ્રમાણે રેવતી નક્ષત્રને ગગનમાં સ્થિત કરૂં છું, ચિત્તમાં પ્રીતિવાલી થા. ૧૦૦. ઇશ્વિર કહે છે હે પાર્વતી, પ્રમુચ મુનિએ સ્વતપોબલથી તે નક્ષત્રને ગગનમાં પૂર્વની સ્થિતિ પ્રમાણે સ્થાપિત કર્યું. ૧૦૧. આવી રીતે પુત્રીનું પ્રિય કરી વિવાહવિધિથી પુત્રિ રેવતીને પરણાવી

જમાઇને કહ્યું કે હે રાજન્, વૈવાહિક જે મારે આપવું જોઇએ તે તમે કહો તે આપુ. ૧૦૨ કદાચ દુષ્પ્રાપ્ય હશે તો પણ મારા તપોબળથી આપીશ. દુર્મદ રાજા કહે છે કે હે મુને, હું સ્વયંભૂમનુના વંશમાં જન્મેલો છું માટે મન્વંતરાધિપત્ય માગુ છું તે સિદ્ધ કરી આપશો. ૧૦૩. પ્રમુચ કહે છે હે મહીપાલ, જ્યારે રેવતી રેવતીકુંડમાં સ્નાન કરીને પુત્ર જન્મ આપશે ત્યારે તારી મનઃકામના પૂર્ણ થશે આ નિઃસંશય જાણજે. ૧૦૪. ઇશ્વિર કહે છે હે સતિ, આ પ્રમાણે રાજા વરદાન પામ્યો અને રેવતીએ પુત્રને જન્મ આપ્યો તેનું નામ રૈવત ઠરાવ્યું અને તે રૈવત નામનો મનુ થયો. ૧૦૫. રેવતીકુંડમાં સ્નાન કરી રેવતીએ કહ્યું કે આ કુંડમાં જે સ્ત્રીઓ સ્નાન કરશે તેઓ દુઃખ દરિદ્રથી મુક્ત થશે. ૧૦૬. રેવતીકુંડમાં સ્નાન કરવાથી તેમના પુત્રો મહાબલવાન અને દીર્ઘ આયુષ્યવાળા થશે તેમ વલી કાર્ત્તિકમાં સ્નાન કરવાથી અધિક ફલ થશે. ૧૦૭. નારદ કહે છે હે બલિરાજા, પૂર્વોક્ત બંને પર્વતો અત્યુચ્ચ ગગન સ્થલથી મહાદીર્ઘ થઇને તે પૃથ્વીમાં પડયા એમ પૂર્વે કહેવામાં આવ્યું છે તે પર્વતોએ [૧]સપત્નિક હરિહરનું સ્મરણ કર્યું. ૧૦૮. સ્મરણમાત્રથીજ પૂર્વકાલમાં વર માગેલો હતો કે જ્યાં અમો રહીએ ત્યાં તમારે પણ રહેવું, આ વરદાન બંને દેવોએ આપેલું હતું જેથી બંધાયેલા હતા જેથી તે બન્ને દેવો હરિ અને શંકર તરત ત્યાં પધાર્યા. ૧૦૯. અને વિષ્ણુ તથા મહાદેવ તે પર્વત ઉપર અને સ્વર્ણરેખા નદીનાં જલમાં નિવાસ કરીને રહ્યા. ૧૧૦. પછી રેવતીએ તે બંન્ને દેવોને પ્રસન્ન કરવા માટે તપ કર્યું તેથી પ્રસન્ન થયેલા ભગવાને રેવતીને દરશન આપીને કહ્યું કે હે રેવતી, તારા તપથી હું પ્રસન્ન થયો છું. ૧૧૧. માટે ઇચ્છિત વર જે માગવો હોય તે માગ, હું તને આપીશ. ૧૧૨. રેવતી કહે છે કે હે પ્રભો, જો આપ પ્રસન્ન થયા છો તો હું આટલું માગુ છું કે આપ સદાકાલ રેવતાચલ પર્વતપર વિરાજમાન રહો. આ રેવતીકુંડમાં મેં સ્નાન કર્યું તેમાં જે સ્નાન કરશે. ૧૧૩ તેનો વિષ્ણુલોકમાં વાસ થાઓ. આ વરદાન માગુ છું. આમ કહેવાયલા વિષ્ણુ તે વરદાનના તંત્રથી રૈવતાચલપર રહ્યા. ૧૧૪. દામોદર સ્વરૂપ ચતુર્ભુજ વાલું રૂપ ધારણ કરી રહ્યા, તેમ મહાદેવ પણ ત્યાં રહ્યા. અને ગંગા આદિ નદીઓ અને તીર્થો પણ સઘળાં વિષ્ણુની સાથે રહ્યાં. ૧૧૫. અને ક્ષીરસાગરના મથન કરતી વખતે સર્વ દેવના આમર્દનથી જે વૃક્ષ ઉત્પન્ન થયું જેનું નામ આમર્દકી કહેવાયું તે વૃક્ષ પણ ત્યાં સ્થાપ્યું.

---

૧. સપત્નીક–પત્ની સાથે.

૧૧૬. એ વૃક્ષમાં સદા લક્ષ્મી રહ્યાં છે તેમ શિવા પણ તેની સાથે રહે છે આમ શિવા લક્ષ્મીએ સેવાયેલું એ વૃક્ષ, તેની સેવા સર્વ દેવતાઓ કરે છે. **૧૧૭.** બ્રાહ્મણ અને સર્વ દેવતાઓ તે વૃક્ષને વૈષ્ણવ કહે છે ને પૂજે છે. સર્વ દેવોએ તે વૃક્ષને સંતોષ પમાડી તે પર્વતપર સ્થાપ્યું છે. **૧૧૮.** આ વૃક્ષની યાત્રા ફાગણ શુદ ૧૧ ને દિવસે જે કરશે તેને પુત્ર, પૌત્ર, ધન, ધાન્ય આદિ સમૃદ્ધિ પ્રાપ્ત થતાં અંતે તે વિષ્ણુપુરમાં નિવાસ કરશે. **૧૧૯** આ પ્રમાણે રેવતીએ માગ્યું એટલે વિષ્ણુ તથા શિવે તથાસ્તુ કરી વર આપ્યો. **૧૨૦.** એ પ્રમાણે વિષ્ણુ તથા શિવ રૈવતાચલ પર્વત ઉપર નિવાસ કરી રહ્યા. સૌરાષ્ટ્ર દેશમાં જે કારણે આવ્યા તે સઘળું કારણ કહ્યું. **૧૨૧.** પછી હરિહરે ચિન્મય[1] કર્યો અને તે બંને દેવતાઓના અંશવાલા થયાં. **૧૨૨.** હવે બીજું હરિહરને અહિં આવવાનું કારણ કે જે સાંભલતાં પાપનો નાશ થાય તે કહું તે સાંભલ. **૧૨૩.** આ પ્રમાણે સ્કંદ પુરાણ આદિત્ય ખંડમાં રૈવતાચલ પર્વત માહાત્મ્યવર્ણન વિષય અધ્યાય ૩૨ મો સંપૂર્ણ થયો.

અધ્યાય ૩૩ મો.

નારદ કહે છે હે રાજા બલિ, મહાદેવ અને વિષ્ણુ જે કારણે પર્વત ઉપર આવ્યા તેનું કારણ મને બ્રહ્માએ કહ્યું તે હું તમને કહું છું તે સાંભળો. ૧. આ ગિરિનારાયણ નામનું તીર્થ સર્વ તીર્થનું ગુરુરૂપ છે તેની ઉત્પત્તિ અને નિવાસ કહું તે એકમને સાંભલ. ૨. બ્રહ્મા કહે છે હે નારદ, એક સમયે પુરાતન અને સૂર્યવંશમાં જન્મેલો ચંદ્રકેતુ નામનો રાજા પૃથ્વીમાં થયો. ૩. જેણે સર્વ શત્રુઓને જીતી ચાર સમુદ્ર પર્યંત પૃથ્વી સાઠ હજાર વર્ષ પર્યંત ભોગવી. ૪, એ રાજા પોતે નિત્ય નિયમ પૂર્વક પ્રતિદિન વૈકુંઠ અને કૈલાસ પ્રત્યે હરિહરનાં દર્શન વાસ્તે જતો હતો. ૫. એક દિવસે ભગવાને પ્રસન્ન થઇ એ પોતાના મહાભક્ત રાજાનું પ્રિય કરવા માટે ચંદ્રકેતુને હાસ્ય પૂર્વક વચન કહ્યું. ૬. તેમજ વિષ્ણુભક્ત વલ્લભ શંકરે પણ રાજાને કહ્યું કે હે ચંદ્રકેતો, હે રાજર્ષે, હે રાજવંશવિભૂષણ, ૭. અહિયાં નિત્ય તમારે આવવાનો ક્લેશ ત્યાગ કરી રૈવતાચલ પર્વત પ્રત્યે યથોચિત નિવાસ કરી નિરંતર રહો. ૮. બીજાં પુર અને પર્વતો સર્વે મુકી તે શૈલ શ્રેષ્ઠમાં રાજધાનીનું નિવેશન

---

૧. ચિન્મય એટલે ચૈતન્યરૂપ.

કરો. ૯. હે જનેશ્વર, એ શૈલ રાજનો રાજા થશે કે જે સમસ્ત દેવોના મુખ્ય તેજોઅંશથી થયેલો છે. ૧૦. હે જનાધિપતે, પર્વત અમારાં તથા બ્રહ્મા, ઇંદ્ર, વરુણ યમ આદિ સર્વે દેવોના તેજોમય છે. ૧૧. હે ચંદ્રકેતો, બીજા પણ પવિત્ર ગુણો તે પર્વતમાં રહ્યા છે અને તે પર્વતની નદી પણ એવી પવિત્ર છે. કે દર્શનમાત્રથી જ મુક્તિ આપનારી છે. ૧૨. હે રાજન, પ્રથમ તમારૂં મણિપુરનામનું શહેર કહેવાતું હતું અને બીજું પારિભદ્ર નામનું હતું. ૧૩. અને હમણાંથી કલિયુગ પર્યંત રેવત નામનું શહેર કહેવાશે અને ત્યાં હે રાજન, તમારા સુખને માટે અમો આવીને નિવાસ કરીશું. ૧૪. હે રાજેન્દ્ર, તમે પણ ત્યાં રાજ્યધાની કરીને રહો. બ્રહ્મા કહે છે કે હે મુનીશ્વર, રાજા ચંદ્રકેતુ હરિહરનું વચન સ્વીકારી ૧૫. પૃથ્વી પર આવી હર્ષિત થઇને તે રૈવતાચલ પર્વતના મૂલમાં સ્વનિવાસ માટે પૂર્ણ સમૃદ્ધિ વાળું નગર વસાવ્યું કે જે પ્રાસાદ શિખરો અને દ્વારાદિ વડે સુશોભિત થયેલું હતું. ૧૬. પછી તે મહાક્ષેત્રમાં ભક્તવત્સલ દામોદર ભગવાન અને મહાદેવ લક્ષ્મી અને પાર્વતીસહિત ત્યાં પધારી યથોચિત સ્થાને રહ્યા. એમ હરિ અને હર બન્ને અને ત્રીજો રાજા પરસ્પર પ્રેમબદ્ધ થયા. ૧૭–૧૮. હર્ષ યુક્ત સર્વ કામ પૂર્ણ ત્રણે જણા વસતા હતા. હે વત્સ, હરિહરનું પર્વત ઉપર આવવાનું કારણ તને કહ્યું. ૧૯. શંભુ અને ભગવાન જે નિમિત્તે એ પર્વત પર આવ્યા તે યથાર્થ તને કહ્યું. ૨૦. નારદ પુછે છે કે હે પિતા, તે પવિત્ર સ્થળમાં મુખ્ય તીર્થો છે તે અને સ્નાન દાનાદિ યાત્રાનું વિધાન હે જગત ગુરૂ, મને વિસ્તારથી કહી સંભળાવો. ૨૧. બ્રહ્મા કહે છે કે હે પુત્ર તે તીર્થમાં વૈષ્ણવોએ ગિરિનારાયણ નામના બ્રાહ્મણોને તીર્થ નિવાસિત કરી રાખ્યા છે. ૨૨. ગિરિનારાયણ બ્રાહ્મણો વિના જે જન યાત્રા કરે તેની યાત્રા નિષ્ફળ થાય છે. આ વાત મારી ખરી કરી માનજે. ૨૩. તીર્થ તીર્થમાં જેજે ફળ છે તે ગિરિનારાયણ બ્રાહ્મણો કહે છે, માટે તેને આગળ કરી વિધાન પૂર્વક યાત્રા કરવી. ૨૪. વસિષ્ઠ કુંડમાં સ્નાન કરીને રાધાકુંડમાં સ્નાન કરવું, તે પછી રેવતી કુંડમાં પછી બ્રહ્માંડકુંડમાં સ્નાન કરવું. ૨૫. પછી વીર હ્રદમાં નાહી મૃગી કુંડમાં જવું પછી સુવર્ણ રેતીમાં વિધિ પૂર્વક સ્નાન કરવું. ૨૬. પછી અંબિકા પાસે જઈ વિધિપૂર્વક પૂજન કરવું આ પ્રમાણે સર્વ તીર્થો અનુક્રમથી કરવાં. ૨૭. હે નારદ, તે પર્વત ઉપર વધારે વખત રહેવું નહી ત્યાં મલમૂત્રાદિક કાંઈપણ પર્વત ઉપર કરવું નહિ. ૨૮. ભગવાન મહેશ્વરરૂપી ઉજ્જયંત પર્વત છે અને વિષ્ણુ રૂપી રેવત પર્વત છે. ૨૯. કુમુદ પર્વત

બ્રહ્મરૂપ છે ત્રણે દેવતાઓ પર્વત રૂપ થયા છે. ૩૦. તે કારણથી તેઓ પર વિષ્ટા મળ મૂત્રાદિ છાતીના મલો અથવા નાસિકાના મલ ફેંકવા નહિ, જો ફેંકે તો મનુષ્ય પ્રાયશ્ચિત્તવાન થાય છે. આ વિધિએ કરી યાત્રાપરાયણ જનોએ યાત્રા કરવી. ૩૧. સારી રીતે યાત્રા કરી યાત્રાનું ફલ મલવા માટે સાથે રહેલા ગિરિનારાયણ બ્રાહ્મણોને ભક્તિથી સંતોષવા. ૩૨. વર્ષાસનાદિ જીવિકા આપી પ્રસન્ન કરવા. ધર્મ જાણનારા તે બ્રાહ્મણો જ્યારે સંપૂર્ણ પ્રસન્ન થાય. ૩૩. ત્રણ વખત યાત્રા સંપૂર્ણ થઇ એમ તે બ્રાહ્મણો કહે ત્યારે બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર એ ત્રણે દેવતાઓ પ્રસન્ન થાય. ૩૪. બ્રાહ્મણ પ્રસન્ન થવાથી ઇશ્વર પ્રસન્ન થાય છે કારણ કે બ્રાહ્મણો પૃથ્વીમાં જંગમતીર્થ છે આમ નિઃસંશય જાણવું. ૩૫. તેમાં પ્રમાણ વેદનું છે. માટે જ્ઞાનવાળા પુરુષોએ બ્રાહ્મણોને પ્રસન્ન કરાવવા તો ઇશ્વર પ્રસન્ન થાય. હે નારદ, આ સત્ય કહું છું કે જેણે બ્રાહ્મણોને પ્રસન્ન કર્યા તેને ઇશ્વર અવસ્ય પ્રસન્ન થયા એમ સમજવું. જેઓ બ્રાહ્મણને પ્રસન્ન કરે છે તેને વિશ્વનાથ પ્રસન્ન થઇને વિપુલ ઐશ્વર્ય આપે છે. ૩૬. આ પ્રમાણે સ્કંદ પુરાણ આદિત્યખંડ રૈવતાચલના માહાત્મ્ય અધ્યાય ૩૩ મો સંપૂર્ણ.

અધ્યાય ૩૪.

ઈશ્વર કહે છે—હે સતિ, બ્રહ્માનાં આ વચન સાંભળી નારદમુનિએ ફરીથી બ્રહ્માને પુછ્યું કે હે પદ્મયોને, હું તમોને નમસ્કાર કરૂં છું. તમો જગતના ધાતા છો, તમારા મુખથી સર્વ બ્રાહ્મણોની ઉત્પત્તિ મેં સાંભળી છે. ૧. હવે ગિરિનારાયણ બ્રાહ્મણોની ઉત્પત્તિ વિસ્તારથી મને કહી સંભળાવો, હુ સાંભળવા ઇચ્છું છું. ૨. મહાપવિત્ર વસ્ત્રાપથ ક્ષેત્રમાં વસનારા ગિરિનારાયણ બ્રાહ્મણો કોણ છે? ૩. હે પિતામહ ગિરિનારાયણ આવું નામ તેઓનું શામાટે થયું અને તે સ્થલના સંબંધી તેઓને કોણે કર્યા? ૪. આ સઘળું તમારાથી સાંભળવા ઇચ્છું છું, તે વિસ્તારથી જેવું હોય તેવું મને કહો. ૫. બ્રહ્મા કહે છે કે હે નારદ, સાંભળ. ગિરિનારાયણ બ્રાહ્મણોની ઉત્પત્તિ વિસ્તારી કહું છું. ૬. હે દેવદર્શન, આ સંબંધમાં પુરાતન ઇતિહાસ કહું છું. જે સાંભળતાં મનુષ્ય સર્વ પાપથી મુક્ત થાય છે. ૭. પૂર્વકાલે સત્યયુગમાં મારો પુત્ર દક્ષ નામનો પ્રજાપતિ હતો તેને સોળ પુત્રી જન્મી હતી. ૮. તે દક્ષની પ્રસુતી નામની સ્ત્રી હતી તેમાંથી તે કન્યાઓનો જન્મ

થયો હતો. તેઓમાંથી તેર કન્યા ધર્મને આપી હતી. ૯. અને એક પિતૃને આપી હતી, એક અગ્નિને અને એક સૌથી નાની સતી નામની કન્યા મહાદેવજીને આપી. ૧૦. એક દિવસે વિશ્વસ્રજાના યજ્ઞમાં દક્ષ અને મહાદેવનો દૈવવશાત્ મહાન વિક્ષેપ થયો તે પ્રસંગે સતી પોતાના પિતા દક્ષને ઘેર જઇ દેહ મુકી મરણ પામી. ૧૧. ફરીથી હિમાલયની મેનકા નામની સ્ત્રીમાંથી ઉત્પન્ન થઈ પર્વતને ઘેર જન્મી જેથી પાર્વતી નામ કહેવાયું. ૧૨. પાર્વતી તપ સિદ્ધિથી ફરીથી એજ પશુપતિ મહાદેવનેજ વરી. તેમના વિવાહના સમયમાં હું પર્વતને ઘેર ગયો, ૧૩. ત્યાં રૂપ અને યૌવનવતી પાર્વતીને જોઇ જગતને મોહ કરનાર કામદેવે મારા ચિત્તમાં પ્રવેશ કર્યો, જેથી મારૂં ચિત્ત મોહ પામ્યું. ૧૪. એ સમયમાં મારૂં વિર્ય સ્ખલિત થયું, જેમાંથી હજારો બ્રાહ્મણો ઉત્પન્ન થયા તેઓ મારા સમીપમાં હાથ જોડી બોલ્યા કે હે પિતાજી, અમો શું કામ કરીયે, આજ્ઞા કરો. ૧૫. ત્યારે મેં તેમને કહ્યું જે તમો મારા વિર્યથી ઉત્પન્ન થયા છો માટે બ્રાહ્મણો થયા અને મારા પુત્રો થયા તો હું આજ્ઞા કરૂં છું કે, ૧૬. હિમાચલ પર્વતપર તમો તપ કરવા જાઓ ત્યાં તપ કરી સિદ્ધિને પ્રાપ્ત થશો. ૧૭. ત્યારે વિષ્ણુ ભગવાન પ્રસન્ન થઈ પોતાનું દર્શન આપશે અને મનવાંચ્છિત વર તમોને આપી તમને ઉત્તમ કરશે. ૧૮. ભગવાન અંતરધ્યાન થયા પછી તમો વાંચ્છિત વરને પામેલા થઇ હે દ્વિજોત્તમો તમો રૈવતાચલ પર્વતપર જશો. ૧૯. આ પ્રમાણે પિતા બ્રહ્માનાં વચન સાંભળી તે બ્રાહ્મણો વિષ્ણુના દર્શનની આકાંક્ષા કરતા હિમાલય જઇ મહાન તપ કરવા લાગ્યા. ૨૧. હે નારદ, તે બ્રાહ્મણોની સંખ્યા અડયાસી હજારની હતી, આ પ્રમાણે તે બ્રાહ્મણોની ઉત્પત્તિ મેં તને કહી સંભલાવી. ૨૨. હવે એ બ્રાહ્મણો રૈવતાચલમાં આવ્યા તેનું કારણ તને કહી સંભળાવું કે જે સાંભલતાં પાપનો નાશ થાય છે. ૨૩. જ્યારે ચંદ્રકેતુ રાજા ઉપર કૃપાપરાયણ હરિહર એ બન્ને દેવો રૈવતાચલ પર્વતમાં આવ્યા, ૨૪. ત્યારે નિરંજન તે દેશને જોઇ ભગવાને ચિંતવન કર્યું કે બ્રાહ્મણો વિના આ સ્થલે કેમ રહેવાશે? ૨૫. હે નારદ, વિષ્ણુ ભગવાને રૈવતાચલમાં વસતા આત્મસ્વરૂપી બ્રાહ્મણોનું સ્મરણ કર્યું. ૨૬. પછી ગિરિ ઉપર વસવાથી ભગવાન ગિરિનારાયણે પોતેજ દામોદર નામથી બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કીધું. ૨૭. એ દામોદર ભગવાન બ્રાહ્મણોને ત્યાં તેડી લાવવાને માટે હિમાલયના સમીપમાં ઉત્તમ તીર્થ પ્રત્યે પધાર્યા. ૨૮. જ્યાં બ્રહ્મઘોષપરાયણ મહાતપ કરતા પૂર્વોક્ત બ્રાહ્મણો વસતા હતા

તેમને દામોદર ભગવાને જોયા. ૨૯. તે બ્રાહ્મણો નાસિકાના અગ્ર ભાગમાં દૃષ્ટિ રાખી ધ્યાનારૂઢ થઇ ધ્યાનમાં મગ્ન થયેલા હોવાથી સચ્ચિદાનંદ [1]સંમિત થયા હતા. ૩૦. વલી પ્રથમ તીર્થે સ્નાનથી અને ધ્યાન તેમજ સમાધિથી શુદ્ધ અંતરાત્માવાલા થયા હતા ૩૧. તે બ્રાહ્મણોની સમક્ષમાં ભગવાન દામોદર આવી ઉભા પરંતુ ધ્યાન અને સમાધિના કારણથી તે બ્રાહ્મણોએ તેમને જોયા નહીં ૩૨. અને બાહ્ય દૃષ્ટિ ન હોવાથી કાંઈપણ બોલ્યા નહિ ત્યારે દામોદર ભગવાને બ્રાહ્મણરૂપે તેમની પ્રસંશારૂપ સ્તુતિ કરી. ૩૩. તોપણ તેમના લક્ષ્યમાં ન આવી એટલે દામોદર ભગવાને તેમના હૃદયમાં પોતાનું સ્વરૂપ પ્રકાશ કર્યું એટલે તે બ્રાહ્મણોને તે રૂપ જોવામાં આવ્યું, એટલામાં ભગવાને પોતાનું સ્વરૂપ ફરીથી સંકોચી લીધું. ૩૪. ત્યારે હૃદયમાં દર્શન હોતાં નેત્ર ઉઘાડી જોયું તો સમીપમાં દામોદર ભગવાનનું દરશન થયું. તે બ્રાહ્મણરૂપે થયું. ૩૫. એટલે તેનાં દર્શનથી પાપ રહિત થયલા અને વ્રત ધારણ કરેલા તે બ્રાહ્મણો સમીપમાં ઉભેલા દામોદર ભગવાનને પરમઆદર પૂર્વક કહે છે, ૩૬. બ્રાહ્મણો બોલ્યા ભો બ્રહ્મણ્ય, હે મનુષ્યશ્રેષ્ઠ, તમો કોણ છો? અને ક્યાંથી અત્ર પધાર્યા છો? અહિ પધારવાનું જે કારણ હોય તે હે દ્વિજ વિસ્તારથી અમોને કહો. ૩૭. અમે જાણીએ છીએ કે તમો સર્વજ્ઞ અને સર્વના સાક્ષી સચ્ચિદાનંદરૂપ સનાતન ભગવાન છો. ૩૮. હે દેવ, હે કૃપાનિધે, તમારા દર્શનને ઇચ્છતા અમોને દર્શન દેવા માટે ભગવાનનાં લક્ષણે યુક્ત બ્રાહ્મણરૂપે પધાર્યા છો એમ અમો માનીએ છીએ. ૩૯. આમ કહી તેનું પૂજન કરી વિપ્રરૂપધારી દામોદર ભગવાનને સારાં આસનપર બિરાજમાન કર્યા ૪૦. ત્યારે તે બ્રાહ્મણોને દામોદર ભગવાને બ્રાહ્મણરૂપે સઘળું વૃત્તાંત કહેવા માંડયું. ૪૧. શ્રીદામોદર ભગવાન કહે છે હે બ્રાહ્મણો, તમો સાવધાન થઇ સાંભળો, તમારી સમાધિસ્થ સ્થિતિ જોઈ પ્રસન્ન થયેલા ભગવાન્ તમારા શ્રેષ્ઠય માટે અને જગતના કલ્યાણ માટે હરિહર ભગવાન ૪૨. હે દ્વિજાતિઓ, તમારાપર કૃપા કરવા માટે આ લોકમાં આવ્યા છે અને તમોએ સમીપમાં જે રૂપ જોયું. તે મારૂં રૂપ જાણવું. ૪૩. હું દામોદર સ્વરૂપે તમારા સમક્ષ આવ્યો છું તેનું કારણ તમો સાંભળો. ૪૪. બ્રહ્મા વિષ્ણુ અને મહાદેવ એ ત્રણે દેવો પણ ત્રણ પર્વત થઇને કોઇ કાર્ય કરવા માટે મહાન્ સૌરાષ્ટ્ર દેશમાં આવ્યા છે. ૪૫. સર્વે દેવતાઓ અંશ યુક્ત તથા બ્રહ્માંડમાં રહેલા સર્વ તીર્થના અંશ યુક્ત ૪૬. સર્વ દેવ તીર્થના અંશ

---

૧. સંમિત–તુલ્ય.

યુક્ત પર્વત રૂપે થયા છે તે પર્વત ઉપર યોગી પુરુષોએ ધ્યાન કરવા યોગ્ય જે ચિદાત્મક રૂપ, ૪૭. તે રૂપને એ બે રૂપે કરી પર્વત ઉપરે રહ્યા છે, તેમાં રૈવતાચલ ઉપર ગિરિનારાયણ નામથી વિષ્ણુ બિરાજે છે. ૪૮. તેમ ઉર્જ્જયંત પર્વત ઉપર મહાદેવ બિરાજે છે, આ પ્રમાણે મૂર્તિમાન દેવો ત્યાં બિરાજે છે માટે તમોએ તે મહાગિરિ ઉપર આવવું. ૪૯. રૈવતાચલ પર્વતપર બિરાજતા ભગવાનનાં દર્શનાસક્ત ચિત્ત કરી તરત તમો મારી સાથે ચાલો તમારી સમક્ષ મારૂં આવવું જે કારણ માટે થયું છે તે મેં તમોને કહી સંભળાવ્યું. ૫૦. બ્રહ્મા કહે છે કે હે નારદ, તે બ્રાહ્મણો દામોદરજીના વચન સાંભલી સર્ગ સ્થિતિ અંત કરનારા હરિહર ત્યાં બિરાજે છે એમ જાણી, ૫૧. મોટા હર્ષથી ભરાયલા નિર્મલ ચિત્તવાલા દામોદરની સાથે રૈવતાચલનાં ઉપવનમાં આવ્યા. ૫૨. નાના પ્રકારના વૃક્ષો અને લતાઓથી પૂર્ણ તેમ અનેક જાતિના પુષ્પ ફલોથી ભરપુર હંસ સારસ ચક્રવાકાદિ પક્ષીઓના શબ્દોથી શોભાયમાન, ૫૩. જલના ઝરણ પડવાથી એવી તો શીતલ ભૂમિ હતી કે યોગી પુરુષના મનના તાપ દોષને હરવાવાલી ૫૪. એવ રૈવતોદ્યાનમાં દામોદર સંયુક્ત બ્રાહ્મણો આવ્યા ત્યારે દામોદર ભગવાને તે બ્રાહ્મણોને ત્યાં રહેવા દઇ પોતે એકલા ત્યાંથી ચાલ્યા. ૫૫. ગિરિનારાયણ આગલ આવી તે બ્રાહ્મણો આવ્યા છે આ વાતને નિવેદન કરી ગિરિનારાયણની આજ્ઞાથી ફરી તે વનમાં આવ્યા. ૫૬. ત્યારે તે બ્રાહ્મણો દામોદર સાથે ગિરિ ઉપરે આવ્યા અને ગિરિનારાયણનાં દર્શન કરવા માટે સ્તુતિ કરવા લાગ્યા ૫૭. બ્રાહ્મણો સ્તુતિ કરે છે હે ભગવાન્, ભૂતવિભાવન, તમો યોગીઓ અને યાજ્ઞિક પુરુષોના પરમ પ્રાણ છો, ૫૮. તે અધોક્ષજ ભગવાન પોતાનાં પરિપૂર્ણ તેજથી તેજસ્વી અને સ્વપ્રતાપથી મહત્વ ધારણ કરનાર એવા નારાયણને છોડી દઈ અન્ય દેવની ઉપાસના જે કરે છે તે કુતરાંનાં પુછડાં ધારણ કરવાવાળા કહેવાય છે. ૫૯. હૂણકિરાત અને સબર વિગેરે તેમ બીજા પણ કુયોનિથી જન્મેલા જે મ્લેચ્છગણો છે તેઓ પણ તમારા ચરણાર્વિંદના આશ્રયથી તરત સંસાર સમુદ્રથી તરી પાર થાય છે. ૬૦. સૌરાષ્ટ્ર દેશમાં આવેલા અને ત્યાંજ જન્મેલા જે કોઈ નારાયણ શબ્દ મુકી દઈ માત્ર ગિરિ શબ્દ બોલે છે તે મૂર્ખતાને લીધે નરકત્રમાં પડે છે ૬૧. હે યોગેશ્વર, હે આદિપુરૂષ, હે યોગગમ્ય, હે નિરામય, હે શ્રીરૂપ, હે યોગી જનને અગોચર, ૬૨. તમારા દર્શનને ઇચ્છતા અમોને કૃપા કરી દરશન આપો. ૬૩. બ્રહ્મા કહે છે આ પ્રમાણે બ્રાહ્મણોની સ્તુતિ સાંભળી ભક્તવશ બ્રહ્મણ્ય ભગવાન પૂર્ણ કૃપાથી

બ્રાહ્મણોને સન્મુખ પધાર્યા. ૬૪. શંખ ચક્ર ગદા પદ્મ બાજુબંધ આભૂષણોથી સુશોભિત ભગવાન બ્રાહ્મણોની યોગ્યતા વિચારી તેમને કહે છે ૬૫. હે બ્રાહ્મણો, વર્ણાશ્રમની રક્ષા કરનાર આ સ્થળે વસું છું. આ સ્થલ મેં સ્વીકાર કરેલું છે તેમ તમો પણ આ સ્થલે મારી સાથે નિવાસ કરી રહો. ૬૬. હે સ્થિર મનવાળા, તમો મારી સમક્ષ રહેવાથી ગિરિનારાયણ નામના બ્રાહ્મણો જગતમાં પ્રખ્યાત કહેવાશો. ૬૭. મારૂં નામ ગિરિનારાયણ છે તે નામ હું તમને આપુ છું. જેથી ગિરિનારાયણ નામથી ઓળખાશો. ગિરિનારાયણ બ્રાહ્મણો કહેવાશો. ૬૮. મારૂં નામ તમને આપ્યું છે તેથી તમો સર્વ પ્રાણી માત્રમાં શ્રેષ્ઠ અને પૂજ્ય થશો. મારા અંશથી જન્મેલા જે દેવતાઓ અને ગયાદિ સર્વ તીર્થો ૬૯. તેઓને આ તીર્થના સમાગમથી પૂજ્યાધિકારી તમોને કર્યા છે. ૭૦. તમારાં વચનથી યાત્રાલુઓની યાત્રા સફલ થશે અને આ તીર્થનો મહિમા અધિક થશે. ૭૧. બ્રહ્માના વિષ્ણુયાગમાં તીર્થો સર્વે જુદા જુદા આવેલા જોઇ આ સ્થલે તીર્થ માત્ર એકત્ર કરેલાં છે. ૭૨. માટે તમો અહિં રહેવાને યોગ્ય છો, આમ કહીને વિષ્ણુદીક્ષાથી દીક્ષિત ચિન્હવાલા કરી વૈષ્ણવો કર્યા. ૭૩. ઊર્ધ્વપુંડ્ર આદિ તિલક તુલસીની માલા આપી હરિહરાત્મક વ્રતો કરવાના બતાવ્યા. ૭૪. સર્વને પૂજન અર્ચનનો અધિકાર આપીને કહ્યું કે હું ગિરિનારાયણ અને લોકપૂજ્ય મહાદેવ. ૭૫. એક રૂપને દ્વિધા કરી અભેદરૂપથી છીએ, આમ જાણી મનુષ્યોએ ભેદબુદ્ધિ કરવી નહીં. ૭૬. અમારા વચમાં ભેદબુદ્ધિ જાણે તે નરકગામી થાય તેમ તમોને અમારૂં રૂપ અને નામ અને પ્રભાવ મેં આપ્યો છે માટે તમારે અમારે વિષે જે ભેદબુદ્ધિ કરે તે નરકવાસી થાય એમ જાણી તમારે અહિંયાં રહેવું. ૭૭. અને તપ કરો, તમારા તપમાં જે કોઇ વિઘ્ન કરનારા થશે તે મારા ક્રોધરૂપ અગ્નિથી બળી ભસ્મ થઇ જશે. તમારો દ્વેષ કરશે એવા પાપીજનોને હું શિક્ષા દંડ કરીશ, આ વાત સત્ય કરી જાણવી તેમાં સંશય નહી. ૭૮. બ્રહ્મા કહે છે હે નારદ, ગિરિનારાયણ ભગવાનના આ પ્રમાણે વચન સાંભલી તે સર્વે બ્રાહ્મણો હાથ જોડી હર્ષયુક્ત ગદગદ વાણીથી ભગવાન જે ગિરિનારાયણ તેને કહે છે. ૮૦. ગિરિનારાયણ બ્રાહ્મણો કહે છે હે નાથ, બ્રહ્મા પરાશર અને ગર્ગાદિ મુનિઓ જેનું વંદન કરે છે અને કાળના ભયથી આતુર થયેલાઓનું પરમ પરાયણ, જેમાં કાલરોગાદિનો ભય નથી એવા આપનાં ચરણકમલ પ્રત્યે અમો નમિએ છીએ. ૮૧. અમારા માતાપિતા સંબંધી આદિ સર્વે અને ચેષ્ટાદિ જે કર્મ છે તે સર્વે તમો જ છો તમારા સમાન ભૂમિમાં

બીજો કોઇ નથી માટે આ બ્રાહ્મણો મારા છે એમ વિચારી અમારૂં રક્ષણ કરવાયોગ્ય તમો છો. માટે રક્ષણ કરનારા થાઓ. ૮૨. હે દેવ, હે જગતના નાથ, હે નારાયણ, હે પરાત્પર, આ રૈવતાચલ પર્વતમાં અમારે કેવીરીતે રહેવું? ૮૩. જેમાં સિંહ વ્યાઘ્રાદિક ભયંકર પશુઓ વસે છે, તેમ અનેક જાતિઓના ભયંકર પક્ષીઓ પણ છે. તો અહિં રહેવાથી અમારી શી દશા થશે? ૮૪. હે ભગવન્, અમારા ઉપર કૃપા કરી અમોને કહો કે જેવી રીતે અમો રહી શકીએ? ૮૫. બ્રહ્મા કહે છે હે નારદ, આવાં એ બ્રાહ્મણોનાં વચન સાંભલી દેવતાના દેવ જનાર્દન ભગવાન તે બ્રાહ્મણોનું ભવિષ્ય પરમ કૃપાથી કહેવા લાગ્યા. ૮૬. ગિરિનારાયણ ભગવાન કહે છે હે ગિરિનારાયણ બ્રાહ્મણો, તમારૂં ભવિષ્ય જે થવાનું છે તે સમગ્ર તમોને કહું છું તે સાંભળો. ૮૭. તમો અહિં નિવાસ કરશો તે પછી થોડાજ સમયમાં કેટલાક ઋષિઓ અહિં આવશે અને તેઓ તમને ઉચ્ચિત કન્યાદાન આપશે. ૮૮. પછી તમારા વિવાહના સમયમાં ચંદ્રકેતુ રાજા અહિં આવીને તમારા નિર્વાહને માટે મારી આજ્ઞાથી વર્ષાસન ગાય ગ્રાસ વિગેરે આપશે. ૮૯. તે શાસન મલવાથી તમો સુખી અને શ્રોત્રિય તેમ યજન કરનારા વલી દાતાર થશો આમાં સંશય નથી. ૯૦. તેમ વલી ઇતિહાસ પુરાણોના વકતા પણ થશો, આમ દીર્ઘ સમય વીતી જવા પછી દેવ દૈતના યુદ્ધમાં ૯૧. બલિરાજાના અનુજીવી દૈત્યોને દેવતાઓ મારશે, તેમ રાચેલા દૈત્ય દાનવો ફરીથી સૌરાષ્ટ્ર દેશમાં જન્મશે ૯૨. તેઓ યજ્ઞ કરનારા ઋષિઓના દ્વેષ કરનારા થશે જેથી મારા ભક્તજનો અતિજ દુઃખી થશે. ૯૩. ત્યારે હું બ્રાહ્મણો માટે અને તે રાજા ચંદ્રકેતુના માટે બન્નેના કાર્યનું ચિંતવન કરી ઉપાય કરીશ. ૯૪. એટલે મારા અંશથી પ્રેરિત રાજા પુત્રની કામના માટે યજ્ઞ કરવા આવશે. ૯૫. એ મારા અંશથી પુષ્ટ થએલો રાજા બ્રાહ્મણોની વૃત્તિ લોપ કરવાવાળા દુરાશયો અને રાજવંશમાં જન્મેલા ૯૬ અને બ્રહ્મસ્વ ખાવાથી પરિપુષ્ટ અંગવાલા અને અબ્રહ્મણ્ય ભિલ્લ જેવા રૂપવાનને કાલ સમાન બાણોથી, ૯૭ મારીને અશ્વમેધ યજ્ઞ કરશે તેમાં ગિરિનારાયણ બ્રાહ્મણોને પૂજી સંતોષ પમાડશે. ૯૮ ત્યારે તે બ્રાહ્મણો મારૂં સ્મરણ કરતા રાજાને વાજીમેધ નામનો યજ્ઞ કરાવશે. ૯૯ વિવાહયાત્રાદિ જે શુભ કર્મો તથા યજ્ઞાદિ કર્મો આ સ્થલમાં ગિરિનારાયણ બ્રાહ્મણો કરાવશે તે સર્વ સિદ્ધિ આપનારા થશે. ૧૦૦. આ વસ્ત્રપથ ક્ષેત્રમાં ગિરિનારાયણ બ્રાહ્મણોને ત્યાગ કરી જે શુભ કર્મ કરશે તે મનુષ્યને અસુર જાણવો. ૧૦૧. અને અસુરોની સાથે કર્મનો

ભોક્તા થઇ નરકમાં વસનારો થશે નિશંસય જાણવું કે સારૂ અથવા નરસું કરેલું કર્મ ભોગવવા વગર છુટકો નથી. ૧૦૨. મારામાં ભાવરહિત મારૂં સ્મરણ ન કરે તે કર્મ બંધથી બંધાઈ સંસાર ચક્રમાં ભમે છે. ૧૦૩. યજ્ઞને અંતે રાજા બ્રાહ્મણોને જેતું જેનું ગુપ્ત થઇ ગયેલું શાસન તે ફરીથી આપશે. ૧૦૪. ચોસઠ ગોત્ર અને ચોસઠ સોજનની ઐક્યતા એ બ્રાહ્મણોની થશે. ૧૦૫. રાજા તે પ્રત્યેક બ્રાહ્મણને ઘણી ભૂમિ વાલું સુવર્ણ યુક્ત એક એક ગામ આપશે. ૧૦૬. પછી સોમનાથની સંનક્ષમાં ગર્ગની સાથે સલાહ કરી હું વામનરૂપે પુરી વસાવીસ. ૧૦૭. તેનું નામ વામનસ્થલી કહેવાંશે તે પણ જ્યારે દૈત્યો ખેંચી લેશે ત્યારે બલવાન દશરથ રાજા, ૧૦૮. દૈત્યોનો વધ કરી બહુ ધન સંયુક્ત તે પુરી ફરીથી બ્રાહ્મણોને આપશે, ૧૦૯. અને આતિથ્ય વૈશ્વદેવ વેદનું પાલન અગ્નિહોત્ર તપસ્યા સત્ય એ બ્રાહ્મણોનું ઇષ્ટ કહેવાય છે, ૧૧૦. વલી વાવ કુવા તલાવ આદિના મુહૂર્ત અને ઇષ્ટ ઇત્યાદિ કર્મોમાં બ્રાંહ્મણોની યોજના કરશે. ૧૧૧. ગિરિનારાયણ બ્રાહ્મણોને મેં મારા સંબંધથી મારૂં સ્વરૂપ ધરનારા કર્યા છે માટે મારી આજ્ઞાથી સૌરાષ્ટ્ર દેશમાં પૂજનીય થશે. ૧૧૨. જેમ સંગ્રામ ભૂમિમાં શૂરા પુરુષ સન્મુખ ઉભા રહે છે તેમ ઘણી દક્ષિણાવાલા વિધિ પૂર્વક યજ્ઞમાં, ૧૧૩. મારા ઉપદેશથી ગિરિનારાયણ બ્રાહ્મણો (કર્મ) કરશે તે સ્થલે દશરથ રાજા પણ અશ્વમેધ યજ્ઞ કરી, ૧૧૪. દેવતાઓ અને બ્રાહ્મણોને નાના ભોજનાદિથી સંતોષી અનેક દાનો આપી દૈત્યોનો નાશ કરી, ૧૧૫. ફરીથી પોતાની રાજધાની અયોધ્યામાં જશે. તારે રાજાને ઘેર મારા અંશથી ચાર રૂપ પ્રકટ થશે. ૧૧૬. તેમાં રામચંદ્ર રૂપે હું અવતરીને ભૂમિનો ભાર હરીશ. અને સમુદ્ર ઉપર પાજ બાંધવા આદિ અનેક કર્મ કરીશ. ૧૧૭. લંકામાં પુત્ર બંધુ સહિત રાવણને મારી ચારે વર્ણાશ્રમીઓને સ્વધર્મમાં સ્થાપીશ. ૧૧૮. સાધુ જનનાં સુખ માટે ઘણા કાલ સુધી પૃથ્વીમાં રહી અનેક ચરિત્ર કરીશ. ૧૧૯. આ પ્રમાણે પૃથ્વીનો ભાર ઉતારી હું મારા ધામ પ્રત્યે જઇશ. બ્રાહ્મણો, મેં કૃપાથી આ બધું કર્યું. ૧૨૦ જે ભાવિ થવાનું છે તે સઘલું કહ્યું હવે શું સાંભલવાની ઇચ્છા છે? તે કહો. ૧૨૧. બ્રહ્મા કહે છે કે હે નારદ ગિરનારાયણના વચન સાંભલી તે બ્રાહ્મણો હર્ષાંતઃકરણવાલા થયા જેથી એક મુહૂર્ત પર્યંત ધ્યાનમગ્ન થઈ રહ્યા. ૧૨૨. પછી બાહ્ય વૃત્તિ કરી ભગવાનને સન્મુખ હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા. ૧૨૩. ગિરિનારાયણ બ્રાહ્મણો સ્તુતિ કરે છે હે વિશ્વેશ્વર, હે વિભો, હે યોગપરાયણ, તમારો

જય થાઓ, પરેશ નિર્ગુણ સિદ્ધ આત્મા ઇશ્વરને અમારા નમસ્કાર થાઓ. **૧૨૪.** નારાયણ હરિ વાસુદેવ જનાર્દન હર્ષીકેશ ગિરિનારાયણ ભગવાનને અર્થે અમારા નમસ્કાર થાઓ. **૧૨૫.** હે દામોદર, હે અચ્યુત, હે વિભૂતિપતે, અમો તમોને વારંવાર નમીએ છીએ. હે પ્રભુ, તમારાં સ્થાપેલાં આ સ્થાને અમે નિર્ભયતાથી નિરંતર નિવાસ કરીશું. **૧૨૬.** રૈવતાચલના ઉદ્યાન વિષયમાં તમારૂં ધ્યાન કરવાથી સ્થિર મન કરી સુખેથી વાસ કરી રહીશું. **૧૨૭.** હે દેવ, તમારે ગુણ કીર્તન કરવામાં વાણી, શ્રવણ કરવામાં કાન, પૂજન કરવામાં હાથ, તીર્થાદિ યાત્રા કરવામાં પગ અને સાષ્ટાંગ પ્રણામ કરવામાં શરીર ઇત્યાદિ અમારી માગણી સિદ્ધ થાઓ. **૧૨૮.** હે દેવ, દેવાસુરના યુદ્ધમાં તમારા અંશવાલા જે દેવતાઓએ જે જે દૈત્ય દાનવોને માર્યા એ તમારા અંશથી મરણ પામેલા અવશ્ય મોક્ષમાં જાય છે તો ફરીથી જન્મવાનું તેમને શું કારણ થયું? **૧૨૯.** કે જેથી બ્રહ્મદ્વેષ કરનારા દુરાત્માઓને ફરીથી તમારે મારવાની જરૂર પડી? આ કારણ અમોને વિસ્તારથી કહો. **૧૩૦.** ગિરિનારાયણ ભગવાન કહે છે હે બ્રાહ્મણો, તમો આસ્તિકરૂપ છો માટે પુછો છો તો હું તમોને કહું છું તે સાંભળો. મારા અંશવાલા દેવતાઓએ તે દૈત્ય દાનવોને માર્યા, પણ તેઓની અસદ્ વાસના ટલી હતી નહીં, જેથી તેઓ ફરિથી તે વાસનાઓ બાળવા માટે જન્મ્યા. **૧૩૧.** જ્યારે ઘોર કલિયુગ આવશે ત્યારે તેઓ બ્રહ્મવંસમાં જન્મી બ્રહ્મદ્વેષ કરનારા અને દાંભિક થશે. **૧૩૨.** અભક્ષ્ય સુરાપાન આદિ દુરાચરણ કરનારા અસદ્ આચરણમાં રહી બ્રહ્મદ્વેષી થશે. **૧૩૩.** કેટલાકો દૈત્યાંશથી રાજાના કુલમાં પણ જન્મશે, તેઓ રાજચિન્હ ધરનારાઓ બ્રાહ્મણોને દૂષણ લગાડશે. **૧૩૪.** ત્યારે દૈત્યાંશથી બ્રહ્મકુલમાં જન્મેલા બ્રાહ્મણો મિથ્યાચાર મિથ્યાશાસ્ત્ર વાદ કરી મનુષ્યને મોહ કરશે, મોહિત થયેલા મનુષ્યો તે બ્રાહ્મણોને પૂજ્યકરીને માનશે. **૧૩૫.** ત્યારે અસુર પક્ષના બ્રાહ્મણો પ્રબળતા—વૃદ્ધિ પામશે, અન્યાયથી ધન મેલવશે પતિત [1]પ્રતિગ્રહો લેશે. **૧૩૬.** આવા મૂઢ બુદ્ધિવાલા વર્ણસંકરો થશે ત્યારે દેવપક્ષના બ્રાહ્મણો દુઃખી થશે. **૧૩૭.** નિર્ધન વલી વ્યાધિ યુક્ત પાપ અને ઉપદ્રવથી ક્લેશ માનતા, ભૂખ અને તૃષાની પીડાથી દરિદ્રી થશે. **૧૩૮.** મન અને બુદ્ધિથી નિર્મલ. આશ્રય ન હોવાથી કંદમૂળનો આહાર કરનારા અને વલ્કલ વસ્ત્ર પહેરનારા થશે. **૧૪૯.** ત્યારે અસુર પક્ષના બ્રાહ્મણો પરસ્પર દ્વેષ અને પક્ષપાતથી એક બીજાને મારી નાંખશે. **૧૪૦.** ત્યારે પૃથ્વી

૧. પ્રતિ ગ્રહો—દાન.

અધર્મથી બહુ પીડા પામશે, કારણ કે ગાય બ્રાહ્મણ અને ધર્મ એ જ પૃથ્વીનો આધાર છે તે નષ્ટ થવાથી દુઃખિત થશે. કોઇ દાનનિષ્ઠ કે સત્યવાદી મનુષ્ય રહેશે નહીં. ૬૪૧. મનુષ્યો મહાલોભિષ્ટ અને સ્ત્રીઓ વ્યભિચારિણી અસત્યવાદી બ્રાહ્મણો પૂજનીય વેદને દૂષણ લગાડનારા ઇત્યાદિ વિપરીત કર્મ ભયંકર કલિયુગમાં થશે, ૧૪૨. ત્યારે મારા અંશથી જન્મેલો બ્રાહ્મણ ધર્મની રક્ષા કરશે, ચારે વર્ણને સ્વધર્મમાં સ્થાપીને પૃથ્વીનો ભાર ઉતારશે. ૧૪૩. દૈત્યાંશથી અને રાક્ષસ અંશથી જન્મેલા દુષ્ટોને શિક્ષા કરવા માટે હું કલ્કિ નામથી જન્મીને તેઓને શિક્ષા કરીશ. ૧૪૪. જ્યારે ધર્મશાસ્ત્રની ગ્લાનિ થાય અને અધર્મની ઉન્નતિ થાય છે તે સમયમાં હું જન્મ લઇ ધર્મની રક્ષા કરૂં છું. ૧૪૫. હે દ્વિજો, આગળ જતાં જે તમારૂં ભવિષ્ય તે કહી સંભલાવ્યું અને તે સમયમાં હું તમારૂં કલ્યાણ કરીશ, તે પણ કહ્યું માટે મારી આજ્ઞાથી તમારે અહીં રહેવું. ૧૪૬. હે ગિરિનારાયણ બ્રાહ્મણો, હું દામોદરનું સ્વરૂપ કરીને તમારી પાસે આવ્યો અને સઘળું મહાત્મ્ય કહ્યું. ૧૪૭. તમો મારી સાથે અહિં આવીને રહ્યા અને મારી સ્તુતિ કરીને રૈવતાચલમાં સ્થિતિ કરી ૧૪૮. મેં તમોને અહિં સ્થાપ્યા છે માટે ચાર ભુજાવાળું મારૂં દામોદર સ્વરૂપ તમારૂં ઇષ્ટ અને પૂજ્ય છે. ૧૪૯. તેમ આ સ્થલે તમે અને તમારૂં ઇષ્ટ કરનાર હું એ બંન્ને એક રૂપ છીએ તેમાં કાંઇ પણ ભેદ નથી, ૧૫૦. માટે તમોએ દામોદરનું સેવન પૂજન કરવું જેથી સમગ્ર ઇષ્ટ વસ્તુને પ્રાપ્ત થશો. ૫૧.

બ્રહ્મા કહે છે—હે નારદ, ગિરિનારાયણ ભગવાન આ પ્રમાણે બ્રાહ્મણોને કહી પોતાનું ગિરિનારાયણ નામ આપી દામોદર સ્વરૂપથી ત્યાં બિરાજ્યા અને ગિરિનારાયણનું રૂપ અંતર્ધ્યાન થયું. ૧૫૨. પછી ગિરિનારાયણ બ્રાહ્મણો રૈવતાચલમાં રહ્યા અને બીજા ઋષિઓ ત્યાં આવ્યા તેમણે તે બ્રાહ્મણોને કન્યાદાન આપ્યાં. ૧૫૩. વિવાહ સમયમાં પુરાતન ચંદ્રકેતુરાજાએ ત્યાં આવીને ઘણી ભૂમિવાલાં ગામો આદિ વર્ષાસન આપ્યાં. ૧૫૪. અને બ્રાહ્મણોની પૂજા કરી પ્રસન્ન કર્યા, એટલે હર્ષિત મનવાલા થઇને તે બ્રાહ્મણો ત્યાં નિવાસ કરીને રહ્યા. ૧૫૫. એમ સર્વ રાજાઓથી પૂજાતા તે ગિરિનારાયણ બ્રાહ્મણો રૈવતાચલમાં આનંદથી રહેતા હતા. તે પછી કેટલોએક સમય વીતી ગયા પાછળ અયોધ્યાના રાજા દશરથ ત્યાં આવશે. ૧૫૬. કાર્તિક માસમાં સ્નાન કરી જીર્ણોદ્ધાર તે સ્થલે કરશે અને બ્રાહ્મણોની કાલ કરીને નષ્ટ થયેલી જીવિકાનું ફરીથી સંપાદાન કરી આપશે. ૧૫૭. દુર્લભ મનુ-

બ્યાવતાર પામીને કાર્તિકમાસમાં વિધિયુક્ત સ્નાન કરી, અનેક દાન ગિરિનારાયણ બ્રાહ્મણોને આપશે. ૧૫૮. અને ગિરિનારાયણરૂપ દામોદર ભગવાનની પૂજા કરશે બ્રાહ્મણોને સંતોષ પમાડશે તેનો અવશ્ય મોક્ષ થશે આ વાર્તા નિઃસંશય જાણવી. ૧૫૯. હે નારદ, આ પ્રમાણે રૈવતાચલનો મહિમા તથા ગિરિનારાયણ બ્રાહ્મણોની ઉત્પત્તિ તેમ યાત્રાનું વિધાન અને મુખ્ય તીર્થો મેં તને વિસ્તારીને કહ્યા. ૧૬૦. વળી તીર્થમાં સ્નાનવિધિ અને બીજું પણ જે કાંઇ કરવાનું તે સર્વે કહ્યું. ૧૬૧. હે નારદ, આ આખ્યાન જે મનુષ્ય ભણે, સાંભળે, સંભળાવે, તેનાં પાપ ભસ્મીભૂત થઇ જાય છે. ૧૬૨. અને ગંગાદિ સર્વ તીર્થમાં સ્નાન કરવા જેવું ફલ મળે છે અને તેના પિતૃને અક્ષયતૃપ્તિ થાય છે, એમાં સંશય નથી. ૧૬૩. આ આખ્યાન અશ્રોત્રિયને કૃતઘ્નીને અને પાપ કરવાવાલાને તેમ ગુરૂદ્રોહ તેમજ પરદ્રોહ કરવાવાલાને ૧૬૪. તથા રાજદ્રોહ કરનારને તેમ બીજાં પણ પાપ કરનારને સંભળાવવું નહિ. ૧૬૫. કાર્તિક માસમાં રૈવતાચલ પર્વત પ્રત્યે આવીને આ આખ્યાન નો પાઠ કરે અથવા સાંભળે તો અપુત્રને પુત્ર થાય અને પુત્રવાનને વાંચ્છિત ફલ મલે. ૧૬૬. અને ધન ધાન્ય યશ કીર્તિ પામે અને સર્વ પાપથી મુક્ત થાય. એ વિભુ શ્રીશંકરે પાર્વતીને કહ્યું છે. ૧૬૭. આ પ્રમાણે સ્કંદપુરાણ આદિત્ય ખંડ દામોદર મહાત્મ્યમાં ગિરિનારાયણ બ્રાહ્મણોની ઉત્પત્તિ નામનો અધ્યાય ૩૪ મો સંપૂર્ણ થયો.

અધ્યાય ૩૫ મો.

બ્રહ્મા નારદને કહે છે—હે નારદ, હવે ગિરિનારાયણ બ્રાહ્મણોની કલિયુગમાં જે વ્યવસ્થા થશે તે સાંભળ કહું છું. ૧. જે ગિરિ રૈવતાચલના મૂલમાં રહ્યા તે ગિરિનારાયણ નામથી કલિયુગમાં ઓળખાશે અને મનુષ્યો તે નામથી તેમને બોલાવશે. ૨. અને ઉજ્જયંત નામનો પર્વત જે પ્રથમ કહ્યો તે કલિયુગમાં બર્હદ્રત નામથી કહેવાશે. કેટલાક ગિરિનારાયણ બ્રાહ્મણો તે પર્વતના મૂલમાં રહેવાથી બાર્હદ્ર તેથી (બરડાઇ) આવા નામથી કલિમાં ઓળખાશે. ૪. ભગવાન શ્રીકૃષ્ણ રુકમણીનું હરણ કરી સમુદ્રને કિનારે આવી રુકમણિનું હસ્તગ્રહણ કરશે. ૫. ત્યાં માધવ નામનું પુર વસાવી ત્યાંથી પોતાની રાજ્યધાની દ્વારિકાંપુરી પ્રત્યે પધારશે. ૬. તે પુરમાં કેટલા એક વસ્તા ગિરિનારાયણ બ્રાહ્મણો તેઓ માધવીયા (માધુપુરા) આ

નામથી ઓળખાશે અને અર્બુદાચલ (આબુરાજ) ના સમીપમાં વસતા ગિરિનારાયણો આર્બુદા (આજકીયા) એવા નામથી ઓળખાશે. ૭. પછી નાના દેશમાં નિવાસથી કેટલાક દેશપરત્વ નામથી ઓળખાશે, ૮. (ક્ષેપક) જેમકે ઢાક ચીભડીયા, મોકર વગેરે આ સંજ્ઞાથી પ્રસિદ્ધ છે. પણ તે હાલના વખતમાં ઝાલાવાડી સમવાયમાં ગણાય છે ઔદિચ્ય નામથી પ્રસિદ્ધ છે, પણ તેનું મૂલ ઉપર પ્રમાણે ગિરિનારાયણમાં મળતું આવે છે પછી પણ વૃદ્ધો જાણે કે કેમ છે? (આટલું ક્ષેપક છે) બ્રહ્મા કહે છે કે હે નારદ, આ પ્રમાણે રૈવતાચલનું માહાત્મ્ય તથા ત્યાંના નિવાસી ગિરિનારાયણ બ્રાહ્મણોની ઉત્પત્તિ સમગ્ર રીતે કહી સંભલાવી. ૯. હે નારદ જે તીર્થમાં બ્રહ્મા આદિ સર્વ દેવતાઓ જેનું વંદન કરે એવા વિષ્ણુ અને શિવ બિરાજે છે. વળી ગંગાદિ સર્વ તીર્થો પણ જયાં વસે છે તે તીર્થને મુકી બીજે તીર્થે જવાથી કાંઇ અધિકતા નથી. ૧૦. આ વસ્ત્ર પથક્ષેત્રનો મહિમા જે જાણે, ભણાવે, સાંભલે, સંભલાવે અને એ માહાત્મ્યનું પુસ્તક લખે તેને ત્રણે ભુવનમાં જે તીર્થો છે છે તે તે સર્વ તીર્થોમાં સ્નાન કરવાનું ફલ મલે છે. વલી ચાર વેદના પાઠ કરવાનું ફલ અને સાંગોપાંગ ભૂમિદાન કરવાનું ફલ મલે છે. ૧૧. અને જે ગૃહમાં આ પુસ્તક હોય છે તે પોતાના સમગ્ર પાપને ધોઇ સ્વર્ગાદિલોકનું ઉલ્લંઘન કરી શિવલોકમાં જાય છે. જયાંથી પુનઃ પૃથ્વીપર આવી જન્મ મરણ પામે નહિ. ૧૨. આ માહાત્મ્ય કાને સાંભળી વાચકને વ્યાસરૂપ માનીને તેને વસ્ત્રાભૂષણથી સંતોષ પમાડે છે તેને શ્રીમહાદેવ પ્રસન્ન થઇને ધનપુત્રયશ કીર્તિ સુખ આપે છે અને કલ્યાણ કરે છે. ૧૩.

આ પ્રમાણે સ્કંદ પુરાણ આદિત્યખંડ દામોદરમહાત્મ્યવર્ણનમાં શ્રવણફલ નામનો અધ્યાય ૩૫ મો સંપૂર્ણ.

શિવદત્ત ભટ્ટ કૃત ગિરિનારાયણ નિબંધાષ્ટકનું ભાષાંતર.

શ્રીરાધાદામોદર ભગવાનને નમસ્કાર હો જો. શ્રીમહાદેવભૂતનાથને નમસ્કાર. કાલ મેઘસમાન ક્ષેત્રપાલને નમસ્કાર કરી ગિરિનારાયણ નિબંધનો પ્રારંભ કરૂં છું.

વિક્રમાદિત્યના સંવત ૧૬૮૨ના વર્ષમાં વૈશાક સુદ ૫ ગુરૂવારને દિવસે ગિરિનારાયણ જ્ઞાતીય ભટ્ટ ગોવિંદના પુત્ર શિવદત્તે અગ્યારસો સંખ્યા-વાલા જ્ઞાતીભાઇયોને પોતાના ધ્રોલ ગામમાં તેડાવી, કોટિહોમાત્મક યજ્ઞ સંપૂર્ણ કર્યો, ત્યારે યજ્ઞને અંતે સ્વજ્ઞાતિનાં અવટંક અને પાટલાનો ક્રમ તેમ ગોત્ર, વેદ, શાખા, પ્રવર વગેરે જાણવા માટે જ્ઞાતિના મુખ્ય બ્રાહ્મણ આઠ જણ મલીને, એક મત કરીને, સમગ્ર નિયમ કર્યા, અને મહેતા, પસ્વાલિયા અવટંકકવાલા પંડિત પદ્માકરે સંસ્કૃત શ્લોકબંધ રચના કરી ત્રાંબાના પત્રમાં લખ્યા. તે પછી શિવદત્ત ભટે તે રચેલા નિયમ પ્રમાણે સ્વજ્ઞાતિજનોની પૂજા કરી દરેક જણને સોનાની બબ્બે ઇબ્રામી (સોનાના સિક્કાનું નામ છે) દક્ષિણા આપીને તે યજ્ઞની સમાપ્તિ કરી. હવે તે નિયમનો ક્રમ લખવામાં આવે છે.

પ્રથમ વિષય.

મંગલાચરણ:—જે રાધાજીના મુખકમલના ભ્રમરરૂપ, ગોપાંગનાઓ-થી સેવિત, જેને નંદરાયનાં સ્ત્રી જશોદાએ પોતાને ઘેર લાડ કરાવ્યાં છે, જેથી મરણ પામેલો કંસ મોક્ષલોકમાં ગયો એવા વ્રજ જનને વલ્લભ શ્રીદામોદર ભગવાનને નમસ્કાર કરૂં છું. વલી પાર્વતીના પતિ ભૂતનાથ મહાદેવ અને મયૂરાસન છે જેનું તે સરસ્વતી દેવીને પણ નમસ્કાર કરૂં છું. હવે મેં–શિવદત્તે કરેલો નાના પ્રકારનો તે નિબંધ જ્ઞાતિજનોને જા-ણવા માટે પ્રકટ કરૂં છું. પ્રથમ તે યજ્ઞ કયા સમયમાં હતો તે જાણવા માટે તે વખતના રાજાઓનાં નામો કહું છું. દિલ્હીમાં જહાંગીરશાહ બાદશાહ હતા. કચ્છમાં રાજા ભારમલજી હતા અને હાલારમાં રાજા રાજ-સિંહજી હતા. ધ્રોલમાં મોડજી હતા. આ સમયમાં ગોવિંદના પુત્ર શિવદત્ત ભટ્ટ ગિરિનારાયણ જ્ઞાતિમાં જન્મેલાએ વિક્રમ સંવત ૧૬૮૨ ના વર્ષમાં વૈશાક સુદ ૫ ને ગુરૂવાર પુષ્ય નક્ષત્ર, ધૃતિયોગ, બવ કરણ, અગ્નિ ચક્ર પૃથ્વીમાં, આહુતિ બુધના મુખમાં એવી રીતે આ સમયમાં કોટિહોમા-

ત્મક યજ્ઞ સમાપ્ત કર્યો અને એ મહોદયમાં વૈષ્ણવના આચાર્ય ગોસ્વામી શ્રીદિક્ષીતજી મહારાજને પધરાવ્યા હતા. યજ્ઞના અવસાનમાં સ્વજ્ઞાતિના અવટંકો તથા પાટલાનો ક્રમ તેમ ગોત્રાદિ સઘળી રીતિનો નિર્ણય કરવા શિવદત્ત ભટે મન કર્યું. તે સમયે જ્ઞાતિના મુખ્ય આઠ જણુજ એકત્ર મલી યજ્ઞશાલાના સમીપમાં નિર્ણય કરી નિબંધની રચના કરી. તે નિબંધ અને તેઓ મુખ્ય જણનાં નામપૂર્વક સઘળું કહું છું. ૧. જાની ગોવિંદજી ૨. પસ્વાલીયા મહેતા પદ્માકર. ૩. સિંધાજીઆ ભટ રાઘવજી. ૪. લીંબોડીયા પુરોહિત હીરજી. ૫. દાત્રાણીયા વ્યાસ હરિરામ. ૬. બામડાસીયા ઠાકર મુકુંદજી. ૭. મારડીયા ઠાકર ગોપાળજી ૮. ચાટ ઠાકર દેવજી એ જણ આઠ મલીને સ્વજ્ઞાતિના અવટંકો તથા પાટલાનો ક્રમ બાંધ્યો, તે સમયમાં એ એ સુવર્ણની મુદ્રા દક્ષિણા જ્ઞાતિના દરેક જનોઇવાલા બ્રાહ્મણને આવી પૂજનના ક્રમમાં યજ્ઞ કરનારના પૂજ્ય અને અવસ્થાએ વૃદ્ધ સિંધાજીયા ભટ રાઘવજીને પ્રથમ તિલક કીધું અને પાછળ પાટલાના ક્રમ પ્રમાણેજ જ્ઞાતિજનોની પૂજા કરી દક્ષિણા આપી તે ક્રમ કહું છું. **ઇતિ પ્રથમ વિષય.**

દ્વિતીય વિષય.

વિષય બીજો—હવે યથાક્રમે પાટલાનો જે નિર્ણય કરવામાં આવ્યો છે તે કહું છું. પ્રથમ પાટલે જાની જેતપુરાની પૂજા કીધી, તેઓનું ગોત્ર ભારદ્વાજ. ૧. બીજે પાટલે મહેતા પસ્વાલીયા, તેઓનું ગોત્ર કસ્યપ. ૨. ત્રીજે પાટલે ભટ્ટ સિંધાજીયા તેઓનું ગોત્ર ભારદ્વાજ. ૩. ચોથે પાટલે પુરોહિત લીંબોડીયા, તેઓનું ગોત્ર કૌશસ. ૪. પાંચમે પાટલે દાત્રાયણ વ્યાસ તેઓનું ગોત્ર કૌરવસ. ૫. છઠે પાટલે બાંબડાશીયા ઠાકર તેઓનું ગોત્ર મૌનવસ. ૬. સાતમે પાટલે મારડીયા ઠાકર તેઓનું ગોત્ર સૌદામસ. ૭. આઠમે પાટલે ચાટ ઠાકર તેઓનું ગોત્ર કૌશસ. ૮. નવમે પાટલે પાઠક તેઓનું ગોત્ર કૃષ્ણાત્રિ. ૯. દશમે પાટલે ઠાકર ચોપડા તેઓનું ગોત્ર શાંડિલસ ૧૦. અગ્યારમે પાટલે કંકાશીયા ઠાકર તેઓનું ગોત્ર વચ્છસ. ૧૧. બારમે પાટલે પંડ્યા ગીદડીઆ તેઓનું ગોત્ર વચ્છશ. ૧૨. તેરમે પાટલે જોશી પાણીછંડા તેમનું ગોત્ર ભારદ્વાજ. ૧૩. ચૌદમે પાટલે જોશી ડાકણમાર તેમનું ગોત્ર ભાગીનસ. ૧૪. પંદરમે પાટલે ઉપાધ્યાય બાલાગામી તેમનું ગોત્ર શાંડિલસ. ૧૫. સોળમે પાટલે ત્રવાડી તેમનું ગોત્ર કૌશસ. ૧૬. સત્તરમે પાટલે ઠાકર વાઘેરા તેમનું ગોત્ર કૌશસ. ૧૭. અઢારમે પાટલે પંડ્યા મકનુપરા તેઓનું ગોત્ર કૌરવસ. ૧૮. ઓગણીશમે પાટલે જોષી ખેરીયા ઓઝા તેઓનું ગૌત્ર કૌરવસ.

૧૯. વિશમે પાટલે પુરોહિત સ્વજ્ઞાતિ માધુપુરા તેમનું ગોત્ર કૃષ્ણાત્રિ. ૨૦. એકવીસમે પાટલે ભટ્ટ કંસારીયા તેમનું ગોત્ર કસ્યપ. ૨૧. બાવીશમે પાટલે જોશી સ્વસ્થાનીયા તેમનું ગોત્ર કસ્યપ. ૨૨. ત્રેવીશમે પાટલે જોશી સાંકલીયા તેમનું ગોત્ર વસિષ્ટ. આ પ્રમાણે ત્રેવીશ અવટંકો દામોદરવિભાગી છે અને તે પછી સાત નામો તે માધવરાય વિભાગી છે. તેનો ક્રમ આ ત્રેવીશ નામો પછી નિર્ણય છે તે કહું છું. ઇતિ **બીજો વિષય સંપૂર્ણ.**

તૃતીય વિષય.

तत्पुरे वासिनो ये च माधवीयाश्च कथ्यते ।
अर्बुदाचलसान्निध्याद् आर्बुदाःपरिकीर्त्यते ॥ ७ ॥

ततोन्ये केचिदेतेषां नानादेशनिवासिनः ।
ते तदीयेति विख्यातिं गमिष्यंति न संशयः ॥ ८ ॥
इति ते समनुख्यातं माहात्म्यं रैवतस्यच ।
गिरिनारायणोत्पात्तिर्विप्राणां तत्र वासिनाम् ॥ ९ ॥

यस्मिन्देवो भवाख्यास्त्रिभुवनपतिदेववंद्याघ्रिपद्म
सर्गस्थित्यंतकर्तात्रिनयनविभुः पालको विष्णुरातः ॥
ब्रह्माप्येते निरस्ताखिलभवनमथो यावादिंद्रादि दैवै
गंगाद्यैस्तीर्थमुख्यैर्वसाति च समतां किंतु तीर्थं व्रजेन्यत् १०

पठति य इदमेत्रांक्षेत्रवस्त्रापथस्य ॥
लिखतिमपीह लोके यः श्रुणोतीशमूर्त्या ।
त्रिभुवनफलमेति तीर्थसर्वं गतोऽसौ ॥
विविध निगमपाठं तेन दत्तेय मूर्वी ॥ ११ ॥

कुलमयुतमेऽसौ भूतभव्यं च नाकं ।
भवनविषयमेतत्पुस्तकं तिष्ठतीदम् ॥

विहितमशुभकृत्यं क्षाल्य जन्मायुतस्य ।
वसति गिरिशलोके नैवचागच्छतीह ॥ १२ ॥
श्रवणविषयमेतत्सर्वथा वै विधाय
तदनु च शुभदानं वाचकाय प्रदेयम् ।
शुकजनकसमानः सत्सु श्रेष्ठं मत्वा
धनसुतयशआयुः शंकरः शं तनोति ॥ १३ ॥
इति ते कथितं सर्वं प्रभासं रवियोजनम् ।
प्रोक्तं द्वादशसाहस्रं स्मरणात्सर्वसिद्धिदम् ॥ १४ ॥

इति श्रीस्कंदपुराणे आदित्यखण्डे प्रभासमाहात्म्यान्तर्गतदामोदरमाहात्म्ये श्रवणफलकथनं नाम पंचत्रिंशोऽध्यायः ॥ ३५ ॥

॥ श्रीगणेशाय नमः ॥

श्रीराधादामोदराभ्यां नमः ॥ श्रीभूतनाथाय महादेवाय नमः
श्रीकालमेघनिभाय क्षेत्रपालाय नमः ॥

॥ अथ गिरिनारायणनिबन्धो लिख्यते ॥

विक्रमार्काद्राज्ञो नेत्रवसुरवभूमिमिते वर्षे माधवमासे शुक्लपक्षे गुरुवारान्वितायां पंचम्यां तिथौ विप्रगिरिनारायणेन भट्ट गोविंदतनुजेन शिवदत्ताख्येन रुद्रशतसंख्यामिताः स्वज्ञातीराहूय स्वकीयधवलग्रामे कोटिहोमात्मको यज्ञः पूर्णः कृतः ॥ ततो यज्ञावसाने स्वज्ञातेरवटंकानां पदारानक्रमस्य च तथा गोत्रवेदशाखाप्रवरादीनां ज्ञानार्थं ज्ञातिमुख्यैरष्टभिर्ब्राह्मणैरामंत्र्य समग्रो

नियमोऽक्रियत, तत् पश्चालियामेहेतावटंकिना पद्माकराख्येण संस्कृतश्लोकादिरूपेण विरच्य ताम्रपत्रे लिखितः ॥ ततः शिवदत्तः स्वज्ञातीन्पूजयित्वा तेभ्यः सुवर्णनिर्मिते द्वे द्वे मुद्रे दक्षिणां दत्तवान्, तन्नियमोऽत्र लिख्यते---

तत्रादौ मंगलाचरणम् ॥

॥ श्लोकः ॥

यो राधामुखपद्मलुब्धमधुको गोपांगनासेवितो
यः संलालित आत्मना निजगृहे नंदस्य पत्न्या मुदा ॥
कंसो येन हतो निरामयपदं प्राप्तः परं प्रेयसं
श्रीदामोदरवल्लभो व्रजभुवां देवाय तस्मै नमः ॥ १ ॥

नमस्कृत्वा महेशानं भूतनाथमुमापतिम् ।
राधां दामोदरं चैव शारदां शिखिवाहनीम् ॥ २ ॥

अहं नानाविधं चेदं स्वज्ञातीनां यथाक्रमम् ।
कथयामि सुनियमं शिवदत्तेन निर्णितम् ॥ ३ ॥ इति

अथ यज्ञकालज्ञानाय राज्ञां नामानि ॥

तस्मिन्काले वर्तमाना राजानः पातसादयः ।
यज्ञकालप्रबुद्ध्यर्थं तेषां नामानि कथ्यते ॥ ४ ॥

यदा चक्रवर्ती प्रजापालनेभूत्स्वशक्त्या च जांगीरशाहाख्यराजा ।
तदा कच्छदेशाधिपो भारमल्लः स्वदेशाधिपो राजसिंहः सुनामा॥५॥
स्वकीये पुरे ध्रोलसंज्ञे सुकर्मा मह्लोडाख्यराज्यादिकार्यार्थवेत्ता ।
यदा भूमिपैर्मंडलं भूमिकायाः समुक्तैरभूत्पालितं पुण्यधर्मैः ॥६॥
तदा च गोविन्दजिदाख्यभद्रस्तस्यात्मजोभूच्छिवदत्तसंज्ञः ।
जात्या च विप्रः शुभकर्मकृद्गिरिनारायणाख्यो मतिमान्महाकविः ॥७॥

सो वै राज्ञो विक्रमार्काद्गतेषु नेत्रे वसुरसभूमिषु नित्यम् ।
वर्षे पुराधासितपंचमीदिने वारे गुरौ रौद्रशुभे च ऋक्षे ॥ ८ ॥
योगे धृतौ बवकर्णेन युक्ते चक्रे पृथिव्यां निहिते विभावसोः ।
मुखे स्थिताहुतयश्चंद्रजस्य चकार कोटिहवनं द्विजाग्र्यसः ॥ ९ ॥

तस्मिन्महोदये यज्ञे गोस्वामी दीक्षितः स्वयम् ।
धर्माचार्यो वैष्णवानामाहूतस्तेन धीमता ॥ १० ॥
होमावसानसमये निबंधप्रकरणायसः ।
स्वज्ञातेरवटंज्ञानां गोत्राणां च मनो दधे ॥ ११ ॥
ज्ञातिमुख्यैस्तदा तत्र ह्यष्टभिर्ब्राह्मणैः सह ।
संमंत्र्य निश्चयं चक्रे गोत्रादीनां नियामकम् ॥ १२ ॥
तथपट्टासनस्यापि क्रमं चक्रे यथोत्तरम् ।
समीपे यज्ञशालायाः स्वज्ञातिश्च तथा पुनः ॥ १३ ॥
तत्क्रमं कथयाम्यत्र तथाष्टानां यथाक्रमम् ।
नामानुपूर्वकं शश्वत् पूर्वोक्तानां सुकर्मणाम् ॥ १४ ॥
जानी गोविन्दजिन्नामा मेतापस्वालजस्तथा ।
पद्माकरस्ततश्चान्यः सिंधाज्या भट्टराघवः ॥ १५ ॥
मोतानिम्बाह्वयस्यैको नाम्नासौ हीरजिन्मतः ।
दात्रायणस्तथा व्यासो हरिरामेति विश्रुतः ॥ १६ ॥
बाबडासोद्भवस्तत्र मुकुन्दो नाम ठाकरः ।
मारडीयस्तथा विप्रष्ठाकरश्चावटंकधृक् ॥ १७ ॥
गोपालाख्यस्ततश्चान्यो दैवजिच्चाटठाकुरः ।
पुरुषैरष्टभिरेतैः कृतोयं नियमावधिः ॥ १८ ॥
वज्ञातेरवटंकानां पदासनस्वरूपकः ।
तदा दानं सु र्णस्य द्वे द्वे मुद्रे समर्पितम् ॥ १९ ॥

स्वज्ञातिजनविप्राय प्रत्येकं नाम गोत्रतः ।
प्रथमं तिलकं कृत्वा राघवाय द्विजन्मने ॥ २० ॥
यज्ञकर्तुस्तथान्येभ्यो वृद्धत्वाद् बुद्धिसत्तमैः ।
ततः पदानुक्रमेण ज्ञातीनां पूजनं कृतम् ॥ २१ ॥
इति शिवदत्तभट्टकृते गिरिनारायणनिबन्धे प्रथमो विषयः ॥

॥ अथ पदानुक्रमरूपो द्वितीयो विषयः ॥

अथ पदासनक्रमं पूजनस्य क्रमं तथा ।
एकतोत्तरतो वक्ष्ये तैर्यथावत्सुनिश्चितम् ॥ १ ॥
प्रथमे पदके तत्र जानीजेतपुरे भवाः ।
पूजिता गोत्रमेतेषां भरद्वाजं प्रकीर्तितम् ॥ २ ॥
मेता पस्वालिया नेत्रे पदके स्थापिता बुधैः ।
गोत्रमेषां काश्यपं च प्रोक्तं तत्र विचक्षणैः ॥ ३ ॥
तृतीये पदके भद्राः सिंधाज्या स्थापितास्तदा ।
प्रोक्तं तु सुधीभिस्तेषां भरद्वाजं तु गोत्रकम् ॥ ४ ॥
प्रोक्ता निम्बाह्वया तुर्ये पदके परिकीर्तिताः ।
गोत्रमेषां कौशसं तु प्रसिद्धं कथितं जनैः ॥ ५ ॥
ततो दात्रायणा व्यासाः पंचके पदके स्थिताः ।
गोत्रं कौरवसं तेषां विख्यातं यज्ञकर्मणि ॥ ६ ॥
बावडासोद्भवास्तत्र ठाकराः पूजितास्ततः ।
षष्ठं पदासनं तेषां गौत्रं मौनवसं स्मृतम् ॥ ७ ॥
ठाकरा मारडीयाश्च कथिता सप्तमे पदे ।
गौत्रं सौदामसं तेषां प्रोक्तं तत्र द्विजातिभिः ॥ ८ ॥
तथा च चाटनामानष्ठाकरा प्रतिपूजिताः ।
वसौ पदे तथा तेषां गोत्रं तु कौशसं स्मृतम् ॥ ९ ॥

पाठका नवमे पदे कृष्णात्रिगोत्रजास्ततः ।
पूजिता विप्रसदासि पूजकेन विधानतः ॥ १० ॥
दशमे पदके तत्र गोत्रे शांडिलसि भवाः ।
चोपडाठाकराः सुज्ञैः पूजिता पूजनक्रमात् ॥ ११ ॥
ततोनु ठाकरा ज्ञेया ये ग्रामे कंकसे भवाः ।
गोत्रं वच्छसकं प्रोक्तं पदे त्वेकादशे स्मृताः ॥ १२ ॥
पंड्या गोदाडियाः सूर्ये स्थापिताः पदके शुभौ ।
गोत्रं तु वच्छसं तेषां नियमज्ञैः सुनिर्णितम् ॥ १३ ॥
पाणिच्छिदा ततो जोषी पदके वै त्रयोदशे ।
योजिताः सुधीभिस्तेषां भरद्वाजं तु गोत्रकम् ॥ १४ ॥
जोषी शाकिनीभाराख्याः पदके वै चतुर्दशे ।
गोत्रं भागिनसं तेषां निश्चितं गोत्रकोविदैः ॥ १५ ॥
वालाग्रामभयोपाध्या तिथौ पदे सुकीर्त्तिताः ।
गोत्रं शांडिलसं तेषां तत्र प्रोक्तं सुनिश्चितम् ॥ १६ ॥
त्रवाडी पूजितास्तत्र पदके ते च षोडशे ।
गोत्रमेषां तु विज्ञेयं कौशसं निर्मलं जनैः ॥ १७ ॥
ततो ठाकरा प्रोक्ता वा ये राजनसंमताः ।
गोत्रं तु कौशसं तेषां पदः सप्तदश स्मृतः ॥ १८ ॥
ततो भक्तुपुरा पंड्या पुराणे पदके स्थिताः ।
गोत्रं कौरवसं तेषां निश्चित्य प्रतिपूजिताः ॥ १९ ॥
जोषी खेरियजाओझा गोत्रे कौरवसंभवाः ।
एकोनविंशके पदे तेषां नियतिः कीर्तिता ॥ २० ॥
प्रोतास्त्वज्ञातिजास्तत्र वासिता माधवे पुरे ।
कृष्णात्रिगोत्रजास्ते वै पदे विंशतिमे स्थिताः ॥ २१ ॥

भट्टार्कसारिया गोत्रे काश्यपे परिकीर्तिताः ।
तेषां पदासनं प्रोक्तमेकविंशतिमं सदा ॥ २२ ॥

द्वाविंशे पदके प्रोक्ता जोषी स्वस्थानीया जनैः ।
निर्मितं गोत्रमेतेषां काश्यपं यज्ञकर्माणि ॥ २३ ॥

त्रयोविंशे तु ये जोषी सांकल्या उच्यते सदा ।
गोत्रं वसिष्ठमेतेषां निर्णीतं तत्र ब्राह्मणैः ॥ २४ ॥

एते पदासने पूज्या कथितास्ते मयात्र हि ।
अतः परं तु विज्ञेयं क्रमं सप्तावटंकिनाम् ॥ २५ ॥

इति शिवदत्तभट्टकृतगिरिनारायणानिबंधे द्वितीयो विषयः ॥२॥

॥ अथ तृतीयो विषयः ॥

अथातः संप्रवक्ष्यामि क्रमं सप्तावटंकिनाम् ।
गोत्राणां चावटंकानां यथा वदनुपूर्वकम् ॥ १ ॥

प्रोता माधुपुरा गोत्रे कृष्णात्रौ कथिता बुधैः ।
मधुग्रामभवोपाध्या गोत्रे प्रोक्ता वसिष्ठके ॥ २ ॥

ततोनु ठाकराश्चैव संमता नगरोत्तरा ।
कृष्णात्रिगोत्रमेतेषां प्रसिद्धं कथितं जनैः ॥ ३ ॥

पंड्या मावादिया तेपि कृष्णात्रिगोत्रसंभवाः ।
ततः पादोजिया पण्ड्या कृष्नात्रिगोत्रमाश्रिताः ॥ ४ ॥

ततोनु ठाकरा प्रोक्ता ये च टीलाकरे भवाः ।
गोत्रं शांडिलसं तेषां ज्ञातव्यं गोत्रकोविदैः ॥ ५ ॥

भट्टा कोटडियास्तद्वत् गोत्रे वच्छसके मताः ।
ततो वानावडा जानीं भरद्वाजे प्रकीर्तिताः ॥ ६ ॥

भाडेरा ठाकरा गोत्रे मता सौदामसे ध्रुवम् ।
खेरियाठाकरास्तेपि गोत्रे सौदामसि भवाः ॥ ७ ॥

ततोनु ठाकराः प्रोक्ताः सेरिया गार्ग्यगोत्रजाः ।
जोसीदिविच्यजागोत्रे भरद्वाजे प्रकीर्तिताः ॥ ८ ॥
ततः पलेजीया जोषी कृष्णात्रिगोत्रजास्ततः ।
जोषी पीखोडियास्तेपि कृष्णात्रिगोत्रजाः स्मृताः ॥ ९ ॥
तथा जोषी सोमपुरा भरद्वाजे प्रकीर्तिताः ।
इत्येवं नियमं ज्ञेयं शुभं सप्तावटंकिनाम् ॥ १० ॥

इति भट्टशिवदत्तकृते गिरिनारायणनिबन्धे तृतीयो विषयः ॥ ३ ॥

॥ अथ चतुर्थो विषयः ॥

अथ गोत्राणि वेदाश्च शाखा च प्रवरास्तथा ।
वक्ष्ये सूत्राणि सर्वेषां स्वज्ञातीनां यथाक्रमम् ॥ १ ॥
जानीजेतपुराणां च भरद्वाजं प्रकीर्त्तितम् ।
गोत्रं वेदो यजुश्चैव प्रवरास्त्रयसंमताः ॥ २ ॥
भारद्वाजांगिरो बार्हस्पत्येति प्रवरास्त्रयः ।
शाखा माध्यंदिनी चैव सूत्रं कात्यायनं स्मृतम् ॥ ३ ॥
मेतापस्वालिया गोत्रे काश्यपे परिकीर्तिताः ।
कुत्सामुत्सानैध्रुवेति कथ्यन्ते प्रवरास्त्रयः ॥ ४ ॥
यजुर्वेदस्तथैवैषां शाखा माध्यंदिनी स्मृता ।
सूत्रं कात्यायनं शुद्धं मुनिभिः कथितं क्रमात् ॥ ५ ॥
भट्टसिंधाजीयाश्चैषां भरद्वाजं तु गोत्रकम् ।
भरद्वाजांगिरोबार्हस्पत्येति प्रवरास्त्रयः ॥ ६ ॥
ऋग्वेदाध्यायिनश्चैते शाखा चैवाश्वलायिनी ।
सूत्रं च कथितं तेषामाश्वलायनकं शुभम् ॥ ७ ॥
मोता निम्बाह्वयानां च गोत्रं कौसशसंज्ञितम् ।
विश्वामित्रो देवराज्य औदिल्यो जाजलिस्तथा ॥ ८ ॥

मांडव्यः प्रवराश्चैषां पंच शाखासु कौथिमि ।
सामवेदस्तथा प्रोक्तः सूत्रं लाक्यायनं स्मृतम् ॥ ९ ॥
व्यासा दात्रायणाश्चैव गोत्रे कौरवसे भवाः ।
कुत्समुत्सनैध्रुवेति कथ्यंते प्रवरास्त्रयः ॥ १० ॥
यजुर्वेदस्तथा प्रोक्तः शाखा माध्यंदिनी मता ।
सूत्रं कात्यायनं ज्ञेयं चैतेषां मुनिभिः क्रमात् ॥ ११ ॥
ठाकरा बावडासेया गोत्र मानवेस भवाः ।
आत्रेयो यौवनाश्वश्च तथान्याश्चितपावनः ॥ १२ ॥
प्रवरास्त्रयो विज्ञेय यजुर्वेदस्तथा मतः ॥
शाखा माध्यंदिनी चैषां सूत्रं कात्यायनं स्मृतम् ॥ १३ ॥
ठाकरा मारडीयानां गोत्रं सौदामसं स्मृतम् ॥
वसिष्ठशकरी चैव तथान्ये वै पराशरः ॥ १४ ॥
प्रवरास्त्रय एते स्युः यजुर्वेदः प्रकीर्तितः ॥
शाखा माध्यंदिनी प्रोक्ता सूत्रं कात्यायनं भवेत् ॥ १५ ॥
अथातष्ठाकराश्चाटा ह्येषां गोत्रं तु कौशसम् ॥
कौशिकौ जाजालिश्चैव मांडव्यश्च तथावरः ॥ १६ ॥
प्रवरास्त्रय ऋग्वेदो विज्ञेयः सर्वदा बुधैः ॥
विज्ञेया च तथैवैषामाश्वलायनकं शुभम् ॥ १७ ॥
पाठका चोरवाला च कृष्णात्रौ गोत्रसंभवाः ॥
तेषां चित्पावनःशुद्ध आत्रेयो मांडुकायनः ॥ १८ ॥
प्रवरास्त्रय एते स्यु यजुर्वेदस्तथा मतः ॥
शाखा माध्यंदिनी चैव सूत्रं कात्यायनं मतम् ॥ १९ ॥
ठाकरा चोपडास्तेषां गोत्रं शांडिलसं स्मृतम् ॥
शांडिल्यशकरी चाथ सनद्वाजस्तथैव च ॥ २० ॥

विज्ञेया प्रवराश्चैते यजुर्वेदः प्रकीर्तितः ॥
शाखा माध्यंदिनी चैव सूत्रं कात्यायनं तथा ॥ २१ ॥
ठाकरा कंकसानां तु गोत्रं वच्छससंज्ञकम् ॥
विश्वामित्रो देवराज्य औदिल्यो जाजालिस्तथा ॥ २२ ॥
मांडव्यप्रवराश्चैषां पंच शाखा तु कौथिमी ॥
सामवेदस्तथा प्रोक्तः सूत्रं कात्यायनं स्मृतम् ॥ २३ ॥
पंड्या गीदाडिया गोत्रे प्रोक्ता चैव वासिष्ठके ॥
वसिष्ठप्रवरश्चैको यजुर्वेदस्तथा मतः ॥
शाखा माध्यंदिनी चैव सूत्रं कात्यायनं भवेत् ॥ २४ ॥
जोषीपाणिच्छिदा गोत्रे भरद्वाजे प्रकीर्तित्ताः ॥
भरद्वाजांगिरोबार्हस्पत्येति प्रवरास्त्रयः ॥ २५ ॥
वेदो यजुस्तथा तेषां शाखा माध्यंदिनी स्मृता ॥
सूत्रं कात्यायनं शुद्धं ज्ञातव्यं ब्राह्मणैः सदा ॥ २६ ॥
जोशी शाकिनीमाराख्या गोत्रे भागिनसि भवाः ॥
कौशिको वामदेवश्च तथाबेजवपायनः ॥ २७ ॥
प्रवरास्त्रय एते स्युः यजुर्वेदः प्रकीर्त्तितः ॥
शाखा माध्यंदिनी चैव सूत्रं कात्यायनं स्मृतम् ॥ २८ ॥
बालग्रामवोपाध्या गोत्रे शांडिल्यभवाः ॥
शांडिल्यशक्करी चाथ सनद्वाजस्तथैव च ॥ २९ ॥
प्रवरास्त्रय एतेस्यु र्यजुर्वेदः प्रकीर्तितः ॥
शाखा माध्यंदिनी चैव सूत्रं कात्यायनं तथा ॥ ३० ॥
त्रवाडी तु ततः प्रोक्ता गोत्रमेषां तु कौशसः ॥
कौशिको जाजालिश्चान्यो मांडव्यः परिकीर्तितः ॥ ३१ ॥
प्रवरास्त्रय विज्ञेयास्तथा वेदो यजुर्बुधैः ॥
शाखा माध्यंदिनी चैषां सूत्रं कात्यायनं मतम् ॥ ३२ ॥

वाथेरा ठाकराश्चान्य एतेषांगोत्रकोशसम् ॥
कुत्समुत्सनैध्रुवेति प्रवरास्त्रय संमताः ॥ ३३ ॥
यजुर्वेदस्तथा ज्ञेयः शाखा माध्यंदिनी मता ॥
सूत्रं कात्यायनं चैषां ज्ञातव्यं मनुजैः सदा ॥ ३४ ॥
पंड्यामंकुपुराश्चैव गोत्रे कौरवसे भवाः ॥
कौत्सामौत्सानैध्रुवेति प्रवरास्त्रयसंमताः ॥ ३५ ॥
यजुर्वेदस्तथैवैषां शाखा माध्यंदिनी स्मृता ॥
तथा च मुनिभिः प्रोक्तं सूत्रं कात्यायनं शुभम् ॥ ३६ ॥
जोषी खेरियजाओझा गोत्रे कौरवसे भवाः ॥
कौत्सामौत्सा नैध्रुवेति विज्ञेया प्रवरास्त्रयः ॥ ३७ ॥
यजुर्वेदस्तथैवैषां शाखा माध्यंदिनी स्मृता ॥
सूत्रं च मुनिभिः प्रोक्तं तेषां कात्यायनं शुभम् ॥ ३८ ॥
ततः प्रोतानुविज्ञेया ये भवा माधवे पुरे ।
तेषां गोत्रं सदा ज्ञेयं कृष्णात्रि निर्मलं शुभम् ॥ ३९ ॥
तेषां चित्पावनशुधः आत्रेयो मांडुकादयः ।
प्रवरास्त्रयोविज्ञेया यजुर्वेदस्तथा मतः ॥ ४० ॥
शाखा माध्यंदिनी प्रोक्ता ह्येतेषां तु मुनिक्रमात् ।
सूत्रं कात्यायनं शुद्धं ज्ञेयं सर्वविचक्षणैः ॥ ४१
भट्टाकंसारियानां तु काश्यपं गोत्रमुत्तमम् ।
कुत्समुत्सनैध्रुवेति विज्ञेया प्रवरास्त्रयः ॥ ४२ ॥
तथाचैषां यजुर्वेदः शाखा माध्यंदिनी मता ।
तथा च सूत्रमेतेषां मतं कात्यायनं शुभम् ॥ ४३ ॥
जोशी स्वस्थानियास्तेषां गोत्रं काश्यप मुच्यते ।
कुत्समुत्सनैध्रुवेति प्रवरास्त्रयसंमताः ॥ ४४ ॥
यजुर्वेदस्तथाप्रोक्तः शाखा माध्यंदिनी मता ।
सूत्रं कात्यायनं प्रोक्तं मुनिभिस्तत्वदर्शीभिः ॥ ४५ ॥

तथा सांकलिया जोसी गोत्रे प्रोक्ता वसिष्ठके ।
वसिष्ठप्रवरस्त्वेको यजुर्वेदस्तथा मतः ॥ ४६ ॥
शाखा माध्यंदिनी चैव सूत्रं कात्यायनं भवेत् ।
इत्येतत्कथितं सर्वं दामोदरविभागिनाम् ॥ ४७ ॥
गोत्रप्रवरशाखानां वेदानां नियमस्तथा ।

इतिभट्टशिवदत्तकृतगिरिनारायणनिबन्धे चतुर्थो विषयः ॥४॥

॥ अथ पंचमो विषयः ॥

अथ वक्ष्ये सुनियमं श्रीमाधवविभागिनाम् ।
गोत्रादीनि च सर्वेषां शुभं सप्तावटंकिनाम् ॥ १ ॥
प्रोता मधुपुरा गोत्रे कृष्णात्रौ कथिता बुधैः ।
तेषां चित्पावनः शुद्ध आत्रेयो मांडूकायनः ॥ २ ॥
प्रवरास्त्रय एते स्युः यजुर्वेदः प्रकीर्त्तितः ।
शाखा माध्यंदिनी प्रोक्ता सूत्रं कात्यायनं मतम् ॥ ३ ॥
ठाकरा नगरोत्ताश्च तेपि कृष्णात्रिगोत्रजाः ।
तेषां चित्पावनशुद्ध आत्रेयो मांडुकायनः ॥ ४ ॥
प्रवरास्त्रय विज्ञेया ज्ञेयो वेदो यजुस्तथा ।
शाखा माध्यंदिनी चैव सूत्रं कात्यायनं भवेत् ॥ ५ ॥
पंड्या मावदिया चैव कृष्णात्रिगोत्रसंभवाः ।
प्रोक्ताश्चित्पावनशुद्ध आत्रेयो मांडुकायनः ॥ ६ ॥
प्रवरास्त्रयो वेदस्तु यजुस्तेषां प्रकीर्तितः ।
शाखा माध्यंदिनी प्रोक्ता सूत्रं कात्यायनं स्मृतम् ॥ ७ ॥
पंड्या पादोजिया चैव कृष्णात्रौ गोत्रसंभवाः ।
एषां चित्पावनशुद्ध आत्रेयो मांडुकायनः ॥ ८ ॥
प्रवरास्त्रय एते स्यु यजुर्वेदः प्रकीर्तितः ।
शाखा माध्यंदिनी चैव सूत्रं कात्यायनं मतम् ॥ ९ ॥
ठाकरा पढियारा च तेपि कृष्णात्रि गोत्रजाः ।
चित्पावनस्तथा ज्ञेयो ह्यपरो मांडुकायनः ॥ १० ॥

प्रवरास्त्रय एते स्यु र्यजुर्वेदस्तथैव च ।
शाखा माध्यंदिनी चैव सूत्रं कात्यायनं स्मृतम् ॥ ११ ॥
टीलाकराठाकरास्तु गोत्रे शांडिलसे भवाः ।
शांडिल्यं शक्करी चाथ सनद्वाजस्तथैव च ॥ १२ ॥
त्रयैते प्रवराज्ञेयास्तेषां वेदो यजुस्तथा ।
शाखा माध्यंदिनी चैव सूत्रं कात्यायनं भवेत् ॥ १३ ॥
भट्टकोटडीयाः प्रोक्ता गोत्रे वच्छसके सदा ।
विश्वामित्रो देवराज औदिल्यो जाजालिस्तथा ॥ १४ ॥
मांडन्यः प्रवराश्चैषां पञ्च शाखा तु कौथिमी ।
सामवेदस्तथा प्रोक्तः सूत्रं लाक्यायनं भवेत् ॥ १५ ॥
जानीवानावडानां च भरद्वाजं तु गोत्रकम् ।
भरद्वाजांगिरोबार्हस्पत्येति प्रवरास्त्रयः ॥ १६ ॥
यजुर्वेदस्तथैवेषां शाखा माध्यंदिनी स्मृता ।
सूत्रं कात्यायनं प्रोक्तं मुनिभिः सूत्रकोविदैः ॥ १७ ॥
ततश्च ठाकुराः प्रोक्ता भाडेराजनसंमताः ।
गोत्रं सौदामसं प्रोक्तमेतेषां मुनिभिः क्रमात् ॥ १८ ॥
वशिष्ठशक्करी चैव तथा पाराशरः स्मृतः ।
प्रवरास्त्रयो विज्ञेया यजुर्वेदस्तथैव च ॥ १९ ॥
शाखा माध्यंदिनी प्रोक्ता सूत्रं कात्यायनं भवेत् ॥ २० ॥
ठाकराखेरियानां च गोत्रं सौदामसं मतम् ।
वसिष्ठशक्करी चैव तथा पाराशरः स्मृतः ॥ २१ ॥
एते स्युः प्रवराश्चैषां त्रयो वेदो यजुस्तथा ।
शाखा माध्यंदिनी चैव सूत्रं कात्यायनं मतम् ॥ २२ ॥
ठाकरासेरियभवा गार्ग्य गोत्रे सुनिश्चिताः ।
गार्हपत्यो गौतमश्च गोभिलाख्यस्तथैव च ॥ २३ ॥

प्रवरास्त्रय विज्ञेयास्तेषं वेदो यजुस्तथा ।
शाखा माध्यंदिनीश्चैव सूत्रं कात्यायनं भवेत् ॥ २४ ॥
जोसी खावलिया चैव गोत्रे सौदामसे भवा ।
वसिष्ठ शक्करी चैव तथा पारासर स्मृतः ॥ २५ ॥
प्रवरास्त्रय विज्ञेया स्तेषां वेदो यजुस्तथा ।
शाखा माध्यंदिनी चैव सूत्रं कात्यायनं मतम् ॥ २६ ॥
ततो दिविच्यजा जोशी भारद्वाजे प्रकीर्तिताः ।
भारद्वाजांगिरोबार्हस्पत्येति प्रवरास्त्रयः ॥ २७ ॥
यजुर्वेदस्तथा ज्ञेयस्तेषां सर्वद्विजातिभिः ।
शाखा माध्यंदिनी प्रोक्ता सूत्रं कात्यायनं मतम् ॥ २८ ॥
ततः पादोजिया जोसी कृष्णात्रिगोत्रजा मताः ।
तेषां चित्पावनशुद्ध आत्रेयो मांडुकायनः ॥ २९ ॥
प्रवरास्त्रय विज्ञेया यजुर्वेदस्तथैव च ।
शाखा माध्यंदिनी प्रोक्ता सूत्रं कात्यायनं शुभम् ॥ ३० ॥
जोसी पीखोरिया तेपि कृष्णात्रिगोत्रसंमताः ।
एषां चित्पावनशुद्ध आत्रेयो मांडुकायनः ॥ ३१ ॥
एते स्युः प्रवराश्चैषां यजुर्वेदः प्रकीर्तितः ।
शाखा माध्यंदिनी चैव सूत्रं कात्यायनं स्मृतम् ॥ ३२ ॥
तथा सोमपुरा जोसी भरद्वाजे प्रकीर्तिताः ।
भरद्वाजांगिरोबार्हस्पत्येति प्रवरास्त्रयः ॥ ३३ ॥
यजुर्वेदस्तथा प्रोक्तस्तेषां तत्र द्विजातिभिः ।
शाखा माध्यंदिनी चैव सूत्रं कात्यायनं मतम् ॥ ३४ ॥
इत्येतत्कथितं सर्वं मया सप्तावटंकिनाम् ।
गोत्रादीनां सुनियमं यथावदनुपूर्वकम् ॥ ३५ ॥

इति शिवदत्तभट्टकृते गिरिनारायणनिबन्धे पंचमो विषयः ॥ ५ ॥

॥ अथ षष्ठो विषयः ॥

अथ वक्ष्यामि ये विप्राः स्वज्ञातौ समगोत्रिणः ।
विवाहो नैव कर्त्तव्यः स्वगोत्रे मनुजैर्ध्रुवम् ॥ १ ॥
[illegible]विवाहं तु स्वगोत्रे ये द्विजातयः ।
कुर्वंति नरके तेषां निवासो जायते ध्रुवम् ॥ २ ॥
वेदे शास्त्रे पुराणे च मुनिभिस्तत्त्वदर्शिभिः ।
गोत्रलक्ष्यं न कर्तव्यं प्रोक्तं तत्पद्मजादिभिः ॥ ३ ॥
गोत्रलक्ष्यं सदा गर्ह्यं स्मृत्यादौ कथितं बुधैः ।
अतो न कुर्यान्मनुजैः सुज्ञैर्नरकभीरुभिः ॥ ४ ॥
ज्ञानतो ज्ञानतो वापि स्वगोत्रे कुरुते नरः ।
विवाहो नरके तस्य पतनं स्यान्न संशयः ॥ ५ ॥
यावच्चन्द्रावनीसूर्याः तिष्ठंत्यप्रतिघातिनः ।
तावन्न मुच्यते पापान्नरकाद्बहुदारुणात् ॥ ६ ॥
यस्य येन भवेत्तुल्यं गोत्रमेकं सुनिश्चितम् ।
परस्परं सगोत्रं तत् ज्ञातव्यं ब्राह्मणैः सदा ॥ ७ ॥
अतः सगोत्रनियमं प्रोच्यते च यथाक्रमम् ।
येषां येषां सगोत्रं स्यात्तेषां तेषां सुनिश्चितम् ॥ ८ ॥
जानी जेतपुराश्चैव भट्टासैंधवजास्तथा ।
पाणिच्छिदा ततो जोसी जानीवाना वडा पुनः ॥ ९ ॥
जोसीदिविच्यजाश्चैव जोसी सोमपुरास्तथा ।
निगद्यते भरद्वाजं गोत्रं षण्णां द्विजन्मनाम् ॥ १० ॥
अथ पश्वालजा मेता भट्टा कंसारियास्तथा ।
जोसी स्वस्थानिका चैषां गोत्रं तु काश्यपं स्मृतम् ॥ १० ॥
ततो निम्बाव्हयाः प्रोता तथा च चाटठाकराः ।
वाथेरा ठाकराश्चैव त्रवाडी च ततः परम् ॥ ११ ॥

इत्येतेषां चतुर्णां तु गोत्रं कौशसमुच्यते ।
अथ दात्रायणा व्यासा पंड्या मक्तुंपुरास्ततः ॥ १२ ॥
जोसी खेरियजा ओझा गोत्रे कौरवसे भवाः ।
बाबडासोद्भवा चैव ठाकरा जनसंमताः ॥ १३ ॥
मौनसं गोत्रमेतेषामन्येनैषां सगोत्रिणाः ।
ठाकरा मारडीयाश्च माडेरा ठाकरा ततः ॥ १४ ॥
ठाकरा खोरिया चैव जोसी खाभलीयास्तथा ।
एषां सौदामसं गोत्रं चतुर्णां निश्चितं सदा ॥ १५ ॥
ततश्च पाठका प्रोक्ता प्रोता माधुपुरास्तथा ।
ठाकरा नगरोत्ता चं पंड्या भावादिया पुनः ॥ १६ ॥
ठाकरा पढीयारा च जोसी पादोजीयास्तथा ।
जोसी पीखोलिया चैव सप्तैते समगोत्रिणः ॥ १७ ॥
इत्येषां गोत्रविख्यातं कृष्णात्रि निर्मलं शुभम् ।
अथात ठाकरा ज्ञेया चोपडा च ततः परम् ॥ १८ ॥
बालग्रामभवोपाध्या ततस्टीलाकरे भवाः ।
ठाकरा गोत्रमेतेषां शांडिलसमुदाहृतम् ॥ १९ ॥
ततो गींदडीया पंड्या ठाकरा कंकसे भवाः ।
एतयोर्गोत्रविख्यातं वच्छसं मुनिभिः क्रमात् ॥ २० ॥
अथ साकालिया जोसी तथोपाध्या मधूपुरा ।
वसिष्ठगोत्रविख्यातं तेषां पूर्वं द्विजातिभिः ॥ २१ ॥
ठाकरा सैरियाश्चैव गोत्रमेषां गार्ग्यमुच्यते ।
इत्येते कथिताः सर्वे ये ज्ञातौ समगोत्रिणः ॥ २२ ॥
जोसी शाकिनीहा चैषां गोत्रं भार्गिनसं स्मृतम् ।
तेषां सगोत्रिणो नास्ति चान्येकेचित्स्वजातिषु ॥ २३ ॥

इति शिवदत्तभट्टकृते गिरिनारायणनिबन्धे षष्ठो विषयः ॥ ६ ॥

अथ दक्षिणादानसमये शीघ्रपट्टानुक्रमज्ञानाय
सप्तमो विषयः लिख्यते ॥

॥ अथ सप्तमो विषयः ॥

पट्टाश्चात्र त्रयोविंश दामोदरविभागिनाम् ।
नाम्ना द्वीपसमाख्यानां दशपंचभिदा स्फुटम् ॥ १ ॥
ते श्रीमाधवराजस्य प्रोच्यन्तेत्र विभागिनः ।
विवादः केनचित्तत्र न कार्यो ब्राह्मणेन वै ॥ २ ॥
जानी जेतपुरास्त्वाद्ये मेतापस्वालजास्ततः ।
भट्टासैंधवजारामे मोतानिम्बाह्वया युगे ॥ ३ ॥
व्यासा दात्रायणा बाणे बावडासा ततः परम् ।
ठाकरा मारडीयाश्च सप्तमे पदके स्थिताः ॥ ४ ॥
चाटावटंकिनः प्रोक्ता ठाकराश्चाष्टमे पटे ।
पाठका नवमे ज्ञेया चोपडा दशमे पटे ॥ ५ ॥
एकादशेकंकसिया पंड्या गींदडियास्ततः ।
त्रयोदशे पाणिच्छिदा ततः शाकिनीहा स्मृताः ॥ ६ ॥
उपाध्या बालग्रामातास्त्रिवाडी षोडशे मताः ।
वाथेरा सप्तदशके पंड्यामंकुपुरास्ततः ॥ ७ ॥
ओझा चैकोनविंशे च मोता माधुपुरास्ततः ।
भट्टा कंसारियाश्चैकाधिके विंशतमे स्थिताः ॥ ८ ॥
जोसी स्वस्थानिका चैव द्वाविंशे परिकीर्तिताः ।
जोसी सांकलीया चैव त्रयोविंशे निगद्यते ॥ ९ ॥
एते पदासनार्हा च दामोदरविभागिनः ।
कथिता शीघ्रज्ञानाय दक्षिणावसरे मया ॥ १० ॥
अथातः संप्रवक्ष्यामि नाम्नां सप्त ह्यनुक्रमम् ।
मोता माधुपुरास्त्वाद्ये ततोपाध्या मधूपुरा ॥ ११ ॥

ततश्च ठाकरा प्रोक्ता नगरोत्तास्वजातिभिः ।
ततो मावदिया पंड्या पंड्या पादोजिया स्ततः ॥ १२ ॥
ततोनु ठाकरा ज्ञेया ये च टीलाकरे भवाः ।
ततः कोटडियाभट्टा जानीवाना बडास्ततः ॥ १३ ॥
भाडेरा ठाकराः पश्चात् खेरिया ठाकरास्ततः ।
ततोनु ठाकरा प्रोक्ताः सेरिया जनसंमताः ॥ १४ ॥
ततो दिवच्यजा जोसी जोसी पादोजीयास्ततः ।
जोसी पीखोडियाः पश्चात् जोसी सोमपुरास्ततः ॥ १५ ॥
एते माधवराजस्य विभागार्हा प्रकीर्तिताः ॥ १६ ॥

इति शिवदत्तभट्टकृते गिरिनारायणनिबन्धे सप्तमो विषयः॥७॥

॥ अथ विज्ञप्तिरूपोऽष्टमो विषयः ॥

स्वज्ञातिभि विचार्यैव सैंधवेयावटंकिने ।
तिलके नाधिकारत्त्वं राघवाय प्रकल्पितम् ॥ १ ॥
जानी जेतपुराख्यानां पट्टाप्यत्वं निरूपितम् ।
पद्माकरमहान्तस्य लेखकत्वं समर्पितम् ॥ २ ॥
एवं स्वज्ञातिभिः सर्वं कल्पितं स्वानुरूपकम् ।
अतः सत्यमिति ज्ञेयं मिथ्याज्ञानादधोगतिः ॥ ३ ॥
आद्यास्वेष्ट नतिः ततोनु लिखिता राज्ञां समान्नोन्नतिः ।
पादानुक्रमणं ततोनुगदितं नाम्नां शुभं सप्तकम् ॥
स्वं स्वं गोत्रक्रमं ततोनुक्रमणां पादार्हणानां पृथक् ।
ह्येतत्पद्मकराव्हयेन महता पस्वालियाख्येन वै ॥ ४ ॥
गङ्गारूपाहि सर्वेषां ज्ञातिर्ज्ञेया प्रमाणतः ।
सर्वतीर्थगुणोपेता दर्शनात्पापनाशिनी ॥ ५ ॥
एतत्क्रमं भक्तियुताः पठन्ति श्रृण्वंति वा प्रीतियुता मनुष्याः ।
पर्वस्य काले कपिलाप्रदस्य तुलाप्रदातुः फलमेव तेषाम् ॥ ६ ॥

इति शिवदत्तभट्टकृतनिबन्धाष्टकं संपूर्णम् ॥

ગિરિનારાયણ બ્રાહ્મણોની ઉન્નતિ.

વિજ્ઞાપન.

મુંબઇ (મોહમયી) નગરીમાં સ્થાપન થયેલાં "શ્રી કચ્છી ગિરિનારાયણ હિતવર્દ્ધક મંડળ" તરફથી "શ્રી ગિરિનારાયણ બ્રાહ્મણોની ઉત્પત્તિ તથા ઇતિહાસ, તેમજ તેમની ઉન્નતિ શી રીતે થાય?" આ બે વિષયોપર જાહેર નિબંધો માગવામાં આવ્યા છે. અને તે લખાઇ આવવાથી ઉત્તમ નિબંધ લખનારને ઉત્તેજનાર્થે ઇનામ આપવા માટે જાહેર થયેલું છે.

બન્ને નિબંધો નિ:સંશય ઘણા જ ઉપયોગી છે અને તે લખાઇ આવવાથી જરૂર શ્રેયસ્કર જ નીવડશે.

પહેલો નિબંધ કે જે ગિરિનારાયણ બ્રાહ્મણોની ઉત્પત્તિ સંબંધીનો છે, એ લખવા માટે ઘણું સાહિત્ય એકઠું કરવાની જરૂર છે. જેમ કે ગિરિનારાયણ નામ શા કારણથી શી રીતે અને ક્યારે પડયું, તેથી અગાઉ કયા બ્રાહ્મણસંવાહમાં આપણે હતા, કયા કયા ધર્મ સંપ્રદાય વિશેષમાં આપણે ક્યારે ક્યારે જોડાતા આવ્યા છીએ, મૂલ કયા કયા દેશોમાંથી હાલે કયા કયા દેશો, શહેરો અને ગામોમાં શી રીતે જઇ વસ્યા છીએ, કેળવણી આચાર વિચાર સંબંધી તેમજ વ્યાવહારિક વિષયોમાં કેવી કેવી જાતનાં પરિવર્ત્તનો થતાં ગયાં છે, જ્ઞાતિમાં કેવી કેવી રીતે શાં શાં કારણોસર ક્યારે ક્યારે ઐક્ય અનૈક્ય થવાના બનાવો બન્યા છે, વલી ચોકસ કારણોસર જ્ઞાતિ સમસ્તનાં સંમેલનો ક્યારે ક્યારે કયાં કયાં સ્થળોપર થયેલાં છે વિગેરે, તેમ જ આપણામાં વેદ, ગોત્ર શાખા, પ્રવર, અવટંક, કુળદેવી, ક્ષેત્રપાળ આદિ કેવી કેવી રીતે છે, એ બધો ઇતિહાસ સાલવાર, અથવા અમુક રાજા કે બાદશાહના રાજ્યકાળના આધાર સાથે, તેમ જ કોઇ જુનાં લેખો, બક્ષીસપત્રો, સંસ્કૃત અથવા પ્રાકૃત ગ્રંથો, વૃધ્ધોની વંશપરંપરાની શ્રુત હકીકતો, દંતકથારૂપે પ્રચલિત વાર્તાઓ ગીતો તેમ જ કોઇ રાજ્ય ઇતિહાસ ડીરેકટરીઓ તથા જુના વખતના ભાટ ચારણોના કે વૈવંચાઓના ચોપડાપરથી, પડોશી તેમ જ સમાન આચાર વિચારવાન અન્ય ગુર્જર બ્રાહ્મણોના ઇતિહાસપરથી તેમ જ જ્ઞાતિમાં પ્રચલિત શુભાશુભ પ્રસંગોની કાર્ય રીતિઓપરથી, કોઇ સંપ્રદાય વિશેષના ઇતિહાસપરથી તીર્થસ્થળ દેવ દેવસ્થાનની ગોરપદાં કે માલેકીના પ્રચાર ઇત્યાદિ જુના વખતથી ચાલતી—આવેલી બાબતોપરથી જે જાણી

શકાય તે વિગતો એકત્ર કરી જ્યારે સંકલના કરવામાં આવે ત્યારે જ આધારભૂત ઇતિહાસ તથા ઉત્પત્તિ સંબંધીનો નિબંધ લખી શકાય. અને તેટલીબધી તૈયારીઓ મારાથી હાલ તરત થાય એમ ન બની શકે એમ જણાતાં મેં તે નિબંધ લખવાનું હાથ ધર્યું નથી, પરંતુ આપણા પુરાતન વાસસ્થાન જુનાગઢ આદિના નિવાસી કોઇ વિદ્વાન ભાઇ અથવા અન્ય કોઇએ જેણે ઉપર્યુક્ત સંબંધે શોધખોળપૂર્વક કાંઇ સાહિત્ય સંગ્રહ કરેલું હશે તેમના તરફથી આશા કે છે જરૂર લખાઇ આવશે અને તે નિબંધ પરસ્પર જ્ઞાતિભાઇઓમાં ઐકયની વૃદ્ધિ અને સમસ્ત જ્ઞાતિબંધુઓમાં એક બીજા તરફની સહાનુભૂતિમાં અથાગ વૃદ્ધિ થવા માટે પરમ ઉત્કૃષ્ટ સાધન થઇ પડશે.

બીજો નિબંધ કે જે "શ્રીગિરિનારાયણ બ્રાહ્મણ જ્ઞાતિની ઉન્નતિ શી રીતે થાય ?" એ વિષય સંબંધીનો છે. અને તે માટે શાસ્ત્રીય દૃષ્ટિથી વિચાર કરતાં તે ઘણો જ ગહન તેમ જ મહત્વવાળો વિષય છે એમ જણાય છે. પરંતુ વ્યાવહારિક સાદી સમજ દૃષ્ટિથી વિચાર કરી તેના આધારે તે વિષયને સાદા વ્યાવહારિક પાંક્તના તરીકે ગણી તે પછી મારી સાદી સમજ પ્રમાણે તે સંબંધી મારા વિચારો જણાવવા માટે મારી ઇચ્છાવૃત્તિને મેં છૂટ આપી છે. જો કે આ નિબંધો પણ કેટલાક વિદ્વાન ભાઇઓ તરફથી વિદ્વત્તા ભરેલા વિચારોની સંકલનાવાલા લખાઇ આવશે, અને તે મહોપકારક થશે, એવી આશા છે છતાં મારો પ્રયત્ન જો કોઇ અંશે પણ ફલીભૂત થશે તો તેથી હું મારા મનથી સંતોષ માની લઇશ.

અને તે એવી રીતે નહીં કે કોઇ જાતનું પારિતોષિક ઇનામ લઇને કે મેં લખેલા નિબંધ માટે કાંઇ પ્રશંસા સાંભળીને, પણ માત્ર મારી સાદી હૃદય પ્રેરણાઓ હું મારા સહૃદય ભાઇ, બ્હેનો, વડીલો તેમ જ સમસ્ત જ્ઞાતિમંડલીની સેવામાં નિવેદન કરી શકયો છું, તેટલા માટે જ, અને તે માટે હું ખાસ કરીને આ નિબંધ લખાવવાની પ્રેરણા પ્રથમ જે ભાઇને થઇ છે તેનો વિશેષ આભાર માનું છું, અને "શ્રી કચ્છી ગિરિનારાયણ હિતવર્દ્ધક મંડળ" નો પણ આભાર માનું છું.

લી૦ આભારી,

વ્યાસ માધવજી મોતીરામ.

રહીશ-કચ્છ માંડવીબંદર.

શ્રી ગિરિનારાયણ બ્રાહ્મણ જ્ઞાતિની ઉન્નતિ શી રીતે થાય ?

अवतरण.

જ્યારે અમુક વ્યક્તિ મંડળી અથવા જ્ઞાતિ કે સંસ્થામાં પોતાની ઉન્નતિ શી રીતે થાય, તે સંબંધી પૃચ્છા કરવાની ઇચ્છા ઉદ્ભવ પામે છે, ત્યારે તે જ ઉન્નતિપથમાં પ્રવેશ થવાનાં વિશેષ શુભ ચિન્હરૂપ ગણાવું જોઇએ.

ઉન્નતિ પ્રાપ્ત કરવાના અધિકારી સંસ્કારોના પ્રભાવની પ્રબળતા વડેજ તે સંબંધી તીવ્ર જીજ્ઞાસા આંતર વૃત્તિમાં ઉત્પન્ન થાય છે, અને તે યોગ્ય રીતિએ પોષણ પામી તત્સંબંધી પ્રયત્નવિશેષમાં લાગે છે.

ભૂતળકાળપર નજર કર્યાથી સ્પષ્ટ વિદિત થાય છે કે પૂર્વે જે જે ઉત્તમાધિકારીઓએ ઉન્નતિપ્રાપ્તિ કરીને કૃતાર્થતા સિદ્ધ કરી છે, તેમણે પણ જીજ્ઞાસાવાન થઇ પ્રેમપૂર્વક પ્રશ્નો કરી હૃદયની અજ્ઞાનગ્રંથિઓ (અ- સંસ્કારી ભાવો અથવા સંશયાત્મક ચિત્તવૃત્તિઓ) ને જ્ઞાનોપદેશ એટલે સત્ય જ્ઞાનચર્ચા રૂપી રસાયન વડે ગાલી નાંખી, આત્મભાવોને સંસ્કૃત એટલે વિવેકવાન્ તથા નિશ્ચયાત્મક બુદ્ધિમાન્ કરી, આત્માનો પરમાત્મા સાથે સંબંધ સાંધ્યો હતો. મૃત્યુ ને સ્વર્ગ કરીને ક્ષણભંગુરતામાં અમરતા પ્રાપ્ત કરી હતી. જેનાં અનેકાઅનેક દૃષ્ટાંતો-શાસ્ત્રોમાં મોજુદ છે. જુઓ શ્રીમદ્ ભગવદ્ગીતામાં અર્જુન પ્રત્યે શ્રીકૃષ્ણભગવાનનો ઉપદેશ તેમ જ ભગવાન્ શ્રીરામચંદ્રજી પ્રત્યે ગુરૂ મહારાજ શ્રીવસિષ્ઠનો અને રાજા પરીક્ષિત પ્રત્યે શ્રીશુકદેવજીનો જ્ઞાનોપદેશ.

વલી ઉન્નતિસાધના માટેનું આપણા આર્ય પૂર્વજો ઇત્યાદિનું તત્ત્વ જ્ઞાન કે જેના માટે સમસ્ત ભૂમંડલની (સિવીલાઇઝડ) સુધરેલી તમામ પ્રજાઓ એક અવાજે તેનું શ્રેષ્ઠપણું સ્વીકારે છે તે, તેમજ અન્ય દેશોમાં ઉત્પન્ન થયેલા મહાત્માઓએ જે જે વિદ્યાકળાઓ આદિની તરેહવાર શોધો તથા સંગ્રહો કરી ઉન્નતિનો જે વિસ્તાર કર્યો છે, કે જેના મિષ્ટ ફલનો ઉપભોગ માનવ પ્રજા અબાધિત રીતે કરી રહી છે તે બધું તેમના તીવ્ર જીજ્ઞાસા યોગનું જ કારણ છે.

વર્ત્તમાન પર પણ નજર કર્યાથી જોવામાં આવે છે કે જે પ્રજા, જે સંસ્થા, જે જ્ઞાતિ, જે વ્યક્તિ, આર્થિક તથા પરમાર્થિક, લૌકિક તથા

પારલૌકિક વગેરે તે તે ઉન્નતિની જે જે શાખા પ્રતિ, જેટલો જેટલો આગ્રહ ધરાવે છે, તદનુસાર યથાસાધના ઉન્નતિ પ્રાપ્ત કરવામાં ફલીભૂત થાય છે, જેનાં પણુ દષ્ટાંતો શોધવાં પડે તેમ નથી. જુઓ યુરોપીઅન પાશ્ચાત્ય પ્રજાઓ અંગ્રેજ, જરમન, ફ્રેન્ચ, આદિ તેમજ અમેરીકન, જાપાન, એ દેશોમાં ઉન્નતિ સાધવાના નાના પ્રકારનાં સાધનો પ્રચલિત હોતાં, તેમણે તે તે જાતના ઘણા વિષયોમાં ઉન્નતિ પ્રાપ્ત કરી છે એ સુવિદિત છે. અને હાલનું આર્યાવર્ત્ત પણુ ઉન્નતિ માટે જેટલું પ્રયાસવાળું છે તેટલે અંશે જરૂર ઉન્નતિ પ્રાપ્ત કરે છે. અને એવી રીતે ભવિષ્યમાં પણુ જે જે વ્યક્તિ, સમાજ કે સંસ્થા, જ્ઞાતિ અને પ્રજા પોતાની ચઢતી એટલે પોતાનો દરજ્જો, સુખ સંપત્તિ સ્વતંત્રતા, આરોગ્ય આબાદી આત્મશુદ્ધિ ઇત્યાદિ માટે તીવ્ર અભિલાષાવાન્ થઇ સતત પ્રયત્નશીલ રહેશે તો પોતાની ઉન્નતિ સાધવામાં ભાગ્યશાળી થશે જ.

મનુષ્યહૃદયમાં ઉન્નતિ (મહત્ત્વાકાંક્ષા) માટેનો ભાવાંકુર કુદરતી રહેલો છે. મનુષ્યઆત્મા કુદરતી રીતિએ જ જ્ઞાનની ચઢતીકળાવાળો જોવામાં આવે છે, કેમ જે આ સૃષ્ટિ પ્રક્રિયાજ વિકાસાવસ્થાશાલી શક્તિયોજીત છે જેથી માનવ હૃદયના જુદા જુદા તમામ ભાવો ઉન્નતિ સાધવાના કારણભૂત થયા છે. વળી વિશેષ કરીને મનુષ્ય હૃદયમાં જે જનસંગલાલસાવૃત્તિ રહેલી છે, કે જેના યોગે મનુષ્ય, મિત્રમંડળ, કુટુંબમંડળ, જ્ઞાતિમંડળ, સમાજમંડળ, તેમજ સમસ્ત જનમંડળના સૂત્રમાં ગુંથાયો છે. એ રીતે માનવ જાતિએ જ્ઞાનવડે તથા ઐક્યથી પરસ્પર સાહાયભૂત થઇ બાહ્ય વસ્તુ પર પોતાની સત્તાનો વિસ્તાર કર્યો છે અને સમસ્ત ભુગોળપર પોતાનું આધિપત્ય સ્થાપેલું છે. આત્મસંરક્ષક વૃત્તિઓ તથા ધર્મવૃત્તિઓ તથા બુદ્ધિ વૃત્તિઓના ભાવો તથા તેના વિષયોના સંબંધમાં કેવી કેવી રીતે ઉન્નતિ પ્રાપ્ત કરી છે તે સંબંધી સવિસ્તર સમજ આપણને પૃથ્વીપર વસતી માનવ જાતિના પ્રાચીનથી અર્વાચીન સુધીના ઇતિહાસનું અવલોકન કરવાથી સ્પષ્ટ પણે પડી શકે છે કે સ્થલાંતરમાં વસતી જુદા જુદા રંગ, સ્વભાવ, કદ, રીતભાતવાલી તે જાતિઓએ કુદરતી સંયોગોની અનુકૂલતા તથા પ્રતિકૂલતા વચ્ચે આજ પર્યંત કેટલે કેટલે દરજ્જે ઉન્નતિના કઠિન માર્ગમાં પ્રવેશ કર્યો છે. અજ્ઞાનગ્રસ્ત અધોગતિમૂલક, હૃદયના પશુભાવો સામે ઘોર યુદ્ધો કરી કેટલા બધા આત્મભોગો આપી વિજ્ઞાનની મદદ વડે માનુષ ભાવો અને સાર્વજનિક હિતસાધક ધર્મ ભાવોની વૃદ્ધિનો જય વિસ્તાર કર્યો છે.

વિદ્વાનોએ પૃથ્વીપર વસતી પુરાતન કેટલીક મનુષ્યજાતિઓને પાંચ શ્રેણીમાં વહેંચી નાંખી છે, જેમ કે કોકેશીયન, મોંગોલીયન, મલાયન, નેગ્રો, અમેરીકન અસલી જાતિઓ.

આ કોકેશીયન જાતિ જેનું અસલ રહેઠાણ મધ્ય એશીયાના કોકેશશ પર્વતનો પ્રદેશ, તથા તિગ્રિસ યુફ્રતિસ નદીઓ વચેનો પ્રદેશ હતો અને ત્યાંથી તેમાંની આર્યન નામની એક શાખા ગ્રીસ તરફ તેમજ ઇજીપ્ત તથા ઇરાન તરફ તેમજ હિંદુકુશ પર્વત ઓળંગી હિંદમાં આવી એમ ઇતિહાસ પરથી સિદ્ધ થએલું છે.

એ રીતે આપણા પૂર્વજો ઉત્તરના મધ્ય એશીઆના પ્રદેશમાંથી આ દેશ આર્યાવર્ત્ત આજના હિંદુસ્તાનમાં આવેલા છે. અને આ દેશમાં આવી તેમણે આ દેશના મૂળ વતની આદિમ્ જંગલી મનુષ્ય જાતિઓ કે જેમને આપણા આર્યોએ શાસ્ત્રોમાં અનાર્યોના નામથી ઓળખાવ્યા છે તેમનાથી યુધ્ધો કરી તેમને હરાવી જંગલો તથા પર્વતોના સ્થાનોમાં નસાડી મુકયા અને કેટલાકોને સ્વવશ કરી લીધા અને પોતે હિમાલય તથા હિંદુકુશ વગેરે પર્વતો રૂપી કિલ્લાઓથી સુરક્ષિત કાશ્મીર પંજાબ, વાવ્યપ્રાંતો આદિ વિસ્તીર્ણ ખુલ્લા પ્રદેશો કે જેમાં ગંગા, સિંધુ, બ્રહ્મપુત્રા આદિ ઘણી પુષ્કળ જળપ્રવાહવાલી નદીઓ તેમજ ગ્રીષ્મ વર્ષા, શીત, આદિ અનુકૂલ ઋતુઓના પ્રભાવ વડે અત્યંત ફળદ્રૂપ જમીન હોતાં પોતાંમાં તેમજ પોતાંના પાલિત જાનવરો જેવાં કે ગાયો, બળદો, અશ્વો વગેરેનાં નિર્વાહ માટે સ્વલ્પ પ્રયાસે પુષ્કળ નીપજ મેળવી સુખશાંતિથી આરોગ્ય જીવન ગાળી શકવા લાગ્યા અને એ રીતે એવા સ્વર્ગસમાન નિવાસસ્થાનના વાસી થઇને રહ્યા અને ઘણાજ લાંબા કાળ સુધી તેઓ કાંઇ પણ વિદેશીય અન્ય બળવાન્ પ્રજાની ચઢાઇ વિગ્રહો આદિથી મુકત રહ્યા. તેમણે પોતાની વસાયત ભૂમિનું નામ આર્યાવર્ત્ત પાડયું, અને તે સુલેહ ભરેલા લાંબા કાળમાં તેમણે શારીરિક, માનસિક તેમજ ભૌતિક નિયમોનું સારૂં જ્ઞાન મેલવ્યું. તથા ભાષાશાસ્ત્ર, સંસારસુધારો, જડચૈતન્ય, જીવાત્મા, ધર્માધર્મ વિચાર તેમજ પદાર્થવિદ્યા, જ્યોતિષવિદ્યા, ગણિતશાસ્ત્ર વ્યવહારવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા, સમાજવ્યવસ્થા, આદિ સંબંધી મહાન સંસ્કૃત વિચારોની સંકલના કરી કે જેનો સંગ્રહ, વેદવેદાંગ, ઉપવેદો, ઉપનિષદો, દર્શન શાસ્ત્રો ચરકસુશ્રુત આદિ વૈદક ગ્રંથો, રામાયણ મહાભારત આદિ ઇતિહાસ ગ્રંથો, નીતિશાસ્ત્રો, સ્મૃતિઓ, પુરાણો, ગીતા ઇત્યાદિ નાનાવિધ પુસ્તકોમાં સંગીત છે. તે વખતે આપણા

આર્ય પૂર્વજોએ જે ઉન્નતિ પ્રાપ્ત કરી હતી તેની યાદ જગતના ઇતિહાસના પૃષ્ઠો પરથી ભૂસાઇ જાય તેમ નથી.

મનુષ્યહૃદયની આશાઓ અનંત છે. જેથી પરિચિત સીમાબદ્ધ ઉન્નતિથી તે નિવૃત્ત થાય તેમ નથી, જેથી આપણા આર્ય પૂર્વજોએ. લૌકિક સુખ સંપત્તિને ગૌણ ગણી પારલૌકિક વિચારો પારમાર્થિક વિચારો કરવાના ઉપદેશને ધર્મનું મુખ્ય પ્રકરણ ગણાવ્યું હતું. જેમાં તેમનો મુખ્ય હેતુ મનુષ્યના હૃદયભાવોને ધર્મપથમાં ઉન્નત તથા અજીત બનાવવાનો હતો, ઉન્નતિ સાધક ધર્મયોગના પર જ્ઞાનયોગી તથા કર્મયોગી બનાવવાનો હતો કે જેનું સ્પષ્ટ જ્ઞાન આપણને શ્રી ગીતાજીમાં જ્યારે અર્જુન પોતે હું યુદ્ધ નહિ કરૂં એમ કહી યુદ્ધપ્રવૃત્તિથી પાછા હઠવાપણું બતાવે છે ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન્ તેને **स्वधर्मे निधनं श्रेयः**, આદિ વાકયવડે ઉન્નતિ પથના પ્રવાસી મનુષ્યે પોતાની ફરજો આર્થિક તથા પારમાર્થિક બધા માર્ગોમાં સત્ય વિવેકાનુસાર બજાવવામાં મુદલ પાછું ન જ હઠવું તે જ તેનો સ્વધર્મ એમ સિદ્ધ કરી જે રહસ્ય સમજાવેલ છે તેથી થાય છે.

આટલું છતાં માનુષ સ્વભાવના પ્રાકૃતપણાને લઇને આ આર્યાવર્ત્ત કે જે–અજ્ઞાન નિવૃત્તિ માર્ગનો ઉપાસક હતો, તેણે કાર્યકારણાનુસારે જ્ઞાન નિવૃત્તિ માર્ગ તરફ વલણ લીધું કે જેથી તે નાના પ્રકારની અનૈક્યમાં આવી પડયો. અને તે અરસામાં પરદેશીઓના હુમલાઓ કે જે આ દેશની જાહોજલાલી અને સુખસમૃદ્ધિની વાતો સાંભળી તેપરના–મોહથી તેઓ લાવતા હતા. તેમનાં સાથેના યુધ્ધોમાં પરાજય પામી એક વખત જગતને સુધારાનું શિક્ષણ આપનાર આ આર્યાવર્ત્ત પોતાની સ્વતંત્રતા ગુમાવી બેઠું ત્યારથી આ જ પર્યંત આપણી જે પરિસ્થિતિ આવી છે તે હિંદુસ્તાનનો ઇતિહાસ વાંચવાથી જાણી શકાય તેમ છે.

આટલું અવતરણ કરી હવે હું ગિરિનારાયણ બ્રાહ્મણોની ઉન્નતિ શી રીતે થાય, તે સંબંધમાં દિગ્દર્શનરૂપ ખાસ વિષયપર આવું છું. ઉન્નતિ સંબંધનો વિષય જ એકદેશી નથી જેથી તેમાં સાર્વજનિક વિષયક વિચારોનું મિશ્રણ હમેશાં ચાલ્યા કરવાનું જે માટે વિષયાંતર થયેલો નહીં ગણવા માટે હું અરજ કરૂં છું.

" ગિરિનારાયણ બ્રાહ્મણ સંસ્થાની ઉત્પત્તિ. "

ઉન્નતિ માટે વિચાર કરતાં વાર જ ઉત્પત્તિ સંબંધી સહેજ જાણવા આવશ્યકતા ભરેલું હોય એમ લાગે છે માટે તે વિષે થોડું લખવું ઉચિત સમજવામાં આવે છે. તેને અંગે કહેવુ જોઇએ કે:—

આર્યાવર્તવાસી આર્યોએ, પોતાનાં સંસ્કૃતકાળમાં ઉન્નતિના મંદિરમાં પ્રવેશ કરવાના સાધનરૂપ જે વ્યવસ્થા કરી હતી તેને ધર્મ એવું નામ આપેલું છે. ધર્મ શબ્દની વ્યાખ્યા કરતાં તેમણે તેનો અર્થ એમ બતાવ્યો છે કે જેનાથી અભ્યુદય અને શ્રેય થાય, તે ધર્મ અને વિશેષમાં જે પરમેશ્વરશક્તિથી આ સૃષ્ટિપ્રક્રિયા પ્રચલિત જોવામાં આવે છે તેનું તથા તેના નિયમ સામર્થ્યનું જે જ્ઞાન તથા તદનુકૂલ વર્ત્તન તે ધર્મ. આર્યોનું આ ધર્મજ્ઞાન બહુ જ વિવેચનાવાલું છે, તેમ જ અતિરસિક છે કે જેનું દિગ્દર્શન કરાવવું બહુ આવશ્યક છતાં, લંબાણના ભયથી અત્રે હું માત્ર એટલી જ વિનંતિ કરૂં છું કે આપણે આર્યવંશજો હોઇ તેના વારસાદાર હોવાથી આપણે તે સનાતનધર્મપ્રવાહના સર્વાંગનો પૂર્ણ અભ્યાસ કરવો જોઇએ કે જે-આપણી ફરજ છે.

આપણા અસલી આર્યપૂર્વજોએ ધર્મવિવેચક બુદ્ધિથી આ આર્યાવર્ત્તવાસીઓને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર વર્ણ એમ તેમના જાતિયસ્વભાવની વિશેષતા બતાવનારો ઉલ્લેખ કર્યો છે, અને આજે આર્યાવર્ત્તમાંની બધી મંડળીક જાતિઓનો સમાવેશ એ ચાર વર્ણવંશોત્પન્ન તરીકે થાય છે, એક બ્રાહ્મણ સંસ્થામાંથી કાલે કરીને " પંચગૌડ અને પંચ દ્રાવિડ " એમ ૧૦ જુદી સંસ્થા થઇ કે જેઓ પૈકી પંચ ગૌડે ઉત્તર હિંદવાસી બ્રાહ્મણો, જેવાકે સારસ્વત ગૌડ, મૈથિલગૌડ, કાન્યકુબ્જગૌડ, બંગગૌડ, અને પૂર્વીઆ બ્રાહ્મણો તેમ જ દક્ષિણ હિંદવાસી બ્રાહ્મણો પંચદ્રાવિડ જેવા કે, મહારાષ્ટ્ર દ્રાવિડ, ગુર્જરદ્રાવિડ, તથા સૌરાષ્ટ્રદ્રાવિડ, તૈલિંગદ્રાવિડ, કર્ણાટક દ્રાવિડ વિગેરે અને વલી એમાં કાલેકરીને અનેકાનેક ભેદો પડી ગયા છે, જેમ કે ફક્ત ગુર્જર દ્રાવિડ તથા સૌરાષ્ટ્ર દ્રાવિડમાં સ્થાન આદિ પરત્વે નાગર વીસનગરા, વડનગરા આદિ, ઔદિચ્ય, સિદ્ધપુરીઆ, સોમપુરા, ઝાલાવાડી, ગોહેલવાડી, ઔદીચ્ય સહસ્ર, ઉનેવાલ, મોઢ, શ્રીમાળી, સાચોરા, ગુગળી, પ્રશ્નોરા તેમજ ગિરિનારાયણ કે (ગિરનારા) એટલે જુનાગઢ આદિ કાઠિ-

યાવાડમાં આવેલા ગિરનાર પર્વત તેમજ ગીર બરડા આદીના નિકટના ગામોમાં વસનારા તેપરથી અને તેમાં પણ, જુનાગઢીઆ, માણ્ડુપુરીઆ, જામનગરીઆ, ચોરવાડા, આજકીયા, કચ્છી તેમ જ યાત્રાવાસી આદિ કેટલાંક ઉપનામો સ્થાનપરત્વે પડી ચુક્યાં છે અને એ રીતે સંભવિત છે કે જ્યારે ગુર્જર તથા સૌરાષ્ટ્ર દ્રાવિડ કે જેઓ ઉત્તર હિંદમાંથી આવી દક્ષિણ હિંદના ગુજરાત તથા સોરઠના વાસી થયા હશે ત્યારે પ્રથમ ઉત્તર આવ્યા માટે ઔદિચ્ય અને પછી ઉપર્યુક્ત સ્થાનપરત્વે, વૃત્તિપરત્વે, વ્યવહારપરત્વે, તેમ જ ઐક્ય અનૈક્ય પરત્વે, જુદાં જુદાં નામોવાલી ભિન્ન ભિન્ન સંસ્થાના રૂપમાં આવી ગયેલા છે. છતાં એ સંબંધી વિશેષ અજવાળું આપણી ગિરિનારાયણ બ્રાહ્મણોની ઉત્પત્તિ વગેરેનો ખાસ નિબંધ લખાઇ આવશે તે પરથી કદાચ પડશે, છતાં આપણી ઉત્પત્તિ સંબંધીના મારા વિચાર હું ઉપર પ્રમાણે જણાવી હવે હું

ગિરિનારાયણ બ્રાહ્મણોની સાંપ્રત સ્થિતિ

એ માટે થોડા વિચાર જણાવું છું. કેમ કે ઉન્નતિનો વિચાર કરતી વખતે વર્ત્તમાન સ્થિતિનો વિચાર કરવાની જરૂર છે.

ઉપલી બીના પરથી આટલું તો ચોખ્ખું સમજાઇ ગયું છે કે આપણે સુધરેલી આર્યપ્રજામાં શ્રેષ્ઠ એવો બ્રાહ્મણ વર્ણ કે જે ખાસ કરીને વિશેષ તત્વજ્ઞાની તથા વિદ્યાનુરાગી હતો. તેમની ઓલાદના છીએ. પરંતુ પૂર્વે જણાવી ગયા છીએ કે આર્યાવર્ત્તવાસીઓમાં અનૈક્ય તથા અજ્ઞાનની વૃદ્ધિ થઇ પડી જેથી તેઓ પોતાનું સ્વાતંત્ર્ય ગુમાવી બેઠા, વિશેષમાં અમુક કાળ સુધી એવો રાજ્ય અમલ આર્યાવર્ત્ત પર રહ્યો કે અન્યદેશીય કેટલાએક બાદશાહોએ ધર્માંધ વૃત્તિવાલા હોઇ એટલો બધો અન્યાય આર્યપ્રજા પર ગુજારવો ચાલુ કીધો કે જેથી તેમના અમલમાં આર્યોનાં પ્રાચીન ઉન્નતિનાં સાધન રૂપ વિવિધ જ્ઞાનસંગ્રહના પુસ્તકોના ભંડારો, પઠનપાઠનની પાઠશાળાઓ, ઉચ્ચ શિષ્ટ પ્રકારના પ્રચલિત વ્યવહારો આદિ પર એવા જાપતા પડયા કે જેથી તે ઘણે ભાગે નષ્ટપ્રાય થઇ ગયા, કે જેથી આપણામાં વિશેષ શૂરતા દાખલ થઇ, વલી યથા રાજા તથા પ્રજા તે પ્રમાણે વ્યવહારોમાં પણ તેમનું જ અનુકરણ વધ્યું. ઇતિહાસની આરસીમાં જોવાથી તે ઉદય અસ્તના

સ્વરૂપનું ખરૂં જ્ઞાન થાય તેમ છે. અત્રે કહેવું જોઇએ કે બ્રાહ્મણ જાતિ કે જે સુધારામાં અગ્રણી હતી, જેને ભૂદેવ પદ મળેલું હતું, અન્ય આર્યપ્રજા સાથે તેઓ પણ ઘણે અંશે અધોગતિમાં આવી પડ્યા, અવિદ્વાન થવાથી શારીરિક, માનસિક, વ્યવહારિક તથા પારમાર્થિક જ્ઞાન તથા વર્ત્તન મોટે ભાગે બહુ જ દીનદશાને પ્રાપ્ત થયા. બ્રહ્મચર્ય, ગ્રહસ્થાશ્રમ, વાનપ્રસ્થ અને સન્યાસ એવી ચાર આશ્રમવ્યવસ્થાપરત્વે આર્ય વ્યકિતઓ કે જેઓ યજ્ઞોપવીત ક્રિયા થયા બાદ દ્વિજ થઇ સદ્‌વિદ્યા સંપાદન પૂર્વક ધર્મમાર્ગના અધિકારી ગણાઇ, ગર્ભાધાન સમયથી તે મૃત્યુ પર્યંતના કાળ સુધી ધર્માનુગત માનસિક તથા વાચિક અને કાયિક વર્ત્તનપરાયણ રહી પરમૈશ્વર્યની સૃષ્ટિ પ્રક્રિયા શક્તિઓ એટલે મહત્ વિભૂતિઓ—કે જેમને દેવશક્તિઓ તથા પિતૃશક્તિઓ એમ નાના પ્રકારથી ઉલ્લેખવામાં આવી છે, તેના જ્ઞાનારાધનમાં નિવેદિત રહી ઉન્નતિ સિદ્ધ કરતી હતી, તે ક્રમનો પણ તેમનામાંથી બહુ અંશે લોપ થયો, કે જેથી દેવયજ્ઞ તથા પિતૃયજ્ઞ આદિના ખરાં અનુષ્ઠાનો બંધ થયાં, જેથી તેમનાં આયુષનો ઉન્નતિ સાધવા માટેનો સંકલ્પ મંદ પડયો અને તે જ રીતિએ આપણે માટે પણ બન્યું.

દેવયજ્ઞના લોપથી એટલે અગ્નિ, વિજલી, વરૂણ (જલ) વાયુ, વરાળ, પૃથ્વી, આકાશ આદિ તત્ત્વોની શક્તિઓનો વિચાર તથા તત્ સંબંધી શોધ-ખોળની પ્રથા બંધ પડવાથી તત્ત્વવિદ્યાના જ્ઞાનથી વિહીન થઇ પડ્યા. જ્યારે આજે તે દેવો તેમની પૂજામાં એટલે તેમના સંબંધી શોધખોળ આદિ વ્યાપારમાં નિમગ્ન રહેનાર આજની યુરોપ, અમેરિકા, જાપાન આદિ સાયન્ટી-ફિક પ્રજાઓને વશીભૂત થઇ, રેલ્વે, સ્ટીમરો, વિમાનો, ટેલેગ્રાફી, ફોટોગ્રાફી આદિ નાના પ્રકારોના, યાંત્રિક કલાઓના અવતારોરૂપે તેમના સાહાયક થઇ તેમના પર પોતાની પ્રસાદદૃષ્ટિ કરી રહ્યા છે. તેમ જ પિતૃયજ્ઞ કે જેનો આશય આરોગ્ય વિદ્યા, વંશરક્ષાના સુનિયમોનાં જ્ઞાન, સુસંપ વિદ્યા તેમ જ સૌંદર્યવિદ્યાની વૃદ્ધિનો હતો, તેનો પણ લોપ થવાથી આપણે ક્ષીણતા, દીનતા, અસુંદરતાને પ્રાપ્ત થયા છીએ. જ્યારે પિતૃયજ્ઞભાવિક અન્ય દેશની પ્રજાઓ તેમના પ્રીતિ પ્રાસાદથી આબાદી, ઐકયતા, વૈભવ, સુંદરતાનો વધારો પ્રાપ્ત કરે છે. એ રીતે ફરી જણાવવું જોઇએ કે આપણે આર્યો પુરૂષ અને પ્રકૃતિ કે જે સૃષ્ટિ પ્રક્રિયાશાલી એક જ શક્તિનાં બે અંગો છે, તેનાં જ્ઞાનારાધનરૂપ ધર્મથી જેટલે અંશે બહિર્મુખ થયા છીએ, તેટલી જ અધોગતિમાં આવી પડ્યા છીએ. એટલે કે પરા વિદ્યા તથા અપરા વિદ્યાનું અનુશીલન યથાયોગ્ય

થતું નથી અને તે પ્રમાણે આપણી ગિરિનારાયણ બ્રાહ્મણ જ્ઞાતની પણ, તેવી જ સ્થિતિ થઇ છે. અને તેથી આપણી વર્તમાનસ્થિતિ ઘણે અંશે નાના પ્રકારના કુવ્યવહારો, તથા અશિષ્ટાચારથી અધોગતિવાળી થઇ છે કે જેનું કારણ ઉપર્યુક્ત અજ્ઞાન તથા સત્ય ધર્માચરણનો લોપ એ છે, માટે જરૂરનું છે કે આપણે પુનરપિ વિશેષ વિદ્યાવાન્ અને ધર્મપરાયણ થવાની તજવીજ કરવા જોઇએ.

કેવી કેવી રીતોના કુવ્યવહારો તથા અજ્ઞાનતા આપણામાં પ્રચાર પામી રહેલ છે, તે તથા આપણી અધોગતિનું સવિસ્તર ચિત્ર ચિતરવું પાછલ રાખી તે સંબંધી વિશેષ ઉન્નતિ શી રીતે પ્રાપ્ત કરવી તેનો વિચાર કરવા પહેલાં

હાલનો કાળ તથા સાધનોની અનુકૂલતા

એ માટેનો વિચાર પ્રથમ કરવો ઠીક જણાય છે. આ બાબતમાં એટલે ઉન્નતિ સાધવા માટે જો કે વૃત્તિની તીવ્રતા એ જ વિશેષ સિદ્ધિદાયક છે તો પણ ખાસ કરીને હાલનો પ્રચલિત કાળ પણ તે માટે બહુ જ અનુકૂલતાવાળો છે. રાજ્યનીતિકુશલ અંગ્રેજ સરકારનો સુલેહ શાંતિવાળો રાજ્યઅમલ આપણા પર છે. વસુધૈવ કુટુમ્બકમ્ અને આત્મવત્ સર્વ ભૂતેષુ આ આપણો આર્યાવર્ત્તીય સ્વર્ગીય ઉચ્ચ મનોભાવ, તેને જો કર્મ સિદ્ધિમાં ફરી આણવા માગતા હોઇએ તો તે વખત હાલનો છે. ભૂગોળપરના સુધારાના પ્રભાવથી સાધનોની એટલી બધી સુગમતા થઇ પડી છે કે પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધીની ખબર ટેલેગ્રાફી આપી રહી છે, તેથી આગળ વધી વાયરલેસ ટેલીગ્રાફી ભૂપૃષ્ઠ તેમ જ સાગરપૃષ્ઠપર એક છેડાપરથી બીજા છેડા સુધીની ખબર ક્ષણે ક્ષણે આપી દેવા માટેનું બીડું ઉઠાવી તૈયાર થયેલ છે. રેલવે તથા સ્ટીમરો દ્વારા થોડા દિવસોમાં પૃથ્વી પર્યટન કરી વિશ્વદર્શન લાભ કરી શકાય છે. ફોટોગ્રાફી દ્વારા પૃથ્વીના તથા સૃષ્ટિના ઘણાંખરા તમામ ભાગોના દેખાવો જોઇ શકાય છે. ભૂપૃષ્ઠપર તેમ જ ભૂસ્તરમાં સમુદ્રપૃષ્ઠપર તેમ જ સમુદ્ર અંતરમાં તેમ જ ગગનમંડળમાંના સૂર્યચંદ્રાદિ ગ્રહો, ઉપગ્રહો સમસ્તનું દર્શન નાના પ્રકારના સૂક્ષ્મદર્શક યંત્રો તથા દૂરબીનો વડે કરી શકાય છે. પૃથ્વીપરનાં મહાન રાજ્યોની એકત્ર કોન્ફરન્સ સુલેહ વિગ્રહો આદિના વિચારો માટે સ્થાપિત કરવામાં આવી છે. સંસારના મહાન ધર્મ સંપ્રદાયોની કોન્ફરન્સ પણ ભરવામાં આવી ગઇ છે. સંસારમાંની સમસ્ત માનવ જાતિ સંશોધિત સર્વે વિદ્યાકલાનું જ્ઞાન એકત્રિત થઈ છાપાઓ, પુસ્તકો આદિ રૂપે વિશ્વવિદ્યાલયોમાં, મ્યુઝીયમોમાં જાણી શીખી શકાય છે, તેમ જ પ્રદર્શનોમાં

નાના પ્રકારની શોધખોળોના નમુનાઓ, તદાકાર રૂપ જોઇ શકાય છે. જ્ઞાનબળે માનવજાતિઓએ પોતાની જ્ઞાનેંદ્રિયો તથા કર્મેન્દ્રિયોનું સામર્થ્ય તથા કૌશલ્ય, એટલું બધું વિસ્તાર કર્યું છે કે જેના વડે તે પરમેશ્વર્યનાં સ્થૂલ વિરાટ તેમજ સૂક્ષ્મ વિરાટનું દર્શન કરવા શક્તિમાન થવાય છે. રાજ્યસુધારણાર્થ કોન્ગ્રેસો સ્થાપિત છે. સંસાર વ્યવહાર સુધારણાર્થ કોન્ફરન્સો સ્થાપિત છે, નાના પ્રકારના સુધારાર્થી પુરૂષમંડળો અને સ્ત્રીમંડળો ગોઠવાયલાં છે. વ્યક્તિવિશેષ પોતાનાં જ્ઞાનની યોગ્યતાથી ઇલાકાના ગવર્નરની કૌન્સીલમાં અથવા ગવર્નર જનરલની ધારાસભામાં અને તેથી આગળ વધી કહેવા ઘો કે પ્રજાસત્તાક રાજ્યોમાં પ્રેસીડંટ સુદ્ધાંનું પણ પદ પામવા હકદાર થઇ શકે છે. અદ્વૈતભાવ વિસ્તૃત થયો છે. હિંદુસ્તાનના એક ગામડામાં અથવા દક્ષિણ આફ્રિકાના એક નાના ગામમાં જે અન્યાય્ય કૃત્ય થાય છે, તેની ચર્ચા ઠેઠ લંડનની પાર્લામેન્ટમાં થાય છે અને જો તે વાતને તેથી પણ વધુ અગત્યતા આપવામાં આવે તો તે આખી દુનિયાના બધા ભાગમાં પેપરો દ્વારાએ તેની ચર્ચા પ્રસરી શકે છે ઇત્યાદિ ઇત્યાદિ. તેમજ આપણા હિંદુસ્તાનમાં પણ જ્ઞાનોપાર્જન કરવાની સંસ્થાઓ રાજકીય તથા પ્રજાકીય પ્રયત્નથી સ્થાપવામાં આવેલી છે, જેનો લાભ પણ કેટલેક અંશે લેવાય છે. પ્રાથમિક શિક્ષણની શાળાઓ, વર્નાક્યુલર સ્કૂલો, હાઇસ્કૂલો તથા કૉલેજો સ્થાપિત છે. તેમાં અભેદબુદ્ધિનું યુનીવરસલ કેટલીક વિદ્યાઓનું શિક્ષણ આપવાની યોજના છે. અને સરકારે તેની વ્યવસ્થા માટે દરેક ઇલાકામાં યુનીવરસીટીની સ્થાપના કરી છે ખાનગી સાહસથી તેમજ શ્રીમંત પરોપકારીઓ તરફથી પણ કેટલીક સંસ્થાઓ પ્રચલિત છે. સનાતન સંપ્રદાયો તેમજ આર્યસમાજવાળાઓ તરફથી યત્નપૂર્વક ગુરૂકુલો સ્થાપિત થયાં છે. માટે વખત અને સાધનોની આટલી બધી અનુકૂલતા છે, ત્યારે તેવા પ્રગતિના વખતમાં આપણે ગિરનારાયણ બ્રાહ્મણ જ્ઞાતિએ શું કામ પોતાની વિશેષ પ્રગતિ માટે દરકાર ન કરવી ?

આપણી જ્ઞાતિનો સમાજ જો કે ઘણો નાનો છે છતાં, એવો પણ એક નિયમ છે કે એકજ વ્યક્તિ વિશેષ પણ સંકલ્પની દૃઢતાપૂર્વક કર્તવ્યપરાયણ થાય તો તે પૃથ્વીના સમસ્ત જનસમાજના અંતરપર્યંત સાર્વજનિક હિતભાવોની જાગૃતિ કરાવી શકે છે. જેમ આજ પર્યંતના મહાત્માઓના સંબંધમાં બનેલું છે. તો પછી એક જ્ઞાતીય ઉન્નતિનો પ્રયાસ એ કાંઇ થોડું ઉપકારકત્વ નથી. જ્યારે માનવજાતિ સમસ્ત ઐક્યના સૂત્રમાં જોડાઇનેજ

પોતાની ચઢતી કરવા સમર્થ થયેલ છે, તો પછી સ્વજ્ઞાતીય મંડલીઓ તો વિશેષ નિકટ સંબંધથી સૂત્રિત છે, માટે તેમણે પોતાના જ્ઞાતીય શારીર, માનસ, વ્યવહાર, પારમાર્થિક આદિ પ્રગતિ સ્થિતિની ચિકિત્સક દૃષ્ટિથી પરીક્ષા કરી તેના દોષો નિર્મૂળ કરવા નિદાનોની યોજનાઓ કરવી જોઇએ. તેમાં મુખ્ય નિદાન ઉચ્ચ કેળવણીની વૃદ્ધિ એ છે.

કેળવણીનો ઉદ્દેશ અને કેળવણી કેવી હોવી જોઇએ ?

ઉપર આપણે સમયની અનુકૂલતા, તેમજ સાધનોની સગવડ સંબંધી જાણી ચુક્યા છીએ, તેમજ ઉચ્ચ કેળવણીની મુખ્ય જરૂર છે એ પણ ચોક્કસ થયું છે, માટે કેળવણીના ઉદ્દેશ અને તે કેવી હોવી જોઇએ તે સંબંધી થોડું સ્ફોટન કરવું ઠીક થઇ પડશે.

કેળવણીનો ઉદ્દેશ મનુષ્યને પોતાની શારીરિક તથા માનસિક શક્તિઓની ખીલવણી કરી તેના સદ્‌ઉપયોગપૂર્વક પોતા પ્રત્યેની અન્યો પ્રત્યેની અને પરમેશ્વર પ્રત્યેની તેની ફરજો શી છે તેનું સંપૂર્ણ જ્ઞાન આપવાની છે, એટલે સદ્‌વિચારવાન્ તેમજ સદાચારી બનાવવાની છે, શરીર અને મનનો એટલોબધો નિકટનો સંબંધ છે કે શરીર તંદુરસ્ત હોય તો તેટલી જ માનસિક શક્તિઓ પણ સતેજ રહે છે. અને શરીરની નિર્બલતાથી માનસિક શક્તિઓ પણ સુસ્ત રહે છે, તેમજ માનસિક ચિંતા આદિથી શરીર પણ સુસ્ત થઇ જાય છે. જે કેળવણીથી શરીર સુખાકારીમાં રહે અને મનોવૃત્તિઓ જેવી કે, દયા ભક્તિ, રાગ, દ્વેષ ઇત્યાદિ ઉત્કૃષ્ટ અને નિકૃષ્ટ પ્રવૃત્તિઓ તથા બુદ્ધિ વૃત્તિઓ સંસ્કારી થાય તેવી કેળવણી એજ ખરી કેળવણી કહેવાય. પરંતુ ઘણી વખત ખરી કેળવણીની ખામીથી કેવલબુદ્ધિ વૃદ્ધિવૃત્તિઓની ચાલના થાય છે, પરંતુ દયા વિગેરે ઉત્કૃષ્ટ પ્રવૃત્તિઓ તેમજ ભક્તિ વિગેરે ધર્મવૃત્તિઓનું અનુશીલન ન થવાથી ઘણાંઓ ભણેલાં હોવા છતાં ખરાબ ચરિત્રવાલાં થાય છે. એટલે કે તેમનામાં સદાચાર ન્યૂન હોય છે. આના કારણમાં મુખ્ય બાબત એ છે કે દરેક વ્યક્તિનો કેળવણીની શરૂઆતનો કાલ કાંઇ બાલ્યાવસ્થામાં તેને નિશાળે મુકવાના વખતથી જ આરંભ થાય છે એમ માનવાનું નથી, તેમજ નિશાળ જ કેળવણી પામવા માટેનું એકલું સ્થળ છે એમ પણ ગણવાનું નથી. કેળવણીની શરૂઆત માતાપિતાના સ્વભાવના સંસ્કારો લઇ જન્મતાંની સાથે જેવા જેવા વિષયોથી બધું ઘેરાઇ રહે છે, તે બધા સંયોગો તેની કેળવણીનાં કારણરૂપ થાય છે, માટે માતા કે જેના પર પ્રાથમિક બધી કળવણીનો વિશેષ આધાર છે તે માતા

તેમજ પિતા ઘણા જ સદ્ગુણી તથા સદ્વર્તનશાળી હોવા જોઇએ કે જેથી બાળકની કેળવણીનો પાયો સુદૃઢ થાય. તથા માતાપિતાનું સંતાનવાત્સલ્ય તેમજ સંતાનોની પિતૃભક્તિ દીપી નીકળે.

આ ઠેકાણે જુદી જુદી માનસિક વૃત્તિઓના સ્વભાવ તથા તેના ઉપયોગ, ગેરઉપયોગ સંબંધી થોડું વર્ણન કે જે કેળવણીના વિષયમાં અતિ ઉપયોગી છે તે લખવાનું અવશ્ય ધારીએ છીએ. મનસ્તત્વવેત્તાઓએ માનવ મનની મનોવૃત્તિઓનું જે વર્ણન કરેલું છે તે અમે "કેવી રીતે બાળકને મનનું શિક્ષણ આપવું?" એ નામની સ્વર્ગસ્થ સાક્ષર નારાયણ હેમચંદ્રની લખેલી એક ચોપડીપરથી ઉતારી લીધું છે.

મનુષ્યજાતિની જે મનોવૃત્તિઓ છે તેના મુખ્ય બે ભાગ ઠરાવ્યા છે. ૧ જ્ઞાન તથા ૨ ભાવ. આ ભાવવૃત્તિઓ બે ભાગમાં વહેંચાયલી છે. જેમ કે, ૧ નિકૃષ્ટ ભાવવૃત્તિઓ ૨ ઉત્કૃષ્ટ ભાવવૃત્તિઓ અને તેમનું વર્ણન હેઠળ પ્રમાણે આપેલું છે.

૧. (નિકૃષ્ટ પ્રવૃત્તિઓ.)

આ પંક્તિની મનોવૃત્તિઓનો ઉદ્દેશ સંસારના વિષયપર પ્રેમ, પોતાનો બચાવ કરવો, અને સ્વાર્થ સાધવો એ છે જેમ કે,

૧. **જીજીવિષાવૃત્તિ**—એટલે કે જીવવાની ઇચ્છા-બાલપણથી જ એ વૃત્તિ સંપૂર્ણ પ્રકારે ખીલે છે.

૨. **બુભુક્ષા**—એટલે ખાવા તથા પીવાની ઇચ્છા—મનુષ્યના જન્મથીજ એ વૃત્તિ પ્રબલ રહેલી હોય છે.

૩. **કામ**—એટલે સ્ત્રી પુરૂષમાં એક બીજાના સંસર્ગની ઇચ્છા—બાલ્યકાળમાં એ વૃત્તિ નિસ્તેજ રહેલી હોય છે.

૪. **અપત્યસ્નેહ**—એટલે પુત્ર સ્નેહ એ વૃત્તિ બાલ્યાવસ્થાથી જ સંપૂર્ણ હોવાને લીધે નાનાં બાળકો પણ પ્રાણીઓનાં બચ્ચાં જોઇને તેઓનાપર સ્નેહ પ્રકટ કરે છે અને છોકરીઓ ઢિંગલીઓ લઇને પુત્ર ભાવથી રમવામાં વધારે પ્રેમ રાખે છે.

૫. **આસંગલિપ્સા**—એટલે પોતાની જાતિની જોડે વસવાની ઇચ્છા આ વૃત્તિ મિત્રતા તથા સામાજીક અથવા સાંસારિક અનુરક્તિનું મૂળ સ્વરૂપ છે અને બાલ્યકાળથી તે પ્રકાશિત થાય છે.

૬. **પ્રતિવિધિત્સા**—એટલે સામે થવાની ઇચ્છા, કોઇ જાતના ઉત્પાત અથવા બીજા તરફથી ઘેરાવાથી છૂટું થવું. અને પોતાના વિષયને સાચવવો એ આવૃત્તિના લાયકનું કામ છે, તેમાં તેને લગાડવાથી મોટો લાભ થાય છે. પરંતુ તે વૃત્તિ અતિપ્રબળ થવાથી વિરોધ અથવા વિતંડા તથા લઢવાની પ્રવૃત્તિ ઉત્પન્ન થાય છે આ વૃત્તિની યથા યોગ્યતા માનસિક તથા શારીરિક વીર્યનાં કારણ સ્વરૂપ છે.

૭. **જીઘાંસા**—એટલે હનન અથવા હાનિ કરવાની ઇચ્છા. આ વૃત્તિ નાની ઉમરમાં લગભગ સતેજ હોય છે અને તે કેટલાંક છોકરાંના અંતઃકરણમાં એટલી તો પ્રબળ હોય છે કે તેઓ કેવળ રમકડાં તથા આસપાસની બીજી વસ્તુઓનો નાશ કરીને મુંગા બેસતાં નથી પણ પ્રાણીઓના ઉપર ઘાતકીપણું કરવામાં તથા પોતાના સોબતીઓને પણ પીડા કરવામાં સારૂં માને છે, આ વૃત્તિ રાગ, તથા દ્વેષનું મૂળ કારણ છે. ટુંકામાં શરીરની રક્ષા માટે જીવને મારવા, આ વૃત્તિનો ખરેખરો ઉદ્દેશ છે. જે માણસના મનમાં આ વૃત્તિ નિસ્તેજ અથવા દુર્બલ હોય છે તેનો સ્વભાવ ઘણો જ કોમલ તથા શાન્ત હોય છે તેથી તે સંસારનો નિર્વાહ કરવામાં લાયક થતો નથી, બચપણમાં પ્રતિવિધિત્સા તથા જીઘાંસા આ બે વૃત્તિની કેળવણીના ઉપર બાળકનું ભવિષ્યનું સુખ વધારે આધાર રાખે છે. ઉપર લખેલી બે વૃત્તિઓને યથા નિયમથી સંચાલિત કર્યાથી મનુષ્ય વીર્યવાન્ થાય છે અને તેના મનમાં કોઇ વિષયની ફરજ એકીવારે નક્કી થવાથી તે તરત પૂરી કરવાને તૈયાર થાય છે, પણ એ બે વૃત્તિ વધારે તેજવાન થવાથી ક્રોધ, દ્વેષ, ઘાતકીપણું અને લઢાઇ ઉત્પન્ન કરાવે છે.

૮. **નિર્મિત્સા**—એટલે કાંઇ બનાવવાની ઇચ્છા. આ વૃત્તિથી માણસ નાના પ્રકારની વસ્તુ બનાવવાને શક્તિમાન્ થાય છે. અને કારીગરો નાના પ્રકારની કારીગરીની ઉપયોગી સુખદાયક વસ્તુઓ નિર્માણ કરે છે. જે છોકરાંઓમાં આ વૃત્તિ પ્રબળ હોય છે તે ઘણી સારી રીતે તથા સ્પષ્ટપણે વહાણ ચિકણી માટીનાં રમકડાં પુતળાં બનાવે છે અને પેન્સીલ, પીછી ઇત્યાદિ લઇને નાના પ્રકારનાં શિલ્પ કાર્ય કરવાને સમર્થ થાય છે. વલી જે બાળકની આ વૃત્તિ દુર્બળ હોય છે તે ઉપર લખેલી કારીગરીની ઉપયોગી વસ્તુ વાપરવામાં પણ કુશળ હોતાં નથી, માટે જે કામમાં મહેનત કરવાથી શરીર અને મન ચાલતા થઇ

શકે તે કામમાં છોકરાંને લગાડવાથી આ પ્રવૃત્તિ યથાયોગ્ય રીતે ખીલ્યાથી મોટો ઉપકાર થાય છે.

૯. **અર્જનસ્પૃહા**—એટલે કમાવાની ઇચ્છા. આ વૃત્તિ મનુષ્યને પરિણામ દર્શિતા અર્થાત્ ભવિષ્યનાં દુઃખ દૂર કરવાનો ઉપાય કરવાના વિષય-માં મોટો લાભ કરે છે, પરંતુ એની પ્રબળતા થવાથી ઘણો જ સ્વાર્થી તથા સર્વદા પોતાનું મેળવવા ઉપર જ મંડયો હોય છે. એ વૃત્તિથી બાળકને જે કંઇ મળે છે તે લઇને એકઠું કરે છે.

૧૦. **જુગોપિષા**—એટલે છુપાવવાની ઇચ્છા. આ વૃત્તિ યથાનિયમ સંચા-લિત થયાથી મનુષ્યના ચરિત્રના વિષયમાં ઘણો લાભ થાય છે પરંતુ તેનું અતિપણું થવાથી શઠ, મિથ્યાવાદી તથા પ્રવંચક થાય છે. જ્યાં સુધી કોઇ કાર્ય કરવું અથવા વાકય કહેવું, ઉચિત છે કે નહી એવું બુદ્ધિવૃત્તિથી નકી ન થાય ત્યાં સુધી તેમ કરવામાં અથવા તે વાકય કહેવામાં મનાઇ કરવી એ આવૃત્તિના લાયક કામ છે. એ વૃત્તિને નિયમમાં રાખવા માટે બચ્ચાંના માબાપોએ બુદ્ધિકૌશલ્ય તથા સદ્‌વિવેચના કરવી જોઇએ.

૧૧. **આત્માદર**—એટલે એ વૃત્તિ પોતાનું ગૌરવ સાચવવા માટે કામમાં આવે છે, પરંતુ તે અતિ થવાથી અહંકાર, દાંભિકપણું ઉત્પન્ન કરે છે. કેટલાંક બાલકોમાં એ વૃત્તિ ઘણી જ દુર્બળ હોય છે માટે તેને ઉત્સાહિત કરવી જોઇએ.

૧૨. **લોકાનુરાગપ્રિયતા**—એટલે લોકોની તરફથી પ્રશંસા અને તારીફ મેળવવાની ઇચ્છા, એની સાંસારિક કાર્યમાં વિશેષ ચાલના થવાથી બીજી વૃત્તિઓનાં કરતાં એ પ્રબળ સહેજમાં થઇ જાય છે. એ યથાયોગ્ય સંચાલિત થયાથી લોકોની પાસે ખરેખરા પ્રશંસાપાત્ર થવાય છે, પરંતુ ઘણી વધારે થવાથી આત્મશ્લાઘા તથા પ્રખ્યાતિ મેળવવા માટેની મોટી ઇચ્છા ઉત્પન્ન થાય છે. અને તે માટે અયોગ્ય ઉપાય પણ પકડે છે. વિદ્યાલયોમાં, કે ઘરમાં બાળકોમાં એ વૃત્તિનું અધિકપણું જોવામાં આવે છે. વિદ્યામંદિરમાં પ્રખ્યાતિ મેળવવા માટે બાળકો સહસાથી મહેનત કરે છે. અને ઘરમાં માણસોની આગળથી પોશાક, શરીરની સુંદરતા, ચતુરતા અને સદ્‌ગુણો ઇત્યાદિ વિષયોમાં પ્રશંસા પામવાથી ગર્વિત થાય છે. એ વૃત્તિનું અતિ પ્રબળ

પણું થવાથી એવું પરિણામ આવે છે કે કોઇ કામ કરવું સારૂં છે કે જરૂરની ફરજ છે તેનો વિચાર કર્યા વગર શું કરવાથી લોકો પ્રશંસા કરશે તે જ કરવામાં યત્નવાન્ થાય છે.

૧૩. સાવધાનતા—એટલે સાવચેતપણું. આ વૃત્તિ પરિણામદર્શિતાનું મૂળ સ્વરૂપ છે. એનાથી કાંઇ કાર્ય કરવાની અગાઉ ફલાફલનો વિચાર કરીને સાવચેત થવાય છે. આ વૃત્તિ પ્રબળ થવાથી સર્વ કાર્યમા સંદેહ તથા નાહિમ્મત અથવા ઘણો જ ડર ઉત્પન્ન થાય છે, એ દુર્બળ થવાથી બીજી વૃત્તિઓનું યથાયોગ્ય શાસન થતું નથી, તેથી જ્ઞાનશૂન્ય થઇને કામ કરવામાં પ્રવૃત્તિ થાય છે કે જે હાનિકર્તા થઇ પડે છે માટે તેની યથાયોગ્યપણે ચાલના થવી જોઇએ. આ વૃત્તિ બાલકાળથી જ સ્પષ્ટપણે વિકાસ પામે છે.

૨. (ઉત્કૃષ્ટ વૃત્તિઓ.

ઉત્કૃષ્ટ વૃત્તિઓનું કામ સંપૂર્ણ રીતિએ નિઃસ્વાર્થ છે, એટલે સ્વાર્થ સાધવો એ તેનો મુખ્ય ઉદ્દેશ નથી. જેમ કે—

૧. ઉપચિકીર્ષા વૃત્તિ—એટલે જીવનું ભલું કરવાની ઇચ્છા. પારકાનું શુભેચ્છક થવું તથા પારકાનું દુઃખ જોઇને દયા કરવી એ આ વૃત્તિનું કામ છે.

૨. ન્યાયપરતા વૃત્તિ—એટલે ખરેખરૂં જ્ઞાન. આ વૃત્તિ સત્યનું મૂળ છે. માણુસ એક બીજાની જોડે લડવાથી ફેસલો કરવો અથવા સ્વાભાવિક સંસ્કારથી કર્ત્તવ્યાકર્ત્તવ્યનું જ્ઞાન થવાથી નિશંક ભાવથી જાહેર કરવું, એ આ વૃત્તિનું કામ છે. સઘળા માણુસોને પોતાના પ્રમાણે સમજવા આ પ્રસિદ્ધ પરમધર્મ તે પણ આ વૃત્તિથી જણાય છે. બાલ્યકાળે આ વૃત્તિ સતેજ રહે છે, પરંતુ જો માબાપના અજ્ઞાનપણાથી બાળક તેમને ન્યાયવિરૂદ્ધ કામ કરતાં જોય છે, તો યૌવનાવસ્થાની પહેલાં આ વૃત્તિની તીક્ષ્ણતા ઓછી થઇ જાય છે અને તેને માટે સર્વ પ્રકારના વ્યાપારમાં પ્રપંચના અને ચાતુરીનો પ્રાદુર્ભાવ જોવામાં આવે છે એટલા માટે ગૃહસ્થાશ્રમી અને સામાજીક વ્યાપારમાં બીજી વૃત્તિઓના કરતાં આ વૃત્તિની કેળવણી આપવી એ ઘણું જરૂરનું છે.

૩. **ભક્તિ**—આ વૃત્તિના ઉપદેશ પ્રમાણે આપણે મોટા તથા ઉત્તમ ગુ-ણુવાળા માણુસના ઉપર શ્રદ્ધા કરીએ છીએ, અને આપણા મનમાં જે સન્માનઆજ્ઞાકારિતા અને ઉપાસનાના ભાવો ઉદય થાય છે એ તેનું મૂલ કારણ છે. પરમેશ્વર આ વૃત્તિનો સર્વ શ્રેષ્ઠ અને પવિત્ર વિષય થયો છે પરંતુ એ ખોટે રસ્તે ગયાથી મોટી પદવીના માણુસોની, કાલ્પનિક દેવતાઓની અથવા ભયંકર નિર્જીવ પદાર્થોની પૂજા કરવામાં પ્રવૃત્તિ ઉત્પન્ન કરે છે. આ વૃત્તિને લીધે જ વૃદ્ધો, શ્રેષ્ઠ રાજાઓ અથવા ગુણી માણુસોને જોઇને સન્માન આપવાની આપણી ઇચ્છા થાય છે. ટુંકામાં એ વૃત્તિનું પરમમંગલકર કાર્ય એ છે કે સદુપાયથી આપણી અવસ્થાની ચઢતી કરવી જોઇએ એવો દૃઢ નિશ્ચય કરીને આપણે તેમાં વિવાદ પડયાથી તે અસંકોચે સહન કરીને પરમેશ્વરની આજ્ઞા પાળવી.

આ ત્રણ ઉત્કૃષ્ટ પ્રવૃત્તિઓનું વિશેષ નામ ધર્મપ્રવૃત્તિઓ છે.

૪. **આશા**—આ વૃત્તિ આપણા મનમાં ભવિષ્ય સુખની આશા ઉત્પન્ન કરીને હાલનાં દુઃખ ઓછાં જણાવે છે અને કાર્યાનુષ્ઠાનમાં ઉત્સાહ આપે છે. પરંતુ આ વૃત્તિ સુશાસિત નહી થયાથી એકદમ અસંભવ વિષયમાં પણ વિશ્વાસ ઉત્પન્ન થાય છે, અને કોઇ કાર્યમાં યુક્તિ-સિદ્ધ તથા યથાયોગ્ય ઉપાય ન પકડતાં પણ શુભ ફળની આશા રખાય છે. તેમ બને એ યોગ્ય નથી.

૫. **આશ્ચર્ય.**—અદ્‌ભુત વિષયમાં પ્રેમ. બાળકોમાં આ વૃત્તિ ઘણીજ પ્રબળ હોય છે, એ વાસ્તે તેઓ સર્વદા અદ્‌ભુત અને નવી વસ્તુ જોવાને આતુર થાય છે અને તે સંબંધી સઘળા વિષયો જાણવામાં આશ્ચર્યપણું દેખાડે છે. આ વૃત્તિ વધારે હોવાથી ભૂતાદિની વાર્તા, રૂપા તથા અસાધારણ વિષય સાંભળવામાં પ્રેમ ઉત્પન્ન થાય છે, અસંભવવિષયમાં પણ વિશ્વાસ ઉત્પન્ન થાય છે વળી તે સુશાસિત થવાથી, બુદ્ધિવૃત્તિની જલ્દીથી સ્ફૂર્તિ થાય છે, તથા ધર્મપ્રવૃત્તિની ઉન્નતિ થાય છે. પરંતુ ખોટા વિચારના માણુસોના મનમાં આ વૃત્તિ જુગોપિષાવૃત્તિને અનુગત થઇને ખોટું બોલવામાં તથા ખોટી કલ્પના-માં અનુરક્તિ ઉત્પન્ન કરે છે.

૬. **શોભાનુભાવકતા.**—એટલે મહત્ અને સુંદર વસ્તુપર ચાહ—આ વૃત્તિ કવિતા શક્તિનું મોટામાં મોટું કારણ છે. એને કેળવ્યાથી મનમાં

નિર્મળ પવિત્ર ભાવનો ઉદય થાય છે, બુદ્ધિવૃત્તિ અને ધર્મવૃત્તિની જોડે એ વૃત્તિની ચાલના થવાથી મોટો લાભ થાય છે.

૯. **અનુચિકીર્ષા.**—એટલે બીજાનાં કાર્યો જોઇને તે પ્રમાણે કરવાની ઇચ્છા (નકલ કરવી તે.) આ વૃત્તિ બાલ્યકાલથી ઘણી જ પ્રબળ હોય છે, તેમ જ સદાચાર અને વિદ્યા શિખવામાં એ વૃત્તિ ઘણી જ લાભકારક છે. બાળકો આ વૃત્તિના તાબે થઇ જે માણસોથી ઘેરાઇને રહે છે તેઓનાં વાક્ય, નિયમ, સ્વર, તથા આચરણનું અનુકરણ કરવામાં અતિશય લાગેલા હોય છે અને તેનાથી ઉપદેશગ્રહણ તથા અવસ્થાના યોગ્ય કાર્ય કરવાની શક્તિ વધે છે. આ વૃત્તિ વધારે હોય તો ઠઠ્ઠા, મશ્કરી, નકલ કરવામાં ચાહ ઉત્પન્ન થાય છે. બાળકમાત્ર આ વૃત્તિના તાબે થઇ જેમ જુએ છે તેમ તથા સાંભળે છે તેમ કરવામાં આતુર થાય છે. એ વાસ્તે માબાપોએ સાવચેત રહેવું જોઇએ કે તેની સાથે ખરાબ તથા મંદ ભાવવાળાં વાક્યો કે મુખના ચાળા અથવા આચાર પ્રકાશ ન કરે.

૮. **રસિકતા.**—આ વૃત્તિ પ્રકટ થઇને આખી ઉમર સુધી સતેજ રહે છે, એનાથી માણસોની જોડે વાતચીત કરવામાં ખુશી ઉત્પન્ન થાય છે. પરંતુ મહાન ગંભીર અથવા પવિત્ર વિષયના ઠઠ્ઠા કરવામાં એ વૃત્તિની ચાલના થવાથી મોટી ખરાબી ઉત્પન્ન થાય છે. ટુંકામાં ઉપલી વૃત્તિ યથાયોગ્યપણે વાપરવાથી બીજાના સામાન્ય દોષ સુધરે છે. દૂરદર્શિતા અને ખુશીની પણ વૃદ્ધિ થાય છે.

૯. **અધ્યવસાય.**—એટલે કામમાં મંડ્યા રહેવું. આ વૃત્તિથી સપ્રતિજ્ઞા અને સયત્ન થઇ તે કામ કરી શકીએ છીએ. આ વૃત્તિ નિસ્તેજ થયાથી પ્રતિજ્ઞાની સ્થિરતા તથા સ્વભાવની મજબુતી રહેતી નથી તેથી પોતાની ચડતી કરવામાં સમર્થ થઇ શકતા નથી. વળી તે વધારે થવાથી માણસો સ્વચ્છંદચારી થઇને સારે અથવા નઠારે માર્ગે દોડે છે. બાલ્યકાલથી આ વૃત્તિ સુશાસિત થયાથી મોટો ફાયદો થાય છે. અંગ્રેજ જાતિ, દૃઢ પરિશ્રમના ગુણથી પ્રખ્યાત છે તે તેમની એ વૃત્તિનું કારણ છે.

જે માનસિક વૃત્તિઓનું ઉપર વર્ણન કરવામાં આવ્યું છે તેનાથી જીવનરક્ષા, સુખસંભોગ, સાંસારિક તથા સામાજીક નિયમ બંધન, ધન સંચય, પોતાની માલકીપણાનો ઉદ્ધાર તથા સંરક્ષણ અને મનુષ્યો તથા પરમેશ્વર પ્રત્યેના કર્તવ્ય કર્મ કરવાં આ કાર્ય થાય છે.

જ્ઞાન–બુદ્ધિવૃત્તિઓ.

ઉપર લખેલો ભાવવૃત્તિઓ સિવાય બીજી કેટલીક વૃત્તિઓ છે કે જે જ્ઞાન વૃત્તિ–બુદ્ધિ વૃત્તિઓ કહેવાય છે. એ ત્રણ શ્રેણીમાં વ્હેંચાયલી છે.

૧. જે જે વૃત્તિથી બહારની વસ્તુની સત્તા, તથા ગુણ એટલે આકાર તથા વર્ણ જાણવામાં આવે તે પહેલી શ્રેણીમાંની છે.

૨. જે વૃત્તિઓથી વસ્તુઓનું સ્થાન, સંખ્યા તથા જાતિ વિષયનો એક-બીજાનો સંબંધ નિરૂપણ કરવામાં આવે તે બીજી શ્રેણીની છે.

૩. જેથી વિવેક એટલે કાર્યાકારણનું જ્ઞાન ઉત્પન્ન થાય તે ત્રીજી પંક્તિમાંની જાણવી.

પહેલી પંક્તિની બુદ્ધિ વૃત્તિઓ.

૧. **વ્યક્તિગ્રાહિતા.**—આ વૃત્તિથી બહારની વસ્તુની સત્તા જાણવામાં આવે છે. બાળકો આ વૃત્તિના ગુણથી સર્વદા પુછતા રહે છે, આ શું છે ? આવું જાણવાની ઇચ્છા ખરે અથવા ખોટે માર્ગે ચલાવ્યાથી શુભ અથવા અશુભ ફલ ઉત્પન્ન થઈ શકે છે, આ વૃત્તિથી જે જ્ઞાન તૃષ્ણા ઉત્પન્ન થાય છે, તેમાં નાના પ્રકારની વસ્તુ સર્વદા જોવાની ઇચ્છા થાય છે.

૨. **આકારાનુભાવકતા.**—આ વૃત્તિથી વસ્તુના આકારરૂપ તથા અવયવનું જ્ઞાન થાય છે. જે બાળકની આ વૃત્તિ પ્રબળ હોય છે તે કોઇ માણસનું મુખ એકવાર જોયાથી ફરી વગર હરકતે ઓળખી શકે છે. આ ભૂમંડળમાંની સર્વે વસ્તુ જ જ્યારે બાળકના આગળ નવી છે ત્યારે ઉપલી વૃત્તિ અતિલાભકારી છે, તેમાં સંદેહ નથી. પરંતુ કેટલાકોમાં એ શક્તિ એટલી થોડી હોય છે કે, પોતાનાં સગાં વ્હાલાંને પણ થોડા દિવસ નહીં જોયાથી એકદમ તેને ઓળખી શકતા નથી.

૩. **પરિમાણાનુભાવકતા.**—ગુરૂત્વાનુભાવકતા–અને **વર્ણાનુભાવકતા.**—આ ત્રણ વૃત્તિથી વસ્તુનું પરિણામ, ભાર, તથા વર્ણ જાણી શકાય છે, સર્વેમાં આ વૃત્તિઓ સરખી હોતી નથી, વધતી ઓછી જોવામાં આવે છે, પરંતુ યોગ્ય શિક્ષણથી તેની વૃદ્ધિ કરી શકાય છે.

બીજી પંક્તિની બુદ્ધિ વૃત્તિઓ.

૧. **સ્થાનાનુભાવકતા.**—આ વૃત્તિથી વસ્તુવિશેષનું અવસ્થાન જાણુવામાં આવે છે, અને એ ભૂગોળવૃત્તાંત જાણુવામાં, નકશા તૈયાર કરવામાં અને સ્થાનો તથા દેખાવો સ્મરણુ રાખવામાં વિશેષ ઉપયોગી છે. આ વૃત્તિથી દેશમાં મુસાફરી કરવાની પણુ ઇચ્છા વધે છે.

૨. **સંખ્યાનુભાવકતા.**—આ વૃત્તિથી વસ્તુની ગણુતરી કરવામાં આવે છે અને તેને ગણિતશાસ્ત્ર સાથે ઘણી જાતનો સંબંધ છે.

૩. **શૃંખલાનુભાવકતા:**—આ વૃત્તિથી વસ્તુઓને નિયમસર અને સ્વચ્છ તથા સુંદર પ્રકારે સજાવી રખાય છે.

૪. **ઘટનાનુભાવકતા:**—એની મદદથી બનાવોનું જ્ઞાન ઉત્પન્ન થાય છે અને વાર્તા એટલે નવલ કથા, ઇતિહાસ અને પરીક્ષાથી સિદ્ધ થયેલા વિષયો મનમાં એકત્રિત કરી શકાય છે.

૫. **કાલાનુભાવકતા:**—અને **સ્વરાનુભાવકતા.**—આ બે વૃત્તિઓથી ગાયન તથા વાદ્યના તાલ માન અને લયનું જ્ઞાન થાય છે અને કવિતાના છંદનો પણુ બોધ થાય છે.

૬. **ભાષાશક્તિ:**—આ વૃત્તિદ્વારા, મનના ભાવ તથા વાસનાઓ વાકયથી કહેવાય છે અને મનુષ્યની જોડે વાત કરવાની શકિત આવે છે.

ત્રીજી પંક્તિની બુદ્ધિવૃત્તિઓ.

૧. **ઉપમિતિ.**—આ વૃત્તિથી એક વસ્તુની જોડે બીજી વસ્તુની તુલના કરીને બંનેમાં જે સરખાપણું હોય છે તે માલૂમ પડે છે, અને રૂપક વર્ણુનમાં સુખ મળે છે. કોઇ ગહન વિષયની સમજણુ સુલભ રીતિએ આપવા માટે સ્પષ્ટ વિષયનાં ઉદાહરણુ આપીને અસ્પષ્ટ વિષયની તપાસ કરવાનો માર્ગ દેખાડવામાં એ વૃત્તિ બહુ ઉપયોગી છે. પરંતુ આ વૃત્તિ વધારે હોવાથી બે વસ્તુમાં ઘણી જુદાઇ હોવા છતાં પણુ તેમાં સરખાપણું જોવાય છે, એટલા માટે આ વૃત્તિને યથા નિયમમાં નહિ રાખ્યાથી ઘણાઓ અન્યાય્ય વિચાર તથા અનર્થક વાકવિતંડા કરે છે.

૨. **અનુમાન**—એટલે વિવેક શક્તિ—આ વૃત્તિથી કાર્ય કારણુનું નિરૂપણુ કરાય છે, અને તેનું જુદાપણું અનુમાન કરી શકાય છે. આ વૃત્તિની મદદથી ઘણી જાતના બનાવોનો, તાત્પર્યનો વિચાર કરીને એક સિદ્ધાંત

કરાય છે, એ સર્વે બુદ્ધિવૃત્તિઓમાં શ્રેષ્ઠ ગણાય છે, કારણ કે વિચક્ષણ તથા જ્ઞાની પુરૂષના સ્વાભાવિક લક્ષણ સ્વરૂપ થાય છે.

ઉપર જે તમામ મનોવૃત્તિઓનું વર્ણન કરવામાં આવ્યું છે તે સંબંધી શ્રમપૂર્વક અભ્યાસ કરવાથી તે અતિરસિક તથા આવશ્યક જણાયા વગર રહેશે નહી. જન મંડળનો આજ પર્યંતનો સુધારો અને તેનું સર્વ સાહિત્ય જેટલું વિસ્તાર પામેલું છે, તેનાં બીજ સ્વરૂપ ઉપર્યુક્ત મનોવૃત્તિઓ છે માટે તે કેળવણીથી જેટલી સંસ્કારિત થાય તેટલો તેની બાહ્યવિષયો સાથેના સંબંધમાં શુભ કર્તૃત્વશક્તિનો આધાર છે એટલે કે માનવહૃદયની નિકૃષ્ઠ મનોવૃત્તિઓની ચાલના, ધર્મવૃત્તિઓ તથા બુદ્ધિવૃત્તિઓના અનુમત થવી જોઇએ. તેમજ ઉત્કૃષ્ટ વૃત્તિઓ અને બુદ્ધિવૃત્તિઓની ચાલના પણ સત્યવિવેકાનુગત થવી જોઇએ, એ જ માનવોન્નતિનો ધર્મ પથ છે. આપણા આર્ય પૂર્વજોનો નિત્ય સ્મરણીય **ગાયત્રી મંત્ર** પ્રભુ પાસે સદ્‌બુદ્ધિ વૃદ્ધિ માટેની જ યાચના કરે છે કે જેમાં બીજી બધી વાંચ્છનીય ઉપેક્ષાઓ આવી જાય છે. એ રીતે મનોવૃત્તિઓનું વર્ણન સંક્ષિપ્તમાં લખી છેવટે જણાવીએ છીએ કે,

" કલ્યાણકારી શિવરૂપ આત્મતત્ત્વ જે ઉમાપતિ કહેતાં ઉર્મિયો અથવા ચિત્તવૃત્તિઓનો પતિ આત્મા વિશ્વલીલાની પ્રગતિ કરવા માટે ચિત્તવૃત્તિઓને કલ્યાણકારી શિવ માર્ગમાં યોજીને નિષિદ્ધ એવા અશ્રેયસ્કર માર્ગોમાંથી જીતકામ થઇ ઉન્નતિમાર્ગ, તે પુરૂષાર્થ સિદ્ધ યોગને સાધે છે. " આ રૂપક કેટલું રહસ્યમય તથા બોધક છે !

એ રીતે ઉન્નતિસાધના માટે કેળવણીની જરૂર છે, તે કેળવણી કેવી હોવી જોઇએ, તથા તેનો ઉદ્દેશ શું છે, વિગેરે સંબંધી વિચાર કર્યા બાદ થોડું વિવેચન આપણા પૂર્વજોની અસલ કેળવણી આપવાની રીતિ તેમજ હાલની યુરોપાદિ પ્રજાની કેળવણી આપવાની રીતિની શ્રેષ્ઠતા તથા સમાનતા જોતાં હાલની આપણી આર્યાવર્ત્તની કેળવણી પદ્ધતિમાં તેના સાથે સરખાવતાં કેટલીક ખામી તથા અસમાનતા સંબંધી વિચાર કરીશું.

અસલ આર્યાવર્ત્તમાં કેળવણી લેવા માટેનાં ગુરૂકુળો સ્થાપિત હતાં, કે જ્યાં યજ્ઞોપવીત સંસ્કાર પામી સર્વે શિષ્યવર્ગ બ્રહ્મચર્ય આશ્રમમાં સમાન ભાવથી રહી, સત્ત્વગુણી ગૃહસ્થ, બ્રાહ્મણ ગુરૂ અથવા જ્ઞાની વાન

પ્રસ્થ કે અખંડ બ્રહ્મચારી શિક્ષકો પાસે રહી વિદ્યાભ્યાસ કરતા હતા. આ ગુરૂકુળો તેમના માટે બોરડીંગો જેવાં હતાં, કેમકે શહેર તથા ગામથી દૂર બાગબગીચાવાલી શુદ્ધ હવા તથા જલાશય આદિના સગવડવાલી જગોએ તે સ્થાપવામાં આવતાં કે જેથી વિદ્યાર્થીઓની મનોવૃત્તિઓ સંસારના દૂષિત વિષયોથી વધારે સંસર્ગ પામતી ન હતી. વ્યાયામ, પ્રાણાયામ, સંધ્યાદિ ક્રિયાઓથી શરીર, મનની નિર્મળતામાં વિશેષતા પ્રાપ્ત થતી અને સંગચ્છ, સંવદ, સંચર, આદિ વેદાજ્ઞાઓનો રહસ્યપૂર્વક બોધ તેમને આપવામાં આવતો, તેમ જ બ્રાહ્મણક્ષત્રિયવૈશ્ય,કર્મોની નાના પ્રકારની વિદ્યાકળાઓનું અધ્યયન કરાવવામાં આવતું. વિશેષ એકાત્મતત્વનો બોધ આપી તેમનામાં સ્વદેશીઝમની જાગૃતિ કરવામાં આવતી, રજોગુણ પ્રધાન રાજ્ય વૈભવાપેક્ષી રાજ્યપુત્રો, તેમજ સત્વગુણ પ્રધાન, એકાત્મતત્વ જ્ઞાનાપેક્ષી તેમજ નિરપેક્ષી બ્રાહ્મણપુત્રો, તેમજ નાના પ્રકારના વિષયાપેક્ષી વૈશ્યપુત્રો એકત્રિત રહી વાંછનીય વિદ્યાવિષયક સંગીન જ્ઞાન પ્રાપ્ત કરી શકતા હતા.

એ બ્રહ્મચર્ય આશ્રમની સામાન્ય હદ પચીશ વર્ષ પર્યંતની હતી, છતાં છત્રીસ વર્ષ પર્યંત બ્રહ્મચર્ય પાલી વિદ્યાભ્યાસ કરનાર વિદ્યાર્થીને આદિત્ય એવું પદ મલતું હતું, અને અડતાલીશ વર્ષ પર્યંત બ્રહ્મચર્ય પાલી વિદ્યાભ્યાસ કરનાર વિદ્યાર્થીને રૂદ્રની પદવી આપવામાં આવતી હતી અને કેટલાક જેઓ અખંડ બ્રહ્મચર્યવ્રતપ્રતિજ્ઞ થઇ ફક્ત કલ્યાણકારિણી વિદ્યાનાજ વિલાસી રહેતા હતા, તેઓ પરમાત્મહિતચિંતક બ્રહ્મણ્ય પદને પામતા હતા.

આજે યુરોપ, અમેરીકા આદિ સુધરેલા દેશોમાં પણ શિક્ષણ માટેની ઘણી ખરી સંસ્થાઓ શહેરથી દૂર ગામડાઓમાં હોય છે અને તે બોરડીંગોજ હોય છે. રવિવારના દિવસોએ શિષ્યોને પોતાનાં માબાપોને મલવાની રજા મળે છે, સિવાયનો કાલ સંસ્થાઓના ઉપરીઓ તથા વ્યવસ્થાપકોની દેખરેખ હેઠળ શારીરિક અંગ કસરત અને વિદ્યાભ્યાસમાં નિયમિત ગુજારતાં તેમનાં બ્રહ્મચર્ય દ્દઢ રહેવામાં સુગમતા થાય છે અને જેથી શરીર અને મનોવૃત્તિ (બળ) મજબુત થાય છે. અમેરિકામાં તો હાલે ચાલીસ વર્ષ પર્યંત બ્રહ્મચર્યપાલનનો ક્રમ તે લોકોમાં આદરપૂર્વક સ્થાપિત થયો છે એમ વાંચવામાં આવ્યું છે, અને નાના પ્રકારનાં શિક્ષણ સાથે તેમનામાં સ્વદેશીઝમની જાગૃતિ કરાવવામાં આવે છે.

જ્યારે આર્યાવર્તમાં હાલે શિક્ષણ આપવાની ઘણી ખરી સંસ્થાઓ

ગામના કે શહેરના મધ્યમાં રહે છે, શિષ્યો ભણવા જવાના ટાઇમ સિવાય પાછાં પોતાના ઘર આગળ રહે છે કે જ્યાં તેમને નાના પ્રકારના સાંસારિક, શ્રૃંગારિક વિષયોના ચેપ કાચીવયમાં લાગવાનો સંભવ વધારે રહે છે કે જેથી તેમનાં બ્રહ્મચર્યની નબળાઇ થાય છે. જો કે કેટલીક સનાતનધર્મ સમાજો તથા આર્યસમાજ આદિ સંસ્થાઓએ ગુરૂકુળ સ્થાપના કરી બહુ ઉપકારક યોજના કરી છે, તેમજ કેટલીક જાતિવિશેષવાળાઓએ પણ બોર્ડિંગોની સ્થાપના કરી છે; પરંતુ સાધારણ વિદ્યાર્થી સમૂહ માટે તેવી વ્યવસ્થા નથી. એટલે શરીર તથા મનોબળની સમાન ઉંચ્ચ સ્થિતિનો અભ્યાસ ખાત્રીવાળો થઇ પડે છે, તેમજ ઉત્કૃષ્ટ પ્રવૃત્તિઓ તથા ધર્મવૃત્તિઓને વિશેષ રીતિએ કેળવવાના તત્ત્વની તેમાં કેટલીક ન્યૂનતા છે. માત્ર ભાષાજ્ઞાન, થોડું ગણિત, ભૂગોળ એ વિષયો પ્રાથમિક તેમજ હાઇસ્કૂલો પર્યંત હોવાથી શિષ્ય વર્ગમાં જે સંસ્કારો અજ્ઞાનમૂલક હોય છે તેની નિવૃત્તિ કોલેજો સુધીના અભ્યાસ કરવા છતાં પણ થતી નથી. એટલું તેમાં કેળવણીનાં યુનીવરસલ તત્વો તરફ ઓછું લક્ષ અપાય છે, જેનો પુરાવો કેળવણી ખાતાની ઘણા કાલથી સ્થાપના થઇ ચુકી છે, છતાં આજ લગણ પ્રજાકીય અસંસ્કૃત ભાવો તથા વિચારોનું હજુ વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે તે છે. તેમજ કેળવણી લીધેલાઓનું પણ પ્રમાણ સુધરેલા દેશોના જેટલું હજુ થયું નથી બલકે ઘણુંજ પછાત પ્રમાણ છે, તેમજ ઇગ્લાંડ આદિ ઠેકાણે વિદ્યાર્થીઓને કેળવણી લેવાની જેટલી સુગમતા છે તેટલી અત્રે નથી અને તેથી દેશમાં મહાન કર્મચારીઓ, શોધકો તેમજ લીડરોનું પ્રમાણ પણ લોકસંખ્યાના પ્રમાણમાં ઘણું કમતી છે. અમો આશા રાખીએ છીએ કે સરકાર ફરજીયાત કેળવણી દાખલ કરે તો વધારે ઉપકારક થાય, તેમજ પ્રજા પણ ખાનગી સાહસથી કેળવણીના પ્રચાર માટે સુધરેલા દેશો માફકની યોજનાઓ પ્રબળ પણે કરે કે જેથી યુનીવર્સલ ભાતૃભાવો તેમજ સ્વદેશીઝમની વૃદ્ધિ થાય. કર્મચારીઓ, સાયન્ટિસ્ટો અને નેતાઓનું પ્રમાણ વધે અને કેળવણીની સફલતા પ્રાપ્ત થાય, અને આપણે ગિરિનારાયણ બ્રાહ્મણોએ પણ તેમજ ઇચ્છા કોશેશ કરવી જોઇએ.

કેળવણીની સફલતા કયારે ગણાય ?

કેળવણીની સફલતા અમો તેને ગણીએ છીએ કે, જયારે હાલે અન્ય સુધરેલી પ્રજાઓ કેળવણીના પ્રતાપે જે સપાટીએ ઐહિક વગેરે ઉન્નતિના વિષયોમાં પહોંચી છે એટલે હુન્નર, કલાકૌશલ્ય, આરોગ્ય તથા

શરીરમનના શુભ વ્યવહાર સંપ વગેરે, તે સપાટીએ આપણે પણ પહોંચીએ તેટલાજ બલકે તેમનાથી વિશેષ પ્રવૃત્તિવાન્ થઇએ, જે વાંચ્છનીય સત્તા, જે જ્ઞાન જે કર્તૃત્વ શક્તિ તેમનામાં છે તેથી આપણામાં અધિક થાય, જે શોધક આદિ મનોવૃત્તિઓએ તેમને જેટલા અધિકારી બનાવ્યા છે તેથી અધિક આપણે બનીએ, અને સત્ય સાર્વજનિક હિત ભાવો દરેક વ્યવહારમાં અગ્રસ્થાને બિરાજમાન થાય, સ્ત્રીવર્ગ, તેમજ પુરૂષ વર્ગ કેળવાયલો હોઇ સંસાર યથા વિધિએ સુખરૂપ થાય, જનસમાજમાં સાત્વિક હરીફાઇ કરી કેળવણીનાં પ્રતાપથી અગ્રસ્થાને આવી શકાય અને એ રીતે આપણી ગિરિનારાયણ બ્રાહ્મણ જ્ઞાતિના કુવ્યવહાર સંબંધમાં પણ ઉન્નતિ પ્રાપ્ત થાય.

કુવ્યવહાર.

હવે અમો જ્ઞાતિમાં ચાલતા કેટલાક કુવ્યવહારો કે જે મુખ્ય કરીને તેની અધોગતિનાં મૂળરૂપ છે તે વિશે થોડું વર્ણન કરીએ છીએ કે જેથી સુધારણાના યોગ્ય પ્રયત્ન પૂર્વક શાસ્ત્રીય વિધિના નિયમો સ્થાપિત થઇ નિષિદ્ધ નિયમોનો પ્રચાર ચાલે છે તે બંધ પડે એમ ઇચ્છીએ છીએ.

માબાપોની ફરજ છે કે પોતે શુદ્ધ ચારિત્ર્યવાન્ રહી તેમણે પોતાના સંતાનોને શારીરિક, નૈતિક, વ્યાવહારિક, ધાર્મિક તથા આર્થિક ઉચ્ચ શિક્ષણો આપી અપાવી તેમને મનુષ્ય બનાવવા જોઇએ, પરંતુ તેને માટે જોઇએ તેટલી દરકાર નહિ રાખતાં. "**माता वैरी पिता शत्रुः येन बालो न पाठ्यते.**" આ સૂત્ર પ્રમાણે શત્રુતાનો અર્થ સારે છે, ત્યારે અમારે અફસોસ સાથે કહેવું પડે છે કે અરે તેથી પણ વિશેષ ખરાબી પોતાનાં સંતાનોને બાળ સગાઇ, બાળ લગ્ન, કન્યાવિક્રય, સામસામા, વૃદ્ધલગ્ન, અતિલગ્ન, આદિ અધમ વ્યવહારોના ભોગ બનાવે છે તેથી થાય છે. ઉપર્યુક્ત વ્યવહારો શું શાસ્ત્રવિરૂદ્ધ નથી ? ઉચ્ચ જ્ઞાતિઓને શું કદી છાજતા છે ? આથી જે કુફુલ ફૂલે છે તેથી ઉત્તરોત્તર કેટલો બધી અવનતિએ પહોંચાય છે એ ખરેખર વિચારવા જેવું છે. આથી અમો કોઇ પણ વ્યક્તિપર અંગત દોષારોપણ કરવા માંગતા નથી પરંતુ સામાન્યપણે ફકત એ કુવ્યવહારોની અયોગ્યતા સંબંધી ટુંક વર્ણન કરીએ છીએ.

બાળસગાઇઓ—વૈદકશાસ્ત્રના નિયમ પ્રમાણે બાલ્યાવસ્થા, એ કાલ શારીરિક તથા માનસિક શકિતઓ પકવ થવાની છે, ત્યારે તદ્દન નાનપણમાં એટલે અમુક માસની અને પાંચ સાત વરસની નાની વયમાં છોકરા, છોકરીઓની સગાઇ સંબંધ બાંધવામાં આવે છે, આથી છોકરાંઓની

વૃત્તિમાં અકાળે અનુચિત શૃંગારી ભાવોનું સિંચન થવા માંડે છે જેથી બચપણથી જ તે વૃત્તિઓ નાના પ્રકારનાં શૃંગારી વ્યવહારોનાં શ્રવણદર્શનથી ઉશ્કેરણી પામતાં અયોગ્યકાળે પકવ થઇ જવા જેવી થઇ પડે છે અને જેમ વગર મોસમનાં ફળમાં મીઠાશ હોતી નથી તેમ જીંદગીનો મિષ્ટ રસ "વીર્ય" જોઇએ તેટલું પરિપક્વ થતું નથી.

નાનપણમાં કરેલી સગાઇઓથી પરસ્પર ના કરવા જોઇતા વ્યવહારોમાં પણ નિરર્થક ખર્ચ કરવો પડે છે.

નાનપણમાં બચ્ચાંઓપર નાના પ્રકારના શીળી આદિ રોગો આવે છે જેથી તે વયે તેનું મરણ પ્રમાણ વધારે હોય છે જેથી કેટલીક વખતે અકુદરતી રીતે વાગ્દાન સંબંધ બાંધવામાં આવ્યો હોય છે તે કુદરતના હાથે તુટી જવાનો પણ બનાવ બની જાય છે. જેથી આવા અવિધેય સંબંધ બંને પક્ષને ઘણી રીતે દુઃખકર નીવડે છે.

વલી બાલકોનાં મન જે કાળે **વિદ્યાભ્યાસ** પર સ્થિર રહેવા જરૂર છે તે વખતે તેમની સગાઇઓ કરવાથી તેમનામાં માનસિક આંદોલનો વિદ્યાભ્યાસપર સ્થિર નહી રહેતાં વરવહુના વિષયમાં વિકારી ભાવના થયેલાં હોય છે, જેથી વિદ્યાભ્યાસ પૂર્ણપણે થતો નથી.

ભોગજોગે છોકરો કે છોકરી બંનેમાંથી એક આગળ જતાં કાંઇ ખોટ ખાંપણવાલું નીકળે, રોગિષ્ઠ, દુર્ગુણી કે નહીં પસંદ કરવાજોગ ખામીવાલું નીકલે તોપણ લાકડે માંકડું જે વળગાડી દેવામાં આવ્યું હોય છે કે જેને વાગ્દાન સંબંધ કહે છે તે રદ કરવું, કેટલાંક કારણોસર બહુ જ અડચણવાલું થઇ પડવાથી તેવું ને તેવું ચલાવી લેવાની ફરજ પડે છે કે જે હમેશ માટે દુઃખરૂપ પડવાના કારણભૂત થાય છે. શું પૂર્વના આર્યોમાં આ રીત હતી કદી નહી. અને હાલની સુધરેલી નીતિઓ તેમજ અન્ય કેટલીક સમજદાર જાતિઓમાં પણ તેવો રિવાજ છે? એવો રિવાજ શું કામ આદર પામવો જોઇએ?

બાળલગ્નો—વૈદ્યકશાસ્ત્રમાં પુરૂષ વીર્ય (૨૫) વર્ષે અને સ્ત્રી વીર્ય ૧૬ વર્ષે પકવ દશાને પામવાનું લખે છે. જ્યારે આજના જમાનામાં જ્ઞાતિમાં ઘણીજ નાની વયે છોકરા છોકરીઓનાં લગ્નો કરી દેવાનો રીવાજ પડયો છે. અજ્ઞાનતા અને ચોક્કસ કારણો સર કેટલાક વખતથી ચાલતી આવેલી આ રીત રૂઢિનું રૂપ પકડી, તેના સજ્જડ સંસ્કાર એવા તો દઢ થઇ ગયા છે કે માબાપો પોતાનાં સંતાનોની બાળ સગાઇઓ અને બાળલગ્નો કરવાં એ જાણે

પોતે મોટા લ્હાવો લેતાં હોય, મોટી ફરજ અદા કરતાં હોય તેમ સમજે છે. કેમ જાણે તેમાં જ તેમની બધી કૃતાર્થતા હોય. અસલી આર્યોમાં જુના વખતમાં લગ્ન કરવાનો રિવાજ શાસ્ત્રીય રીતિપૂર્વક, વરવધૂનાં લક્ષણોની પરીક્ષા તથા કેટલીક વખત સ્વયંવર રીતિએ અને માબાપો તેમ જ પરણતાં જોડાંની પણ સમજણ, સંમતિપૂર્વકનો હતો, તેથી જણાય છે કે તે વખતે નાની વયે લગ્નો નહીં થતાં હતાં. વળી વૈદકશાસ્ત્રધર્મશાસ્ત્રાનુસારે આજે પણ આપણે સમજી શકીએ છીએ કે સ્ત્રી પુરૂષનો પરસ્પર આખી જીંદગી પર્યંત બંધાઇ રહેવાનો અગત્યનો સંબંધ કે જે પર તેમનાં બધાં સુખોનો આધાર રહેનાર છે, વળી જે સંબંધ બંધાયા પછી આર્યોક્ત ઉચ્ચ શ્રેષ્ઠભાવના પ્રમાણે તો આ લોક જ નહિ પણ પરલોક લગણ પણ જે તુટતો નથી, તેવો ઉત્તમ પ્રેમ, ઉત્તમ મનોભાવ, ઉત્તમ પ્રતિજ્ઞાપૂર્વકનો ધર્મ, આજ્ઞાપૂર્વક ધાર્મિક ફરજ બજાવા માટે જ બંધાતો સંબંધ તે તેના રહસ્યની યત્કિંચિત પણ માહીતી વગરનાં છોકરાંછોકરીઓવચ્ચે માબાપો તરફથી વગર વિચારે બાંધી દેવાય એ કેટલું બધું વિરૂદ્ધ છે ? આપણા આર્ય પૂર્વજોનો દરેક કાર્ય પહેલાં તેના માટેનો શુભ સંકલ્પનો રીવાજ છે તે શું લુપ્ત નથી થઇ ગયો ? દરેક કર્મના યોગ્ય વિધિના જ્ઞાન વગર વિધાતા બની તમો કોઇ બીજી વિધાતાનો જે દોષ કહાડો છો તે શું વ્યાજબી છે ? ખરેખર તો કર્મના જે યોજક હોય છે તેઓ જ તે કર્મના વિધાતારૂપ છે, અને યોજનાની ખામીરૂપ દોષો યોજક વિધાતાના છે. માટે કરણીના કાયદાનું શિક્ષણ આપણે મેળવવું જોઇએ કે જેથી આપણાં જ્ઞાનચક્ષુ સર્વ તરેહના વ્યવહારો પ્રતિ ખુલે.

વિદેશીય મુસલમાન વિગેરે રાજકર્ત્તાઓમાંના કેટલાકો કે જેઓનાં વખતમાં અમલ ઘણો જુલ્મી હતો, તેમના વખતથી આ રિવાજ આર્યોમાં દાખલ થયો છે, કેમકે તે વખતે માબાપો તરફથી છોકરીઓને નાનપણમાં પરણાવી સાસરિયા પક્ષને સોંપી દેવાથી તેનાં રક્ષણ સંબંધીનો ભાર તેમનાપરથી ઓછો થઇ જતો હતો. પરંતુ આજે જમાનો સુધારાનો સલાહ સંપનો વગર જુલમનો છે. તેવા વખતમાં પોતાનાં સંતાનોપર લગ્નની ધુંસરી તેમની અપકવ વયે નાખી, તેમની ખીલતી માનસિક શારીરિક શક્તિઓને ક્ષીણ કરવા જેવું કરવું આ શું થોડું પાપ છે ? આ બાલલગ્ન અનાચારથી પુરૂષવર્ગમાં વીર્યમત્તા મંદ પડી, દ્રવ્યોપાર્જનશક્તિ, પુરૂષાર્થ સાધક શક્તિ સામર્થ્ય વગરની થતી જાય છે, ચિંતાનો બોજો તેમનાપર અકાળે પડવાથી

કંગાળ સંસાર ગુજરતાં, અકાળજરા, રોગગ્રસ્તતા, નિરૂત્સાહીપણું, પરસ્પર પ્રેમનો અભાવ, અકાળમૃત્યુ આદિ દોષો વિશેષ જોવામાં આવે છે. તેમજ સ્ત્રીઓમાં પણ અકાળે પ્રસવ, શારીર દુર્બળતા, ચીડાઉ સ્વભાવ, પ્રેમનો અભાવ, અકાળ જરામરણ, આદિ દોષો જોવામાં આવે છે અને ચારિત્રહીનતાવાલી જીંદગી ગુજારે છે. સંતાનો પણ રોગી, સ્વલ્પ આયુ, અને શારીરિક, માનસિક હલકા સંસ્કારોવાળાં થાય છે, વળી બાળવયે નવીન પરણિયત વરવધૂપર પાછો વિશેષ કરી અભણ માબાપો તરફથી કેટલોક કલેશકર વ્યવહાર ચલાવવામાં આવે છે કે જે સઘળાનું વિસ્તારપૂર્વક વર્ણન ઘણુંજ અરૂચિકર થઇ પડે તેવું છે.

લગ્ન કરવાના હેતુઓ, પરસ્પરના કોલ કરારો કે જે ગોર મહારાજ સંસ્કૃતમાં ભણે છે, તે માબાપો કે વરવધૂ કોઇના પણ સમજવામાં આવતા નથી બલકે કદાચ ગુજરાતીમાં પણ કહેવામાં આવે તોપણ તેનું રહસ્ય સમજી શકવા જેટલી સમજણ પણ પરણતાં જોડાંમાં લગ્ન વયે હોવી અસંભવિત હોય છે. વળી વીર્યરક્ષાના નિયમો તેમજ ઋતુદાનાદિના નિયમો સંબંધી પણ શાસ્ત્રીય કે વૈદ્યકીય જ્ઞાનનો અંશપણ તેમનામાં હોતો નથી એ રીતે બાળલગ્નો કેવળ અવનતિ અને કુટુંબ કલેશ તથા નાના પ્રકારના દુઃખસાધક થઇ પડે છે. સુધરેલી પ્રજાઓમાં આ રીવાજ કયારે પણ હોતો નથી અને આપણે પણ આ રીવાજોને પોષણ આપી આપણા શાસ્ત્રીય કાનુનોનો ભંગ કરીએ છીએ એ થોડી દિલગીરીની વાત નથી.

સામસામા કરવાનો રીવાજ—જ્ઞાતિમાં, સામસામી સગાઇઓ કરવામાં આવે છે. આજના સુધરેલા જમાનામાં તે રીત એક ગુલામી વ્યવ્હારને લગતીજ છે, જયારે માતા પિતાનો અભિપ્રાય પોતાનાં છોકરાને અપાવવા બદલ પોતાની ગાય જેવી કન્યાને કોઇ ઠેકાણે દેવાનો હોય છે ત્યારે કન્યાદાન કરવું તથા બ્રાહ્મણ વિવાહનાં જે લક્ષણો શાસ્ત્રોમાં વર્ણિત છે તેનો હેતુ સચવાવો એ તદ્દન ન બનવા જોગ :છે. જે કામમાં તમારી કન્યાના હિત વિચાર સાથે તમારો પોતાનો અંગત સ્વાર્થ રહેલો છે તે કાર્ય દાનકાર્ય શી રીતે કહી શકાય ? આપણા આર્ય પૂર્વજોએ કન્યા દાનની રીતે દેવી. એમ શાસ્ત્રમાં લખેલું છે તે બહુજ વિચાર પૂર્વકજ લખેલુ છે અને તમો જ્યારે તમારા સ્વાર્થ વગર તેનું વાગ્દાન તથા લગ્ન કરો ત્યારેજ તમો તમારી પુત્રીના ભવિષ્ય સુખનો વિચાર કરી તેના થનારા પતિની લાયકાત વિગેરેની તપાસ કરી શકો. પણ તેમાં જો તમારો કોઇ જાતનો આડો અવળો સ્વાર્થ સમાયલો હોય તો તેમ શી રીતે બને ?

ધારો કે તમારો છોકરો અભણ હોય, કુરૂપ હોય, કાંઇ ખોટ ખાંપણવાળો હોય, તમો પોતે પણ કંગાલ, કદાચ મધ્યમ ચાલચલણના હો છતાં તમારા છોકરાની સગાઇ કરવાની તમોને લાલચ હોય તો સામસામાની રીત પકડી તમો જે કામ કરો તેમાં તમારી કન્યાના ભવિષ્ય સુખ માટેની તમે કેટલી કાળજી રાખી શકો ? જરૂર તેથી તમને અયોગ્ય સંબંધ જાણી જોઇને બાંધવાની ફરજ પડે, અને આમ કરવા પછી ઘણી જાતનાં દુઃખોમાં આવવું પડે એ પણ પ્રત્યક્ષ જ છે છતાં એ રિવાજ ચાલુ રાખવો શું શ્રેયસ્કર છે? સામસામાં કરવાથી એક છોકરીને જે દુઃખ થાય છે તેનો બધો દોષ તેમનાં માબાપો તથા ભાઇઓને લાગે છે. વલી આ રિવાજથી અનેક જાતના પરસ્પર કલેશ ઉત્પન્ન થાય છે, સામાસામા સંબંધીઓમાં કોઇ જાતની મીઠાશ રહેતી નથી વગેરે લીલાનું વર્ણન કરવું એ મુનાસબ ધારતા નથી, આવો રિવાજ અસલી આર્યોમાં અથવા આજ કોઇપણ સુધરેલી જાતિમાં નથી.

કન્યાવિક્રય.

આ રિવાજને જન્મ આપનાર એક જાતની કંગાલીઅત છે, કોઇ વ્યક્તિ પુરૂષાર્થહીન કોઇ જ્ઞાતીય પ્રચલિત વ્યવહારોને પહોંચી નહિ વલી શકવાના કારણથી, વલી પોતાના છોકરા કે છોકરીને પરણાવવા માટે જોઇતાં નાણાંની તેના પાસે જોગવાઇ નહીં હોવાથી, અગર કન્યાવિક્રયનાં ધનમાંથી પોતાની આજીવિકા ચલાવવાની ધારણાથી, તે આ શાસ્ત્રવિરૂદ્ધ કર્મ કરે છે. આથી તે એ સ્વાર્થ સાધવા જતાં કન્યાના હિતનો વિચાર એક બાજુપર મુકી આપે છે, જેથી નાલાયક અથવા વૃદ્ધ અથવા અતિલગ્ન કરનારને તે પોતાની કન્યા આપે છે કે જે બન્ને પક્ષને વિહિત નથી. આવી રીતે બંન્ને પક્ષના વિપરીત આચરણથી જ્ઞાતિમાં યોગ્યતર અને કન્યાના સંબધ થવા માટેના પ્રમાણમાં ઘણીજ અસમાનતા ઉત્પન્ન થાય છે. અને ઉપર્યુક્ત બધા કુવ્યવહારોથી જ્ઞાતિમાં કન્યાની જાણે અછત હોય તેમ જણાય છે, અને સારા વિચારવાલાઓ પણ એ રિવાજો જેવા કે **બાળસગાઇ, બાળલગ્ન, સામસામા, કન્યાવિક્રય, વૃદ્ધવિવાહ, અતિવિવાહ** આદિનો પ્રસાર સાધારણ થઇ પડેલો હોવાથી ધારે છે કે ભલતે ભલતું કરી આપણે પણ જો આપણા છોકરાંઓને થાલે નહીં પાડીએ તો આગળ જતાં રહી જઇશું, અને તેઓ પણ એ રિવાજોમાં જોડાય છે અને સડાનો વધારો વધારો થતો રહે છે, અમે ઇચ્છીશું કે આવા તિરસ્કરણીય રિવાજોની પ્રવૃત્તિ બંધ પડે.

વલી ઉપર્યુક્ત કુવ્યવહારોએજ વિચાર કરતાં કેટલીક કહેવાતી ઉચ્ચ જ્ઞાતિઓમાં, **બાળવિધવા** તથા **વિધવાઓનું** મોટું પ્રમાણ થઇ પડવા તેમજ તેમની અનાથ કંગાલ સ્થિતિ થઇ પડવા તેમનામાં **અનાચાર, અનીતિનો** વધારો થઈ પડવાનાં કારણભૂત છે, માટે આ વાત જ્ઞાતીય પુરૂષ વર્ગે તેમજ સ્ત્રી વર્ગે બહુજ વિચારણીય છે.

અત્રે અમો એક બીજી પણ વાત કહેવા માગીએ છીએ કે આપણા પૂર્વજોએ **વૈદ્યકશાસ્ત્ર** અનુસારે લગ્ન સંબંધ જેમ બને તેમ અન્ય દૂરનાં કુટુમ્બમાં કરવાની ભલામણ કરી છે. તેને માટે **સગોત્રી** અને **નિકટ સંબંધમાં** લગનવ્યવહાર કરવો નિષેધ કર્યો છે. આનો હેતુ એ છે કે એક વંશોત્પન્ન તરીકે જે શારીરિક તથા માનસિક દોષો પ્રકૃતિમાં ઉતરે છે તેની ન્યૂનતા થાય. આથી ઉલટી રીતે આજકાલ વગર સમજનું વાત્સલ્ય બતાવી અને ત્યાં લગણ પોતાની પુત્રીને જેમ બને તેમ એક પડોશ મલે તો ગામના બીજા પાડામાં પણ ન મોકલાય. ગામ છોડી બીજે ગામ ન મોકલાય અને દેશ છોડી થોડે દૂર બીજે દેશ તેનો સંબંધ ન બંધાય તે માટે કેટલાક સંકોચોને પણ ચલાવી લઇ તેમ કરવામાં આવે છે. આથી ઉપર્યુક્ત ઉદ્દેશ સારી રીતે પાર નથી પડી શકતો તેમજ એક જ્ઞાતીય છતાં પરસ્પરના વ્યવહારની કોઇ સાકલી સંબંધ વગર જ્ઞાતિમાં ઐક્ય નહિ પણ ભિન્નતાના ભાવોજ દ્રઢીભૂત થઇ પડે છે. તેટલા માટે વધારે જરૂરનું એ છે કે કચ્છ, **કાઠયાવાડ, યાત્રાદિ** જે જે સ્થળોએ સ્વજ્ઞાતીય સંબંધનો વસવાટ હોય ત્યાં પરસ્પર કન્યાઓનો આપ લેનો વ્યવહાર વધારે પ્રમાણમાં થવો જોઇએ.

જે વખતમાં રેલવે આદિ સાધનો નહિ હતાં, જવા આવવામાં જાન માલનાં રક્ષણ સંબંધી પણ ઘણી વિટંબનાઓ હતી, ટપાલ ખાતાં, તાર ખાતાની વ્યવસ્થા વગર ખબર અંતર મલવાની પણ સુગમતા ન હતી, તેવા વખતમાં પણ જોવામાં આવશે તો જણાશે કે પરસ્પર વ્યવહાર ચાલુ હતો. જ્યારે હાલના બધી વાતના સગવડવાળા વખતમાં તે રિવાજ બંધ જેવો થઇ જાય એ પણ કેવું કહેવાય ? જો આ રિવાજને ઘણા પ્રમાણમાં ઉત્તેજન મલે તો કન્યાની જે અછત કહેવાય છે તે પણ જણાય નહીં.

વિશેષ વિવેચન—પુરૂષ સ્વભાવ વિશેષથી તેમજ બહારનાં કામો કરવાની તેની હમેશાંની ટેવથી, સહનશીલ દ્રઢ અને બહાદુરતાવાળો તથા પકવ વિચારવાન વિશેષ જોવામાં આવે છે, માટે ગૃહસ્થે એટલે ગ્રહસ્થા-

આમી મનુષ્યે તે ગૃહરાજ્યનો ધર્મરાજા થઇ પોતાંના વડીલો, બાંધવો, સ્ત્રી, કુટુંબ, સંપત્તિ, દરજ્જો આદિની સંભાળ રાખવા, પાલણુ પોષણુ કરવા શક્તિમાન્ તેમજ વિશેષ પ્રતાપવાન્ અતિ ઉદાર દિલના થઇ, શાસ્ત્રીય વિચાર પૂર્વક પોતાની ફરજો અદા કરવા પ્રયત્નશીલ રહેવું જોઇએ, એ તેનો પુરૂષાર્થ છે કે જેથી તેની ત્રણ આયુ અવસ્થા જેવી કે બાલ્ય, યુવા, તથા વૃદ્ધ તેમજ ત્રણ વ્યવહારિક અવસ્થા જેવી કે કુંવારા, પરણિયત અને વિધુર તેમજ ગ્રહસ્થાશ્રમ સહિત ત્રણ અન્ય આશ્રમ અવસ્થા જેવી કે બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ, સંન્યાસ્ત, જે જે પ્રાપ્ત હોય તે બધી સુખ, સંતોષ અને આબરૂથી ગાળી શકાય. કેમકે ગ્રહસ્થાશ્રમાવસ્થાની યથાર્થ સાધના એ જ અન્ય સર્વ આશ્રમાવસ્થાઓની ઉન્નતિસાધક છે.

સ્ત્રી પ્રકૃતિ સ્વભાવ વિશેષથી તથા તેની હમેશની કાર્યપ્રણાલીથી તે ગૃહિણી તરીકે પોતાના પતિની અર્ધાંગના હોઇ ગૃહરાજ્યના પ્રધાન તરીકે પુરૂષાર્થસાધનાના તમામ કૃત્યોમાં તેને સહાયકર થવું એ તેની ફરજ છે, વળી તેનો સ્વભાવ વિશેષ મૃદુ, પ્રેમાળ, પતિ અથવા વડીલોને વશવર્તી વિશેષ જોવામાં આવે છે. પરમ મંગળકારી પરમેશ્વરે પોતાનો કોઇ ઉચ્ચ ઉદ્દેશ પાર પાડવા માટે પુરૂષ જાતિ અને નારીજાતિને એકત્ર મલી પુરૂષાર્થ સિદ્ધિપ્રાપ્તિના ઉદ્યોગ માટે સરજેલાં છે. ત્યારે નારીએ પણ પોતાને જાણવાની સામાન્ય અને વિશેષ સર્વ વિદ્યા સંપન્ન થઇ ગૃહિણી તરીકેની પોતાની તમામ ફરજો અદા કરવા તૈયાર રહેવું. પતિપ્રેમ, કુટુમ્બપ્રેમ, પ્રજાપ્રેમ, અને વિશ્વ-પ્રેમની ઉચ્ચતા સાધવી. ગૃહકાર્યમાં જોઇતી સઘળી આવડત સંપાદન કરી જનની એ નામ વિશેષ દીપાવવું કે જેથી બાલ્ય, યુવા, તથા વૃદ્ધાવસ્થા તેમજ કન્યા કે કુમારિકા, સધવા, અને વિધવા, જે અવસ્થા પ્રાપ્ત હોય તે સુખસંતોષ અને આબરૂથી ગાળી શકાય. ઉન્નતિ સાધવાનો મુખ્ય આધાર જ માતાઓ છે કેમકે શરીર મનનું વિશેષ પોષણકર્ત્તા માતાઓ છે, એ પ્રથમ સારી રીતે જોઇ ગયા છીએ. તો એથી સિદ્ધ થાય છે કે તેઓ પણ પુરૂષ જાતિથી કોઇ પ્રકારે પણ જ્ઞાનમાર્ગની તેમજ કર્મમાર્ગની શિક્ષિતા થવાને ન્યૂન અધિકારી નથી જ. વળી એકંદર સ્ત્રી પુરૂષની ફરજો તેઓ ત્યારે બજાવી શકશે કે જ્યારે તેમનામાં પરસ્પરનું સન્માન જ્ઞાન તથા સન્માનપાલન સંપૂર્ણ રીતે હશે. આજે આપણા સંસારમાં તેની ન્યૂનતા જોવામાં આવે છે, દંપતીમાં તેમજ સમાજમાં પરસ્પર શાસ્ત્રીય ઉચ્ચ ભાવ-નાની ખોટ જોવામાં આવે છે, અસલી સુધરેલી આર્યપ્રજા તેમજ આજની

પણ સુધરેલી પ્રજા **यत्र नार्यस्तु पूज्यंते रमंते तत्र देवताः यत्रैतास्तु न पूज्यंते सर्वास्तत्राफलाः क्रियाः** આદિ સૂત્રાનુસાર સ્ત્રીપુરૂષના પરસ્પરના સન્માનને ઉચ્ચ સ્થાન આપેલું છે જ્યારે આપણામાં હાલે પુરૂષોએ સ્ત્રી વર્ગનો દરજ્જો એટલોબધો ઉતારી નાંખ્યો છે કે અગત્યના ગૃહ કામમાં પણ તેમની સલાહ લેવામાં આવતી નથી. તેમને સુશિક્ષિતા કરવા માટે કાંઇ લક્ષ ન આપી એવી હાલતે રાખી છે કે તેઓ સંસારના ઘણાખરા જાણવાજોગ કારભારમાં જાણે અંધ, બાધર અને મૂકવત બની રહેલી છે. ગૃહ-વ્યવહારના અગત્યના કામોમાં પણ તેની સલાહ લેવામાં આવતી નથી, તેમના સાથે યથેચ્છ રીતીએ વર્તવાનો જાણે પુરૂષોને ખાસ હક હોય એમ થઇ પડયું છે. સ્ત્રીજાતિના જન્મથી લઇ મરણપર્યંતનો વ્યવહાર તેમના સાથે ઘણો માનુષી ભાવથી વિરૂદ્ધ ચલાવવામાં આવે છે. તેને પનોતી, પારકું ધન, પગનું ખાસડું આદિ અન્યાયયુક્ત વિશેષણો આપવામાં આવ્યાં છે, અરે કહેવા ધો કે કહેવાતી ઉચ્ચ જ્ઞાતિઓમાં જ્યારે પતિના મરણથી સ્ત્રીને કેટલીબધી યાતના ભોગવવી પડે છે, ત્યારે સ્ત્રીના મરણને તે જ દહાડે બીજી સ્ત્રીનું વાગ્દાન ગ્રહણ કરવા નિષ્ઠુર પતિ તૈયાર થઇ જાય છે, એ કયા શાસ્ત્રનો ઉપદેશ છે? તે અમો નથી સમજી શકતા.

આથી થાય છે એમ કે સ્ત્રીઓ પણ પોતાની અજ્ઞાન હાલતથી પતિ સન્માનરહિતા થઇ યથેચ્છ વર્ત્તન ચલાવે છે. પતિપત્નીનો સંયોગ કેમ જાણે વિષયવાસનાના સંતોષાર્થે જ હોય. તેમનાં અન્ય ઉચ્ચત્તર કર્ત્તવ્યો શું છે તે તરફ ન્યૂન લક્ષ્ય અપાતું હોવાથી જ તે તરફ સ્ત્રીઓમાં પણ પોતાનાં વડીલો, પોતાના પતિ, પોતાના સંતાનો તેમજ અન્યો તરફની એકત્ર તેમની શી ફરજ છે તેના જ્ઞાનાંશનું ઓછાપણું જોવામાં આવે છે; આનાં વિશેષ કારણ સ્ત્રી કેળવણીની ન્યૂનતા, પ્રથમના જણાવેલા અસમાન વિવાહ સંસ્કારો તથા તેમના પ્રત્યેના સન્માન ન્યૂનતા એ છે કે જેથી પતિમાં પત્નિભાવ તેમજ પત્નિમાં પતિભાવની ન્યૂનતા થઇ છે અને તે સંતાનો પ્રતિ વાત્સલ્યભાવની ન્યૂનતાનું કારણ થાય છે, તેમજ વડીલો અને અન્યો તરફના ઉચ્ચ ધર્મ પ્રેમની પણ ન્યૂનતાનું પણ એજ કારણ છે અને તેનો બદલો માતૃભક્તિ અને પિતૃભક્તિહીન સંતાનો થવામાં વલી રહે છે. એ રીતે બીજ અને વૃક્ષમાં મોટે ભાગે સડો પ્રસરે છે.

ઉપરાંત જ્ઞાતિમાં શુભાશુભ પ્રસંગના વરાખર્ચ તેમજ લગ્નાદિકમાં દાગીના તેમજ લુગડાં ખર્ચ, લાગા આદિ દેવા લેવાના કેટલાંક ખર્ચ દેખા-

દેખાવથી એટલાબધા વધી પડયા છે કે જ્યારે થોડાકોજ વગર સંકોચે તે કરે છે ત્યારે સાધારણોને તેવી રીતે પહોંચી વળવાને માટે બહુ જ સંકોચાવું પડે છે, છતાં જ્ઞાતિમાં પોતાનું સ્વમાન જાળવવા ખાતર ખાનગી રીતે કફોડી સ્થિતિમાં પડીને પણ તેમ કરવું પડે છે. માટે તે સંબંધી ડહાપણ બુદ્ધિથી એવી યોજના થવી જોઇએ કે જે અડચણ કરતા ન થાય, કેમ જે જ્ઞાતિની આર્થિક સ્થિતિ જેટલી વધેલી નથી તેથી સોગણી તેની આ બાબતમાં સંપત્તિવાનોની દેખાદેખી કરવાની ટેવ વધી છે. જેથી પણ આપણામાં આચારવિચારપર અને કેટલાક વ્યવહારપર હલકી અસર થાય છે.

જ્ઞાતિમાં શુભાશુભ પ્રસંગોએ ફટાણા દેવાં આદિ મશ્કરી ઠઠ્ઠાનો પ્રચાર તેમજ રડવા કુટવા આદિના કેટલાક રીવાજો અનઘડ તથા માનુષી સભ્યતાથી બહાર જાય તેવા છે તે માટે ધ્યાન પોચાડી ઘટતા ફેરફાર કરવા જરૂર છે કેમ જે ઉંચ્ચ જ્ઞાતીય બ્રાહ્મણોમાં ને રીવાજ શોભે નહીં.

ખાનપાન, પહેરવેશ અને શૃંગાર આદિમાં પણ વિદ્વાનોએ વિધિ નિષેધના નિયમોનું ઘણું સારૂં સ્પષ્ટીકરણ કરેલું છે, અને ધાર્મિક અને વૈદ્યકમતાનુસાર તે સંબંધી પથ્યાપથ્યનિર્ણય થયેલા છે માટે તે સંબંધી શિષ્ટાચાર પૂર્વક વર્ત્તનની જરૂર છે, વલી બ્રાહ્મણો સત્વગુણ પ્રધાન ગણાય છે તો તેમણે તે સંબંધી વિચારપૂર્વક વર્ત્તવાની ખાસ જરૂર છે, અન્નફળ શાકનો ખોરાક આપણને ઘણા લાંબાકાળથી પોષણ આપતો આવ્યો છે અને મનુષ્યજાતિ માટે કુદરતી રીતિએ પણ તેજ ખોરાક વિધેય છે, માટે તેજ લેવો અને તેમાં પણ સાત્વિક, રાજસ અને તામસ આહારોનાં વર્ણનો છે તે જોઇ રૂચિકર શ્રેયસ્કર આહાર ગ્રહણ કરવો. પેય પદાર્થ માદક અંશથી નિરાળા હોવા જોઇએ, વૈદ્યક તેમજ શાસ્ત્ર સંમતિવાલા શ્રેયસ્કર લેવા જોઇએ. પોશાક પણ શરીર રક્ષાકર સભ્યતા પૂર્વકનો દેશ, સ્થાન, કાળમાં ઉચિત જણાય તેવો રાખવો. ભાવ, (વેશ) એટલે પોશાક, ભોજન અને ભાષાની સંસ્કૃતતા તથા ઐક્યપર ઉન્નતિની શોભા છે. શરીર શૃંગાર તેના વાળ રાખવા વગેરે બાબતમા લખવાનું કે આ કેટલુંક જો કે કાળાંતરે પરિવર્ત્તનશીલ છે છતાં તે બાબતમાં પણ છાજતી રીતે વર્ત્તવું. કેળવણીથી દરેક વ્યક્તિ ઉપર્યુક્ત સર્વે વિષયમાં વિનયવાન થઇ વર્ત્તશે. આ વિષય વધારે ચર્ચા કરવા કે તે સંબંધી વિધિ નિષેધ માટે તાણખેંચ કરવાની વધારે જરૂર નથી.

છેવટે કહેવાનું કે સામાજીક સુધારણા માટે જેમ કેટલીક સત્તા રાજ્ય હસ્તગત છે, કેટલીક ધર્માચાર્યો કે ધર્મ બોધકોના હસ્તગત છે તેમજ સ્વજ્ઞાતિ મંડલો અને કુટુંબોના માબાપોના હસ્તગત તે ખાસ કરી વિશેષ અંશે રહેલ છે. માટે આપણે પંડે, માબાપોએ અને જ્ઞાતિ મંડલીએ આપણી ઉન્નતિ સાધવાનો પ્રયત્ન કરવો જોઇએ, તેમ કરવાથી જ તે સિદ્ધ થશે.

આપણી જ્ઞાતિમાં કેટલાક બંધુઓ વકીલવર્ગના છે કે જેઓ ન્યાય બુદ્ધિ સંપત્તિવાન ગણાય, કેટલાકો વ્યાપારી વર્ગના છે કે જેઓ સારા દ્રવ્ય સંપત્તિવાન હોઇ વાણિજ્ય બુદ્ધિ સંપત્તિમાન્ ગણાય, કેટલાકો શિક્ષકવર્ગના હોઇ જ્ઞાન સંપત્તિવાન, કેટલાકો પૌરાણિક હોઇ ઐતિહાસિક ગંભીરજ્ઞાન સંપત્તિવાન, કેટલાકો જ્યોતિષી હોઇ આકર્ષણગતિ પ્રગતિ આદિ ગણિત જ્ઞાનવાન્, કેટલાકો વૈદ્યકશાસ્ત્રીઓ કે જેઓ આરોગ્ય વિદ્યા સંપત્તિવાન, કેટલાકો નાનાવિધ ધંધાઓમાં કાર્યવાહકો હોઇ નાના પ્રકારના કર્મજ્ઞાન સંપત્તિવાન, કેટલાકો પાકશાસ્ત્રીઓ કે જેઓ પક્વ, અપક્વ, સ્વાદ, નિસ્વાદ, નિર્ણયના જ્ઞાન સંપત્તિવાન, કેટલાકો પુષ્ટિમાર્ગીય તથા મર્યાદામાર્ગીય મંદિરોમાં વિરાજમાન શ્રીઠાકોરજીઓને ભોગ શૃંગાર આદિ ધરાવનારાઓ ઋતુઋતુના પથ્યાપથ્ય ભાવો તેમજ સ્પર્શ્ય અસ્પર્શ્ય, પ્રસાદ અપ્રસાદ અને વૈભવ ચાતુરીના જ્ઞાન સંપત્તિવાન છે, જ્યારે કેટલાકો કીર્તનિયાઓ કે જેઓ સ્વર-માધુર્ય, તાલમેલ, સમયભાવ ભક્તિનાં રહસ્ય જ્ઞાન સંપતિવાન્ છે; કેટલાકો રાજ્ય કાર્યનિપુણ, સામ, દામ, ભેદ, દંડ આદિનીતિજ્ઞ છે, કેટલાકો કૃષિ કર્મકાર કે જેઓ બીજ ખાતર પાણી સિંચન ક્રિયા, કાલ જ્ઞાન સંપત્તિવાન છે, કેટલાકો આજ્ઞાગામી છે, કે જેઓ આજ્ઞાપાલન રહસ્ય જ્ઞાન સંપત્તિવાન છે, કેટલાકો ક્રિયમાણ શાસ્ત્રીઓ છે કે જેઓ ક્રિયમાણ કર્મ સમાનતા, અધિકતા તથા ન્યૂનતાથી ફલપ્રાપ્તિની સિદ્ધિ અસિદ્ધિ સંબંધી જ્ઞાનસંપત્તિવાન છે, કેટલાકો દલાલી કરનારા ભાઇઓ છે કે જેઓ બંને પક્ષનું સામ્ય ઉત્પન્ન કરાવી કાર્યક્રમનો આરંભ કે સમાપ્તિ કરાવવાનાં જ્ઞાન સંપત્તિવાન છે, કેટલાકો શાસ્ત્રીઓ છે કે જેઓ શાસ્ત્ર જ્ઞાન સંપત્તિવાન છે વગેરે.

છતાં આપણી જ્ઞાતિ સુધારો, સુખ સંપત્તિ આજની પ્રચલિત ઉચ્ચ કેળવણી વગેરેમાં તેમજ અર્થ શાસ્ત્રની દૃષ્ટિએ જોતાં એકંદર પોતાની પ્રગતિ સાધનામાં પશ્ચાત જોવામાં આવે છે એ કેટલું બધું અફસોસનું કારણ ગણાય? વળી તેમાં શાસ્ત્ર વિરૂદ્ધ કુચાલોનો આદર થાય તે પણ કેટલું

ન છાજતું ગણાય ? અને આનું કારણ માત્ર એ છે કે જમાનાના લાયકની ઉચ્ચ કેળવણીની ખામી અને જ્ઞાતિય સુધારણાની તિવ્રતા ધરાવી એક સંપી ભરેલો પ્રયાસ નહીં કરવો તે છે. જો જ્ઞાતિભાઇઓ એક સંપી પૂર્વક પોતાના શુભ સંચિત બળનો ઉપયોગ થોડે અંશે પણ જ્ઞાતિય ઉન્નતિના શુભ કામમાં વાપરે (કે જે એકંદર જોતાં પોતાનીજ ઉન્નતિ સાધવાનું કામ છે.) તો તેઓ શનૈશ્ચનૈઃ ઘણું કરી શકે તેમ છે. તનથી, મનથી, પૈસાથી, લાગવગથી બધાં શુભ કામો સહેલાઇથી પાર પાડી શકે છે, અને એક સંપીના સુત્રમાં જોડાવાથી એ બધાં સાધનો પ્રાપ્ત થવાં સુગમ છે, એક સંપી પૂર્વક એન્જીન સાથે આંકડાઓથી જોડાયલી આખી ટ્રેનની ગતિ ધારી જગોએ થઇ જાય છે, માટે ઉપર્યુક્ત ધંધાદારી સર્વે ભાઇઓ પોતપોતાના વિષયમાં વિચાર પૂર્વક સુધારો કરવા ધારે તો આગળ પડતા કર્માચારીઓ પણ થઇ શકે અને પોતાના વિદ્યાર્થી સંતાનોનું શુભ ઇચ્છી તેમને આજની રૂઢિની ઉત્તમ કેળવણીથી વિભૂષિત કરાવી અનુકૂળ પડતા કાર્યોમાં દીપી નીકળે એવા સામર્થ્યવાન બનાવવા શક્તિવાન્ થાય અને પરસ્પર જ્ઞાતિ બંધુઓમાં પરિચય, પ્રેમ, સહાનુભૂતિનો વધારો થઇ સુલભ રીતે એ ઉન્નતિ સ્વલ્પ કાળમાં સાધી શકાય તે સંબંધી વ્યવહારૂ યોજનાઓ શા શા પ્રકારની થવી જોઇએ તે અમો ટુંકમાં જણાવીશું.

૧. આજનો રાજ્ય અમલ અંગ્રેજી છે તેમજ અંગ્રેજ પ્રજા વિદ્યાકળા, હુન્નર આદિમાં આગળ પડતી થઇ પડી છે અને તેમનું સાહિત્ય અંગ્રેજી ભાષામાં છે. આ દેશનો ન્યાય, રેવન્યુ, અને પોલીસ સઘળો કારોબાર પણ અંગ્રેજી ભાષામાં ચાલે છે. મોટાં મોટાં વ્યાપારી ખાતાંઓ, રેલ્વે, તાર, પોસ્ટ આદિ તમામ મુખ્ય ખાતાંઓનો વહીવટ પણ એજ ભાષામાં બોલવા લખવામાં તેમજ પરદેશો આદિમાં પણ મુખ્ય કરીને એજ ભાષા ઉપયોગી થાય છે. રાજ્યકીય તેમજ વ્યાવહારિક શિક્ષણની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરવા તથા ખાસ વિદ્યાઓ તથા હુન્નરકળાઓ, ગ્રહણ કરવા માટે અભ્યાસ, તથા પ્રેકટીસ મેળવવાના ખાસ સાધનો પણ ઇંગ્લાંડ, અમેરિકા આદિ અંગ્રેજી ભાષા પ્રચારવાળા દેશો જ છે, ત્યારે આવશ્યક છે કે અંગ્રેજી ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરવું જ જોઇએ. વલી સંસ્કૃત ભાષા કે જે આપણી અસલી માતૃભાષા છે, આર્યભાષા છે, આપણી પ્રાચીન ઉન્નતિનો ઇતિહાસ તે ભાષામાં હોઇ તેમજ ઉત્તમોત્તમ, ફિલોસોફી, ધર્મજ્ઞાન, માનસશાસ્ત્ર

તથા આપણા આર્ય સનાતન જ્ઞાનનો ભંડાર જેમાં છે, તે આપણને જરૂર જાણવાની ફરજ છે. આ ભાષાથી જ આપણે આપણું આર્યત્વ જાળવી શક્યા છીએ, પડતીના અનેક વંટોળીઆમાં આપણે અટલ રહી શક્યા છીએ અને આપણા સંસ્કૃત આચાર વિચારોમાં કાયમ રહી શક્યા છીએ આજે પણ તે દેવ ભાષાનો દરજ્જો તથા માન આર્ય પ્રજામાં તેટલું જ છે. સર્વ જાતનાં ધર્માનુષ્ઠાન વગેરે તેજ ભાષા દ્વારા કરી શકાય છે અને જે ભાષાની રચના જગતમાં સર્વ શ્રેષ્ઠ તરીકે મનાય છે તથા જર્મની આદિ દેશોમાં પણ તે ભાવથી શિખાય તેવી છે. ઉપરાંત આપણી પ્રાકૃત, માતૃભાષા ગુજરાતી તે પણ શ્રેષ્ઠ પ્રકારે જાણવી જોઇએ. જાપાન, અમેરિકા આદિ સુધરેલા દેશોમાં તો એક ઘરમાં સ્ત્રી ત્રણથી ચાર ભાષા અને પુરૂષ પણ અન્ય ત્રણથી ચાર ભાષાજ્ઞ થવામાં સારૂં માને છે, અને ખરી રીતિએ તેથી તેઓ પોતાની ઉન્નતિ સાધના પણ ઘણીજ ત્વરિત કરી શક્યા છે. ઉપયોગી ભાષાના સારી રીતે બોલવા લખવાના જ્ઞાન વગર મનુષ્ય છતી જીભે મુંગો, છતી આંખે આંધળો અને છતે કાને બહેરો થઇ રહે છે, જેથી તે તે ભાષાના સાહિત્યજ્ઞાનથી વંચિત રહેવાય છે. વલી ચાલુ જમાનો થોડું ઘણું પ્રાકૃત ભાષાનું તેમજ ઉપરચોટીયું વ્યવહારૂ જ્ઞાન મેળવવાવાલાને આગળ પડતી કારકીર્દી સાધવા માટે બરનો થઇ શકે તેમ નથી માટે પોતાનાં સંતાનોને રીતસરની ઉચ્ચ કેળવણી અપાવવાની પ્રથમથી જ ગણત્રી રાખી કામ લેવાવું જોઇએ.

૨. સ્થાન વિશેષમાં વસતા આપણા જ્ઞાતિસંવાહમાં તે તે જગોએ પુરૂષ મંડલો તથા સ્ત્રી મંડલો સ્થપાવાં જોઇએ. આમ થવામાં તાત્પર્ય એ છે કે વખતનો સદ્ઉપયોગ જે સદ્વિચાર તથા સદાચારથી થાય છે અને મનુષ્ય જીંદગી વખતની જ બનેલી છે. વલી જનમંડલે પોતાની ઉન્નતિ પરસ્પર એક જાતની વિશેષતા સંબંધ બાંધીને જ કરેલી છે. જેમ કે સ્ત્રી પુરૂષ કુટુંબ મંડલ, સમાજ મંડલ, સ્વદેશ મંડલ, ઇત્યાદિ. વલી એ બધા વિશેષ સંબંધમાં કર્તવ્ય બજાવવાના ઉદ્દેશો લક્ષ્યતરીકે રહેલા છે. અને તે દ્વારે તે સાધિત થાય છે. માટે મંડલોરૂપી વિશેષ સંબંધથી બદ્ધ થઇ કર્તવ્યના ઉચ્ચ લક્ષ્યો વિશેષતાથી પાર પાડી શકાય છે. કુદરત પણ એ જ પાઠ શીખવે છે. વિશેષ લક્ષ્ય વગર સમુદ્રમાં જઇ મળતો જળપ્રવાહ જો તે જ જળપ્રવાહને નીકોમાં વાલી

તથા અન્ય રીતે લક્ષિત ક્ષેત્રોમાં મોકલાવાય તો કેટલું ફળ આપે છે, એ જ રીતે નૈસર્ગિક કુદરતી મહાન્ શક્તિઓની માફક માનવશક્તિઓ પણ તેમને લક્ષ્ય તરફ પ્રવાહિત કરવામાં આવ્યાથી અત્યંત શુભ ફળ દાયી થાય એ સંબંધી જેટલું લખીએ તેટલું થોડું છે. ચરાચર સર્વે સમષ્ટિઓ વિચાર કરી જોવાથી નાના મોટાં મંડલોના જ આકારમાં પ્રવર્ત્તમાન છે. તો પછી વિશેષ શુભ લક્ષ્યો સાધક મંડલોની સ્થાપના સદ્વિચાર અને સદાચાર સાધનાપૂર્વક જીંદગીની સાર્થકતા સાધક છે, અને વખતનો સદ્ઉપયોગ સાધક છે, એ મંડલોમાં સદ્વાચન માટે લાયબ્રેરી રાખવી કે જેમાં સ્ત્રીપુરૂષોનાં ઉચ્ચ ચરિત્રોનાં તેમ જ નાના પ્રકારના વિદ્યા જ્ઞાનનાં સાહિત્યનો સંગ્રહ રાખવો કે જે સ્ત્રી પુરૂષોને સત્સંગતિરૂપ થઇ પડે. અંગ કસરતનાં સાધનો, નિર્દોષ રમતગમતના સાધનો પણ રાખવાં. સ્ત્રી મંડલોમાં પણ ભરતચિત્ર સંગીતાદિ તેમનાં ઉપયોગી સાહિત્યો રાખી તેનો લાભ પરસ્પર આપવો લેવો. એમ થવાથી આનંદપૂર્વક તેમનો પરસ્પર પરિચય અનુભવોની આપ લે, રહેણીકરણીપર સારી અસરો આદિ શુભ ફળ પ્રાપ્તિ થઇ શકશે અને સંસાર સુધારો સુગમ થશે. નાના પ્રકારના ઉન્નતિ સાધક વિષયોપર ચર્ચા થાય કે જેથી કેટલાક કુસંસ્કારો નિર્મૂળ થઇ પવિત્રતાનું પ્રમાણ ચારિત્રમાં વધી શકશે.

૩. સ્થળે સ્થળે જ્યાં જ્ઞાતિસંવાહ છે ત્યાં તેમની જ્ઞાતિ સમસ્તને લગતી સ્થાવર જંગમ, વાસણો, રોકડ સિલક ઇત્યાદિ સર્વે મિલકત દસ્તાવેજો આ સર્વે તેમજ જ્ઞાતિની કોથળીમાં પેદાયશ થવા માટેના ઠરાવેલા લાગાઓનું સવિસ્તર વર્ણન વાર્ષિક શા શા પ્રસંગોએ કેટલી પેદાશ થઇ પાછી જ્ઞાતીય સમસ્તની મિલકતની જાળવણી ઇત્યાદિ માટે શું ખરચ થયું? બાકી સિલક આદિ હિસાબ આખી સાલમાં જ્ઞાતિમાં શું શું કામકાજ થયું તેની ટુંક હકીકતવાર વાર્ષિક રિપોર્ટો છપાવી બહાર પાડવા જોઇએ કે જેથી પોતાની પ્રગતિ સાધવા માટે જ્ઞાતિમાં શું થાય છે તેનું નિરીક્ષણ કરવાની તે રિપોર્ટો આરસીઓ રૂપ થઇ પડે

૪. જ્ઞાતિસંવાહ જ્યાં હોય ત્યાં જ્ઞાતીય પંચાતીઓ તથા તેની મીલકતનો વહીવટ કામકાજના નોંધો રાખવા, રિપોર્ટો આદિ છપાવવા, તેમજ જરૂર જણાય તો પ્રગતિના વિચાર કરવા આદિ માટે મેનેજીંગ કમીટી દરેક ઠેકાણે ઠરાવી તેમના મારફત જ્ઞાતિનો વહીવટ ચલાવવો. વાર્ષિક જનરલ સભા ભરી હમેશાં સારી જાતનાં બંધારણોપર આવવું.

૫. જ્ઞાતિની ડીરેક્ટરી તથા વસ્તીપત્રક વિગતવાર છપાવવાં તેમજ જ્ઞાતિની ઉત્પત્તિ તથા ટુંક ઇતિહાસ પણ એકત્ર કરી છપાવી બહાર પાડવો. એકાદ ચોપાનીઉ "ત્રિમાસિક"ના રૂપમાં પ્રકટ કરાવવું કે જેમાં જ્ઞાતીય હિતના લેખો આવી શકે.

૬. જુદાં જુદાં મંડળો જે હસ્તીમાં આવેલાં હોય તેમનું પ્રતિનિધિ મંડલ ત્રિમાસીક અથવા સગવડ પડતી રીતે મલવું જોઇએ કે જેમાં જ્ઞાતિય ઉન્નતિના મહાન વિચારોની આપ લે થાય, તેમજ સમસ્ત "ગિરિનારાયણ"જ્ઞાતિના સંમેલનની એક કોન્ફરન્સ વાર્ષિક ભરાવી જોઇએ કે જેમાં પણ જ્ઞાતિય ઉન્નતિના મહાન વિચારો" કચ્છી, માધવપુરીઆ, ચોરવાડ, આજકીયા, જુનાગઢ, જામનગર, માંગરોળ, પોરબંદર, શ્રીગોકુળ અને શ્રીનાથજી આદિમાં પરસ્પર પડી ગયેલા વગર કારણના વાંધાઓ આદિના નિકાલ તેમજ સંપ વિદ્યોન્નતિ આદિની ચર્ચા થવી જોઇએ.

૭. વલી "ગિરિનારાયણ" બ્રાહ્મણ જ્ઞાતિય સમસ્તની હીલચાલ પૂર્વક એવી યોજના થવી જોઇએ કે સગવડ પડતી જગોએ એક "બોર્ડિંગ" સ્થાપન થાય કે જ્યાં સારી સંખ્યાના વિદ્યાર્થીઓ શરૂઆતથી કોલેજ સુધીની ઉચ્ચ કેળવણી પામી શકે. કોઇ એવી આશંકામાં પડશે કે મોટા મોટા વિચારોનાં મનોરાજ્યના રાજા બની જવું સહેલું છે પણ થવું અસાધ્ય છે. આવા દુર્બલ વિચારોની કાંઇ થઇ શકતું નથી. અને વર્ષોનાં વર્ષો વ્યતીત થઇ જાય છે, પૈસાની દરેક કામમાં જરૂર છે. આ ખરૂં છે પણ તે માટેનો અમો સરસમાં સરસ સુગમ રસ્તો બતાવી શકીએ છીએ. જુઓ આપણે સરકારને મીઠાં પરના કરના આકારમાં, ચાંદી પરના કરના આકારમાં કેટલીક જાતના મ્યુનિસિપલ ટેકસના આકારમાં, ઇન્કમટેક્ષના આકારમાં ઘણી જાતના રેવન્યુ, લાગતો, વીઘોટી ઇત્યાદિ રૂપે તેમજ કસ્ટમ જગાત ઇત્યાદિ ઇત્યાદિરૂપે વ્યક્તિ માત્ર કર આપીએ છીએ. આ કર સરકાર શહેરસુધારા—કેળવણીખાતાં, ન્યાયખાતાં, પોલીસ બંદોબસ્ત ઇત્યાદિ અનેક રીતે પાછો પ્રજા લાભમાં કેટલેક અંશે વાપરે છે. જો કે સર્વાંશે તે કરનો બધો વપરાસ રીતસર પ્રજાહિતમાં કેટલો થાય છે. આ સવાલ વિવાદગ્રસ્ત છે તે આપણે ચર્ચવાનો વિષય નથી પણ આપણે માટે જાણવાનું એ છે કે આપણે કર આપવા છતાં સરકારનાં પ્રજાહિતનાં ખાતાંઓમાંથી શું

લાભ લઇએ છીએ ? એ વિચાર કરવા જેવું છે. જો કે સરકાર તરફથી આપણે માટે પણ દરવાજા ખુલ્લા હોવા છતાં અજ્ઞાનતાથી આપણે તેનો લાભ કેમ લેવો તે જાણતા નથી અને દુબળો બે ઘર વરતાવે એમ થાય છે. માટે જ્યારે આપણે અદ્રસ્ય રીતે વ્યક્તિ માત્ર કર આપવા બંધાયલા છીએ છતાં તેનો જે અમુક અંશે લાભ મલતો હોય તે પણ નથી લેતા ત્યારે તે કેવું કહેવાય ?

વળી જો આપણે સ્વતંત્ર રીતે પોતાને હાથે ઉન્નતિ સાધવાનાં સાધનો પ્રાપ્ત કરવા માગીએ તો શું આપણે દરરોજનો દરેક વ્યક્તિ માત્ર ફક્ત એક "પાઇ" નોકર સ્વીકાર ન કરીએ શકીએ ? લાંબો વિચાર કરીએ તો તે કદી પણ આપણને ભારી ન પડે તેમ તેનો બદલો પાછો આપણને સહસ્ત્રગણિત મળી શકે એટલી બધી ફાયદાની યોજના તે થઇ પડે તેમ છે. વિચાર કરો કે નાના પ્રકારના તદ્દન નિરૂપયોગી જેવા વ્યવસાયોમાં શું આપણે ખર્ચ કરતાં નથી ? અરે કેટલું બધું ખર્ચ કરીએ છીએ તો પછી એક શુભ કામ માટે આપણે એક દિવસનાં બાળકથી દરેક વ્યકિત જો દરરોજની એક "પાઇ" નોકર આપણાપર સ્વીકાર કરીએ તો ધારો કે સમસ્ત "ગિરિનારાયણ" બ્રાહ્મણ સંસ્થા જણ બચ્ચાં શીખે જો માત્ર ૨૩૦૦ ની સંખ્યા હોય તો દરરોજના રૂપીઆ ૧૨ ની આવક થાય કે જે વાર્ષિક રૂપિઆ ૪૪૦૦ આશરે થયા. જો તેમ થાય તો વાર્ષિક આવી ચાલુ પેદાશનું ટ્રસ્ટ ઠરાવી તેમાંથી "બોર્ડીંગો, સ્કોલરશિપો, અપંગોના વારસો વગેરેને મદદ તેમજ એકંદર જ્ઞાતિ હિતના દરેક કામ માટે કઇ વ્યવસ્થા ન થઇ શકે ? વળી અન્ય શુભાશુભ પ્રસંગોએ પણ આખાતાંને શું કામ મદદ ન મળે ? વળી ઉમંગી ગ્રહસ્થો તરફથી અંગત ખુશાલીના પ્રસંગોએ તેમજ અન્ય આર્ય કામો તરફથી પણ શું કામ મદદો ન મળે અને શું ન થઇ શકે ? આમ થાય એ એક સ્વરાજ્ય શક્તિ પ્રાપ્તિ ગણાય, તેમજ લાયકાતની કસોટી ગણાય અમારો આ વિચાર અમને તદન સાધ્ય જણાય છે પછી કોઇને ગમે તેવો જણાય પરંતુ જ્ઞાતિના વિચારવાન સમર્થ પુરૂષો દીર્ધ દષ્ટિથી વિચાર કરશે તો તેઓ સારી રીતે સમજી શકશે કે એકત્રતા શું નથી કરી શકતી જો જ્ઞાતિ હિત સાધના માટે આગ્રહ ધરાવવામાં આવે તો વિરાટરૂપે એકત્ર હીલચાલ પૂર્વક બધું થઇ શકે તેમ છે. અને અન્ય સુધરેલી પ્રજાઓએ પણ પોતાની ઉન્નતિ એવીજ રીતે ઉદાર ભાવનાઓ તથા ઉદાર વર્ત્તન શીલ થઇ કરેલી છે એ પ્રત્યક્ષ છે માટે સુજ્ઞેષુ કિં બહુના ધારી

હું મારો આપણી "ગિરિનારાયણ બ્રાહ્મણ" જ્ઞાતિની ઉન્નતિ શી રીતે થાય? એ વિષયનાં દિગદર્શનરૂપ નિબંધની સમાપ્તિ કરૂં છું. આપ ભાઇઓ હંસ વૃત્તિથી ક્ષીરનીરની એકત્રતામાંથી માત્ર સાર રૂપનો સ્વીકાર કરી દોષ માટે ક્ષમા કરશો એવી આશા છે. અસ્તુ.

શાન્તિ. શાન્તિ. શાન્તિ.

શુદ્ધિપત્રક.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૮૫	૧૯	પોતાંમાં	પોતાંના
,,	૨૩	કાંઈ	કોઈ
,,	૩૨	સંગીત	સંગ્રહિત
૮૬	૩	પરિચિત	પરિમિત
,,	૮	પર	પરમ
,,	૧૭	પ્રકારની	પ્રકારનાં
,,	૨૨	પરિસ્થિતિ	પરિસ્થિતિ થતી
૮૭	૨૨	ગૌડે	ગૌડ
૮૮	૭	ઉત્તર	ઉત્તરમાંથી
,,	૨૭	શૂરતા	ક્ષુદ્રતા
૮૯	૮	પૂત ક	પૂર્વક
૯૨	૩૦	બધું.	બચ્યું.
૯૭	૧૨	વિવાદ	વિપદ
૧૦૧	૧૬	ઉપેક્ષાઓ	અપેક્ષાઓ
,,	૨૦	માગ માં	માર્ગમાં
૧૦૩	૧૦	ખાત્રીવાળો	ખામીવાલો
૧૦૪	૧૮	કુવ્યવ્હાર	વ્યવહારોના
,,	૨૬	કુ ફલ ફલે છે	કુ ફલ ફલે છે
૧૦૫	૨૨	દુઃખરૂપ	દુઃખરૂપ થઇ
૧૦૭	૩	કોષો	દોષો
૧૧૧	૮	બાધર	બધિર